THE GRAND BHAGWATI

HOTELS • BANQUETS • CONVENTIONS • CLUB

16th August, 2022

To,

**National Stock Exchange of India Limited**
Corporate Communication
Exchange Plaza,
Bandra- Kurla Complex,
Bandra (East), Mumbai- 400054
NSE CODE: TGBHOTELS

**BSE Limited**
Corporate Service Department
Floor 25, P J Towers
Dalal Street
Mumbai- 400001
SCRIP ID: BSE- 532845

Subject: Newspaper Publication of Unaudited Standalone Financial Results for the quarter ended 30th June, 2022

Dear Sir/Madam,

In compliance with Regulation 30 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find copies of newspaper advertisement given by the Company for the unaudited Standalone Financial Results for the quarter ended 30th June, 2022 in Financial express English edition newspaper and in Jay Hind newspaper Gujarati edition (Vernacular) newspaper dated 14th august 2022.

You are requested to take note of the same.

Thanking You,

For, TGB Banquets and Hotels Limited

Gaurav. J. Dixit 16/08/2022

Gaurav Dixit
Company Secretary

TGB Banquets and Hotels Limited L55100GJ1999PLC036830

Encl: as above

**TGB BANQUETS AND HOTELS LIMITED**
S.G. Road, Ahmedabad - 380054, Gujarat, India. Ph.: 079 26841000, Fax: 079 26840915
E-mail: info@tgbhotels.com Website: www.tgbhotels.com
CIN: L55100GJ1999PLC036830

ગુડ મોર્નિંગ

કામને સંપૂર્ણ ઈમાનદારી સાથે કરવાથી સંતોષ મળે છે

# જય હિંદ

પ્રકાશ ☆ પ્રગતિ ☆ પવિત્રતા

સ્થાપકઃ- બાબુભાઈ શાહ    તંત્રીઃ યશવંતભાઈ શાહ

આજનું હવામાન
અમદાવાદ:૩૨/૨૭°C
સૂર્યોદય :૦૬-૧૨
સૂર્યાસ્તઃ ૭-૧૮

website: www.jaihinddaily.com    પુસ્તક ૬૧ મું અંકઃ૧૯૯    સંવત ૨૦૭૮    શ્રાવણ વદ-૩ રવિવાર,    તા.૧૪-૮-૨૦૨૨    પાનાં ૧૬ કિંમત રૂા.૩.૫૦








ભારતમાતાઃ આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે હૈદ્રાબાદમાં કન્ટ્રી કલબ ખાતે દેશભક્તિના રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાગલેનાર કલાકારોએ ભારત માતાની વેશભૂષા સાથે દેશભક્તિના ગીતો પર નૃત્યો રજૂ કર્યા હતા. જ્યારે બીજી તસ્વીરમાં લેહ-લદાખમાં ભારતીય જવાનોએ તિરંગો લહેરાવી જુસ્સો વધાર્યો હતો. અંતિમ તસવીરમાં આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ધાર્મિક સ્થાન કેદારનાથમાં સ્થાનિકો અને યાત્રાળુઓ દ્વારા વિશાળ તિરંગો મંદિરના પ્રાંગણમાં દર્શાવવામાં આવ્યો તે પ્રસંગની તસવીર.

### લદાખથી લઈ કન્યાકુમારી અને કેરલથી લઈ કચ્છ સુધી ઉત્સવનો માહોલ

# ‘હર ઘર તિરંગા’ અભિયાનઃ ૨૦ કરોડ ઘરો પર રાષ્ટ્રધ્વજ લહેરાયો

નવીદિલ્હી,તા.૧૩

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીમાં આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન પર હર ઘર તિરંગા અભિયાનમાં દેશભરના લોકો જબરા ઉત્સાહથી જોડાયા હતાં જેથી સવારથી અનેક ઘર, ઓફિસો, ઈમારતોની બહાર તિરંગો લહેરાયો છે અને છેક લદાખમાં ચીન સાથેની સરરદથી લઈ કન્યાકુમારી અને કચ્છમાં વિશાળ રણથી લઈ અરુણાચલ પ્રદેશ સુધી ૨૦ કરોડથી વધુ તિરંગા અત્યાર સુધી લહેરાઈ ગયા છે. મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના ભાગરુપે દેશના લોકોને તેમના ઘરો પર તા.૧૩ થી ૧૫ ઓગસ્ટનાં તિરંગો લહેરાવવા અપીલ કરી હતી તથા દેશભરમાં એક સમાન તિરંગાનું વિતરણ પણ શરુ કરાયું હતું તથા ખાસ કરીને ગુજરાતમાં રાજ્ય સરકાર તેમજ વિવિધ સેવાભાવી સંગઠનો મારફત પણ રાષ્ટ્રધ્વજનું વિતરણ કરાયું હતું તથા તિરંગાયાત્રા યોજવામાં આવી હતી.

આજે સવારથી જ દેશભરના કરોડો ઘરોમાં તિરંગો લહેરાવા લાગ્યો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાના આવાસ પર તિરંગો ફરકાવીને અભિયાનમાં સામેલ થયા હતા. સરકારે હર ઘર તિરંગા અભિયાન માટે ફલેગ કોડમાં પણ ફેરફાર કર્યા છે. તથા લોકો રાત્રિના સમયે પણ તિરંગો લહેરાવી શકે તે છૂટ આપી હતી. આ ઉપરાંત પ્રથમ વખત પોલીએસ્ટરનો ઉપયોગ કરીને રાષ્ટ્રધ્વજ બનાવવાની છૂટ આપી હતી અને દેશભરમાં હર ઘર તિરંગા અભિયાન છેડવામાં આવ્યું હતું તથા લોકો તિરંગા સાથે સેલ્ફી લે, પોતાની ડીપીમાં તિરંગા મુકે સહિતના અભિયાન આજથી શરુ થતાં જ સ્વતંત્રતા દિનના સમયે દેશમાં તિરંગો છવાઈ જશે.

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સવારે ૮ વાગ્યે રાષ્ટ્રીય રાજધાનીમાં તેમના નિવાસસ્થાને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.અમિત શાહની સાથે તેમના પત્ની પણ હાજર રહ્યા હતા.નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પણ હર ઘર તિરંગા અભિયાનમાં જોડાઈ ગયો છે. આરએસએસે શનિવારે પોતાના કાર્યાલયમાં તિરંગો ફરકાવવાનો એક વીડિયો શેર કર્યો છે. તેમાં સંઘ પ્રમુખ મોહન ભાગવત તિરંગો ફરકાવી રહ્યાં છે. તેની સાથે લખ્યું છે, ’સ્વાધીનતા કા અમૃત મહોત્સવ મનાએં. હર ઘર તિરંગા ફહરાએં. રાષ્ટ્રીય સ્વાભિમાન જગાએ.’

**આઝાદી પર્વની ઉજવણી શરૂ કરાઈ : અમિત શાહે નિવાસ પર તિરંગો લહેરાવ્યો તો આરએસએસ કાર્યાલય ખાતે ભાગવતે લહેરાવ્યો**

આ પહેલા સંઘે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલમાં તિરંગાની ડીપી લગાવી હતી. આ સાથે મોહન ભાગવતે પોતાના પ્રોફાઈલનો ફોટો બદલી નાખ્યો છે અને તિરંગો લગાવ્યો છે. સંઘ નેતાઓએ હર ઘર તિરંગા અભિયાનમાં ભાગીદારીની અપીલ પણ કરી છે. સેલેબ્સ પણ તિરંગા અભિયાનના સમર્થનમાં સામે આવ્યા છે આમિર ખાને પણ પોતાના ઘરે તિરંગો લહેરાવ્યો છે.આમિર ખાનની એક તસવીર સોશિયલ મીડિયા પર સામે આવી છે. જેમાં આમિર ખાન તેની પુત્રી ઈરા ખાન સાથે તેની બાલ્કનીમાં ઉભો જોવા મળે છે. ખાસ વાત એ છે કે આ તસવીરમાં તેમની બાલ્કનીની રેલિંગ સાથે ભારતીય ત્રિરંગો બાંધેલો જોવા મળી રહ્યો છે. આ તસવીર વાયરલ થતાં જ કહેવામાં આવ્યું કે આમિર ખાન હર ઘર પર ત્રિરંગા અભિયાનને સમર્થન આપી રહ્યો છે. આ તસવીર સામે આવતા લોકો આમિરના વખાણ કરી રહ્યા છે. આ પહેલા ઘણા બોલિવૂડ સ્ટાર્સ પણ આ કેમ્પેનને સપોર્ટ કરતા જોવા મળ્યા હતાં અક્ષય કુમારે પોતાના ટ્વિટર પ્રોફાઈલ પર તિરંગાની તસવીર મુકતા લખ્યું હતું કે, ’આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી કરવાનો સમય આવી ગયો છે. ગર્વથી ઈહરઘર તિરંગા લહેરાવવાનો સમય આવી ગયો છે.

તેલુગુ સુપરસ્ટાર મહેશ બાબુએ પોતાના ટ્વિટર હેન્ડલ પર લખ્યું, ’અમારો ત્રિરંગો... અમારું ગૌરવ. ચાલો આપણે સંકલ્પ લઈએ કે ત્રિરંગાને હંમેશા ઊંચો રાખીશું ૧૩થી ૧૫ ઓગસ્ટ હર ઘર તિરંગા. આ સિવાય આર માધવન અને સુષ્મિતા સેન જેવા સ્ટાર્સ પણ આઝાદીના ૭૫ વર્ષના અમૃત મહોત્સવની ઉજવણી માટે દરેક ઘરમાં ત્રિરંગો ફરકાવવાના સમર્થનમાં જોવા મળ્યા હતા. ગુજરાતના રાજકોટમાં નાના મવા રોડ પર આવેલી ૨૨ માળની ઈમારત પર ગુજરાતનો સૌથી મોટો તિરંગો લહેરાવાયો છે. ૨૨ માળની ઈમારત પર ૨૫૦ ફૂટ ઊંચો તિરંગો ફરકાવાયો છે. આ તિરંગો હાલ રાજકોટવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે અને રાષ્ટ્રભક્તિની ભાવના પેદા થઈ હતી.

## લાલ કિલ્લા પરના સ્વતંત્ર દિન સમારોહમાં ૭૦૦૦ આમંત્રિતો હશે

નવીદિલ્હી, તા. ૧૩

સોમવારે દેશના સ્વતંત્ર દિનના પાટનગર દિલ્હીમાં યોજાનારા ધ્વજવંદનના કાર્યક્રમમાં ૭૦૦૦ આમંત્રિતોને સ્થાન અપાશે. દિલ્હી પોલીસના ખાસ સેલ દ્વારા ૧૦ હજાર જવાનોને લાલ કિલ્લા અને તેની આસપાસના ક્ષેત્રોની સુરક્ષાની જવાબદારી સોંપી દેવામાં આવી છે અને વડાપ્રધાનના સુરક્ષા વિભાગ દ્વારા લાલ કિલ્લાનો કબ્જો લેવાઈ ગયો છે અને હવે તા.

આ ઉપરાંત લાલ કિલ્લાની આસપાસના વિસ્તારોમાં પતંગ સહિતના કોઈપણ ફલાઈંગ ઓબ્જેકટ ઉડાડવા પર પ્રતિબંધ મુકી દેવાયો છે તથા અનેક વિસ્તારોમાં કાઈટ કેચર એટલે કે પતંગ ઝડપવા માટેની ટીમ તૈનાત થઈ ગઈ છે. ગઈકાલે જ દિલ્હીમાં જે રીતે ૨૨૦૦ જીવતા કારતુસો મળ્યા તે પછી સુરક્ષા વ્યવસ્થા વધારાઈ ગઈ છે. આ વિસ્તારમાં ૧૦૦૦ હાઈ ડેફીનેશન કેમેરા ગોઠવી દેવાયા છે અને તેના પર સતત મોનીટરીંગ કરવામાં આવશે.

દરમિયાન ઈન્ટેલિજન્સ બ્યૂરોએ દિલ્હીમાં આતંકી હુમલાને લઈને એક મોટું એલર્ટ આપ્યું છે. આઈબીએ દિલ્હી પોલીસને આપેલા એલર્ટમાં એવું જણાવાયું છે કે ૧૫ ઓગસ્ટે આતંકીઓ દિલ્હીમાં પતંગ વડે હુમલો કરી શકે છે માટે તમામ પ્રકારની પતંગો પર પ્રતિબંધ મૂકો. આઈબીનું એલર્ટ મળતા પોલીસ અને સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક થઈ છે અને તાબડતોબ કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે.

**૧૫ ઓગસ્ટે આતંકીઓ દિલ્હીમાં પતંગ વડે હુમલો કરી શકે છે તેવા આઈબીના એલર્ટ બાદ લાલ કિલ્લા આજુબાજુ પતંગ પર પ્રતિબંધ મૂકી દેવાયો**

હાલમાં જ પંજાબ અને અલગ અલગ રાજ્યોમાં ધરપકડ કરાયેલા આતંકીઓએ પૂછપરછમાં જણાવ્યું હતું કે, આતંકવાદી સંગઠનોએ ડ્રોન મારફતે ભારતમાં ઘણું બધું આઈઈડી મોકલ્યું છે. ગુપ્તચર એજન્સીના જણાવ્યા મુજબ ડ્રોન દ્વારા એકે-૪૭ સહિત હથિયારોને પાકિસ્તાનના રસ્તે ભારતમાં કેટલીક જગ્યાએ પહોંચાડવામાં આવ્યા છે. આ ઉપરાંત સુરક્ષા એજન્સીઓ દ્વારા લોન વુલ્ફ એટેકના ઈનપુટ પણ દિલ્હી પોલીસને આપવામાં આવ્યા છે. આઈબીના જણાવ્યા અનુસાર ભીડમાં કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકારનો હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં, સ્ક્રિનિંગ અને ચેકિંગ ખૂબ જ ચુસ્ત રહેવાનું કહેવામાં આવ્યું છે.

## સ્વાતંત્ર્ય દિવસ પ્રસંગે સરહદો પર કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો

નોઈડા,તા.૧૩

સ્વાતંત્ર્ય દિવસના પ્રસંગે સુરક્ષાને ધ્યાનમાં રાખીને યમુના પાર વિસ્તારમાં સુરક્ષાનો સઘન બંદોબસ્ત કરવામાં આવ્યો છે. રાજધાનીને યુપી અને નોઈડા સાથે જોડતી સરહદો પર પોલીસની ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને દરેક જગ્યાએ પોલીસ રાઉન્ડ લગાવીને અને મોબાઈલ પેટ્રોલિંગ દ્વારા વાહનોની તપાસની કાર્યવાહીમાં સતર્કતા રાખવામાં આવી રહી છે આ સાથે જ તહેવારના પ્રસંગે ભીડભાડ વાળી જગ્યાઓ અને બજારોમાં પણ પોલીસ કર્મીઓ અલગ અલગ જગ્યાએ તહેનાત છે.પંજાબ સરહદે પણ સુરક્ષા સઘન બનાવાઈ છે.

ઉત્તર પૂર્વી જિલ્લા પોલીસ

**આતંકી તત્વોને પહોચા વળવા માટે જિલ્લા પોલીસ સ્ટાફ સાથે ૬ વધારાની ફોર્સની તહેનાત**

નાયબ કમિશ્નરે જણાવ્યું કે સુરક્ષાની દ્રષ્ટિએ જિલ્લામાં આવનારી બધી સરહદો પર ખાસ કરીને ધ્યાન આપવામાં આવી રહ્યું છે જિલ્લામાં આતંકી તત્વોને પહોચા વળવા માટે જિલ્લા પોલીસ સ્ટાફ સાથે ૬ વધારાની ફોર્સની તહેનાતી કરવામાં આવી છે આ જિલ્લામાં આવનાર લોની બોર્ડર, ભોપુરા બોર્ડર અને સીમાપુરી બોર્ડર તેમજ શાહદરા અપ્સરા સહિત બધી બોર્ડરો પર પોલીસ પેટ્રોલિંગ ઉપરાંત પોલીસ પેટ્રોલિંગ પણ કરવામાં આવી રહ્યું છે બોર્ડરોની સુરક્ષાની સાથે સાથે મેટ્રો સ્ટેશનો અને શાહદરા સીલમપુરા નવીન શાહદરા ભજનપુરા સહિત અન્ય ક્ષેત્રોના બજારોમાં પોલીસની ખાસ નજર રાખવામાં આવી રહી છે.

### વ્હાઈટ હાઉસ છોડતા પૂર્વે ટ્રમ્પ રાષ્ટ્રીય સલામતી સામે પ્રશ્ન ઊભા થાય તેવા દસ્તાવેજો સાથે લઈ ગયા હતા

## ડોનાલ્ડ ટ્રમ્પ સામે જાસુસી ધારા હેઠળ અદાલતી કાર્યવાહી!

વોશિંગ્ટન, તા. ૧૩

અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે જાસુસી એકટ હેઠળ કાર્યવાહી થઇ શકે છે. તથા દેશના રાષ્ટ્રપતિ તરીકે સરકારી રેકોર્ડનું ગેરરીતિભર્યુ સંચાલન કરવા બદલ પણ કેસ થઇ શકે છે. આ સમાહે ટ્રમ્પના ફલોરીડા ખાતેના રીસોર્ટ પર એફબીઆઇએ દરોડા પાડયા હતા અને તેમાં જે દસ્તાવેજો હાથ ધર્યા છે તેમાં અનેક અમેરિકાના અણુશસ્ત્રો અંગેના તથા અન્ય સંવેદનશીલ



માહિતી છે. ટ્રમ્પે વ્હાઇટ હાઉસ છોડયું તે પૂર્વે આ દસ્તાવેજો તેમની સાથે લઇ ગયા હતા. રાષ્ટ્રીય સલામતી સામે તેઓએ ખતરો સર્જયો હોવાનો આરોપ મુકી શકાય છે. ગત સોમવારે દરોડા બાદ ટ્રમ્પના આવાસમાંથી ટોપ સિક્રેટ અને સેન્સેટીવ કમ્પાટમેન્ટેટ ઈન્ફોર્મેશન ધરાવતી ફાઇલો કબ્જે કરવામાં આવી હતી અને તેના પર તે વ્હાઇટ હાઉસમાંથી બહાર ન કાઢવા પણ લેબલ લાગેલુ હતુ

### અદિસ અબાબાથી આવતા મુસાફર પાસેથી

## ૧૦૦ કરોડનું હેરોઈન-કોકેઈન જપ્ત

ચેન્નાઈ, તા.૧૩

ચેન્નાઈ એરપોર્ટ પર કસ્ટમ વિભાગને મોટી સફળતા મળી છે. ઈથોપિયન એરલાઈન્સ દ્વારા અદીસ અબાબાથી આવતા એક મુસાફર પાસેથી ૯.૫૯૦ કિલો વજનનું હેરોઈન અને કોકેઈન જપ્ત કરવામાં આવ્યું છે. તેની કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે. એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઈયુ)ના અધિકારી અનિલ કુમારના ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે દરોડા પાડવામાં આવ્યા હતા.

ચેન્નાઈ એર કસ્ટમ્સ દ્વારા જાહેર કરાયેલા નિવેદન અનુસાર, ૧૧ ઓગસ્ટના રોજ ઈથોપિયન એરલાઈન્સ દ્વારા અદીસ અબાબાથી પહોંચેલા ભારતીય મુસાફર ઈકબાલ બી.ઉરંદાદીને એઆઈયુ અધિકારીઓએ રોક્યો હતો. તેમની પાસેથી ૯.૫૯૦ કિલો વજનનું હેરોઈન અને કોકેઈન જપ્ત કરવામાં આવ્યું હતું અને તેની કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા છે.

### ધરતીના નાભી સ્થળ મનાતા મધ્યપ્રદેશના પેટાળમાં ભૂગર્ભીય હલચલ

## ઉજ્જૈન નજીકના ગામોમાં અનેક વિસ્ફોટ સંભળાયા, ધરતીમાં કંપન

ઉજ્જૈન, તા.૧૩

ધરતીના નાભિ સ્થળ ગણાતા મધ્ય પ્રદેશના પમા સૌથી મોટા શહેર ઉજ્જૈનની ધરતીના પેટાળમાં શુક્રવારના રોજ ભારે મોટી ભૂગર્ભીય હલચલ જોવા મળી હતી. મહાકાલની ધરતી ઉજ્જૈનના મહિદપુર પ્રાંતમાં આવેલા જગોટી અને બાગલી ગામમાં સવારથી સાંજ સુધીમાં અનેક વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા અને ધરતીમાં કંપન અનુભવાયું હતું. ભૂકંપ જેવા આંચકાઓના કારણે અનેક ઘરોમાં તિરાડ પડી ગઈ હતી અને વાસણો નીચે પડી ગયા હતા. આ કારણે ડરી ગયેલા લોકો આખો દિવસ ઘરની બહાર જ રહ્યા હતા અને બહાર

**ભૂકંપ જેવા આંચકાઓના કારણે અનેક ઘરોમાં તિરાડ પડી ગઈ હતી**

લોકોની ભારે ભીડ જામી હતી. આસપાસના બરખેડી બજાર, બેલાખેડા, કાનાખેડી, હરવંશ ગામના લોકોએ પણ ધમાકાના અવાજો સાંભળ્યા હતા અને કંપનનો અનુભવ કર્યો હતો. વિસ્ફોટો અંગેની જાણ થયા બાદ એસડીએમ સહિતના તમામ ટોચના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તપાસ હાથ ધરી હતી. બંને ગામમાં સવારથી સાંજ સુધીમાં ૮ જેટલા ધમાકા થયા હતા અને બ્લાસ્ટના કારણે આજુબાજુના મકાનો-દુકાનોમાં કંપન અનુભવાયું હતું. અનેક ઘરોમાં સીડી અને મકાનની દીવાલ વચ્ચે એક ઈંચ જેટલું પોલાણ પણ થઈ ગયું હતું.

### આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશને આઝાદી મળી એ દરમિયાન માહોલ હતો એવો

# દેશના તમામ ગામડાંઓ, શહેર, જિલ્લા અને તાલુકાઓમાં આજે જોવા મળી રહ્યો છે:સંઘવી

અમદાવાદ,તા.૧૩

શહેરના રાજસ્થાન હિન્દી હાઈસ્કૂલના નવનિર્મિત ભવનમાં આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા' યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આજે રાજસ્થાન સેવા સમિતિ સંચાલિત રાજસ્થાન હાઈસ્કૂલના નવનિર્મિત ભવન પર સ્થાયી રૂપથી જે તિરંગો લહેરાવવામાં આવ્યો છે એ ૧૩થી ૧૫ ઓગસ્ટ સુધી જ નહીં પણ ૩૬૫ દિવસ સ્કૂલના ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને દેશભક્તિની પ્રેરણા આપશે.

## દરેક સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે એક કલાકના વધારાના સેશનનું આયોજન કરી તેમાં વિદ્યાર્થીઓને આઝાદી આંદોલનના શહીદવીરોની વાત કહેવી જોઈએ

તેમણે ઉમેર્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીની ૭૫ વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે દેશવાસીઓને એક થઈને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાનમાં સહભાગી થઈને તિરંગો લહેરાવાનું આહ્વાન કર્યું હતું. આજે કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધીની તમામ જગ્યાઓ પર શાનથી તિરંગો લહેરાઈ રહ્યો છે.

સંઘવીએ નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશને આઝાદી મળી એ દરમિયાન જે માહોલ હતો એ આજે દેશના તમામ ગામડાઓ, શહેર, જિલ્લા અને તાલુકાઓમાં જોવા મળી રહ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, નવા ભારતના સંકલ્પને સાકાર કરવા માતમ સમાજ અને વર્ગોનો સાથ લઈને કરવા માટેની આજ સુધીની સૌથી મોટી ઝુંબેશ છે અને દેશના તમામ નાગરિકો આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે.



વડાપ્રધાન દ્વારા જે ઝુંબેશ ઉપાડવામાં આવી છે એ કોઈ નાની-મોટી ઝુંબેશ નથી પણ દેશના ઈતિહાસની દેશને એક

આજે સવારથી જ હું ગુજરાતના વિવિધ જિલ્લાઓ, શહેરો અને ગામડાઓનો માહોલ જોઈ રહ્યો છું કે, તમામ સમાજના લોકો એક થઈને આઝાદીના અમૃત મહોત્સવ હેઠળ શરૂ થયેલા 'હર ઘર તિરંગા' અભિયાનની ઉજવણી કરી રહ્યા છે, જેનાથી આજે તમામ સમાજને એક થવાનો અવસર મળ્યો છે જે આપણા સૌમાટે ગૌરવની વાત છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આપણે જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યા છીએ ત્યારે દરેક સ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે એક કલાકના વધારાના સેશનનું આયોજન કરવામાં આવે અને એમાં વિદ્યાર્થીઓને આઝાદી આંદોલનમાં થયેલા શહીદ વીરોની વાત કહેવામાં આવે જેથી વિદ્યાર્થીઓ આઝાદીના ઈતિહાસને વધુ નજીકથી જાણી શકે એમ તેમણે જણાવ્યું હતું.



સરકાર દ્વારા હર ઘર તિરંગા અનુલક્ષીને દાણાપીઠ પાસેની અંજુમન ઈસ્લામિક સ્કૂલને તિરંગાથી સજાવી.***

### અમદાવાદની અંજુમને ઈસ્લામ સ્કૂલને તિરંગાથી શણગારાઈ

અમદાવાદ,તા.૧૩

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૩-૮-૨૨ના રોજ 'હર ઘર તિરંગા' કાર્યક્રમ હેઠળ અંજુમને ઈસ્લામ અમદાવાદ ટ્રસ્ટ સંચાલિત અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ આસ્ટોડિયા ખાતેની બિલ્ડીંગને રાષ્ટ્ર ધ્વજના તિરંગાથી શણગારવામાં આવી હતી. જેમાં શાળાના ૭૦૦થી વધુ બાળકોએ ભાગલીધો હતો. આ શાળાના ટ્રસ્ટી મંડળના પ્રમુખ મોહંમદ હબીબ એ. નરમાવાલા, સેક્રેટરી મોહંમદ શરીફ જી. વડનગરવાલા તથા કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

# ભારત દેશનો સ્વતંત્ર દિન આત્માની ખૂલે દિલે ઉજવાવો જોઈએ

વિશ્વના દરેક દેશો પાસે પોતાનો ઈતિહાસ છે.પોતાની સંસ્કૃતિ છે. પોતાની વિશેષ પરંપરાઓ છે.ભારત પણ આત્મ- સાક્ષાત્કાર કરનારા. સમસ્ત વિશ્વનું જ્ઞાન ધરાવનાર તીર્થંકરો-પ્રબુધ્ધ મહાત્માઓ- સિધ્ધપુરુષોનું પૂજનીય સ્થાન છે.અનેક ધર્મો અનેક શાસ્ત્રો- અનેક સિધ્ધાંતો- પાર વિનાની પરંપરાઓ ભારત દેશમાં છે. તે છતાંય માનવ માનવની વચ્ચે સ્નેહની શૃંખલા જળવાઈ રહી છે.માત્ર માનવ-માનવની વચ્ચે જ છે. તેવું નહીં, પણ માનવ અને પશુ-પક્ષીઓની વચ્ચે પણ લાગણીના સેતુઓ છે. આ ભારતીય જે પણ ધર્મોએ અહીં પ્રવેશકરી પોતાની સંસ્કૃતિ અને ધર્મ ભારતીય પ્રજા ઉપર ઠોકી નાખવાના પ્રયત્નો કર્યા છે.પ્રજાનું શોષણ અને મારણ પણ કર્યું છે. છતાંય ભારતીય સંસ્કૃતિએ તેમણે સ્વીકૃતિ આપી છે.જો આ ભારતીય ધર્મો અને સંસ્કૃતિ ભારતીય ઔદાર્યધારામાં ભળી ગયા હોત તો, તેઓ વર્તમાનમાં જે સ્થિતિમાં છે. તેના કરતાં ય વધારે ઉચ્ચ સ્થિતિમાં રહ્યા હોત હજીપણ તેઓ આ સત્યને સહર્ષ સ્વીકારે એ અતિ આવશ્યક છે.આમ 'ભારત એ મહાન ભારત દેશ છે.'

'ભા' એટલે 'પ્રકાશ' પ્રકાશ એટલે જ્ઞાન. અને ભા+રત- એમાં રત એટલે મસ્ત. જે દેશ પ્રકાશની શોધમાં હંમેશા આગેકુચ કરી રહ્યો હોય છે તે દેશ જ ભારત છે.

### 'ભા' એટલે 'પ્રકાશ' પ્રકાશ એટલે જ્ઞાન. અને ભા+રત-એમાં રત એટલે મસ્ત

આ મહાન ભારત દેશનો ૧૫ મી ઓગસ્ટ 'સ્વતંત્ર દિન' છે.આનંદનો વિષય છે.પણ ચિંતનનો વિષય છે. કે સંપૂર્ણ દેશ કોઈનો ગુલામ દેશ કેવી રીતે રહ્યો ?

લોકોએ ભારતની અસ્મિતાનો ખ્યાલ ન કર્યો.આજે આઝાદીને ૭૫ વર્ષ થવા આવ્યા છતાં ભારતીયોનું જેટલું સમૂહ આત્મદર્શન થવું જોઈએ એટલું થયું નથી. ભારત રાષ્ટ્ર તો સંસ્કારનું રાષ્ટ્ર, સહનશીલતાનું રાષ્ટ્ર છે.અનાક્રમણતા ભારતની વિશેષતા છે માટે જ દરેક ધર્મોની જનની સમા ભારત દેશનો સ્વતંત્ર દિન આત્માની ખૂલે દિલે ઉજવાવો જોઈએ.

આ નિમિત્તે નરેન્દ્રભાઈ મોદીએ સંપૂર્ણ દેશનો અભૂતપૂર્વ સંદેશ આપ્યો કે ઘર ઘર તિરંગા બસ, ૧૪ મી ઓગસ્ટની મધ્યરાત્રિએ ઘર ઘર ધ્વજવંદન હોય તો ધર્મનો જયજયકાર થાય.આ પ્રસંગને અનુલક્ષીને એક વિશિષ્ટ કાર્યક્રમ તપાગચ્છાધિપતિ પૂ.આ.દેવ. મનોહરકીર્તિ સાગર સૂ.મ.સા. તથા ધર્મ ચૈતન્યના સ્વામી ગચ્છાધિપતિ પૂ.આ દેવ શ્રીમદ્દ વિજય રાજયશસૂરિશ્વરજી મ.સા.આદિ. શ્રમણ-શ્રમણી વૃંદની નિશ્રામાં તા.૧૫-૮-૨૨ સોમવાર, શ્રા.વ.૪ ના માણેકબાગમાં ભવ્ય-વિશાળ હોલમાં સવારે ૯-૩૦ વાગે શ્રી આંબાવાડી જૈન સંઘ દ્વારા આયોજિત કરવામાં આવેલ છે.

# ઊર્જાથી થનગનતા યુવાનોને શિક્ષણ પહોંચાડવા સરકાર કટિબધ્ધ:મુખ્યમંત્રી

ગાંધીનગર,તા.૧૩

ગુજરાત રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના સુરત, ભાવનગર, ભૂજ અને પાલનપુરનાં પ્રાદેશિક કેન્દ્રોના ભવનો માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું આ પ્રસંગે મુખ્યમંત્રીએ તાજેતરમાં ડો. બાબાસાહેબ આંબેકર ઓપન યુનિ.ને એનએએસીમાં એ++ રેન્ક બદલ જણાવ્યું હતું કે, રાજ્ય માટે આ ગૌરવપૂર્ણ સિધ્ધિ છે. શિક્ષણે લોકો સુધી પહોંચવું જોઈએ. એવા સ્વામી વિવેકાનંદના વિચારને બીએઓજી ચરિતાર્થ કરી રહી છે અને રાજ્યના ઘરે ઘરે જ્ઞાનની ગંગા પહોંચાડી રહી છે. એવું તેમણે ઉમેર્યું હતું.

## વડાપપ્રધાનના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતમાં યુનિવર્સિટીની સંખ્યા ૧૧થી વધીને ૧૦૨ પહોંચી છે

મુખ્યમંત્રી બીએઓયુ દ્વારા છેવાડેના લોકો, મહિલાઓ, દિવ્યાંગો તથા ખાસ કરીને ટ્રાન્સજેન્કરને શિક્ષિત કરવાના પ્રયાસોને બિરદાવતા જણાવ્યું હતું કે, યુનિ.એ સમય સાથે ચાલીને દ્રોણાચાર્ય સેન્ટર કે એકલવ્ય પોર્ટલ થકી રાજ્યના લોકોને ઘરે બેઠા બેઠા જ્ઞાનની ગંગામાં ડૂબકી મારવાની તક પૂરી પાડી રહી છે.

'હર ઘર તિરંગા' અભિયાનમાં સૌને સરભાગી થવા સાથે મુખ્યમંત્રીએ આઝાદીના અમૃત કાળને કર્તવ્ય કાળમાં પરિવર્તિત કરવા આહ્વાન આપ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ને બિરદાવતા જણાવ્યું હતું કે, રાજ્યની કોઈ યુનિ. રેટિંગ અને રેન્કિંગમાં પાછળન રહે એ માટે મુખ્યમંત્રીના હસ્તે ગરમા સેલ સ્થપાયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના સકારાત્મક અભિગમ, સતત સહયોગ અને માર્ગદર્શન હેઠળ શિક્ષણ ક્ષેત્રે અનેક આયામો સિધ્ધ થઈ શક્યા છે. શિક્ષણ મંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકે શિક્ષણ ક્ષેત્ર પર ખૂબ ફોકસ કર્યું હતું. જેને પરિણામે ગુજરાત એજ્યુકેશન હબ બની ગયું છે અને આવનારા સમયમાં ગુજરાત શિક્ષણ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં ચમકી ઊઠશે. એવી આશા છે.

આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાયે સૌનું સ્વાગત કરવા સાથે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના સતત સહયોગ અને માર્ગદર્શન થકી બીએઓયુને એ++ ગ્રેડ પ્રાપ્ત થઈ શક્યો છે. એ બદલ સમગ્ર યુનિ. મુખ્યમંત્રી અને ગુજરાત સરકારની આભારી છે.

આ પ્રસંગે ભારતીય શિક્ષા મંડળ- યુવા આયામ અને રિસર્ચ ફોર રિસર્જન્સ ફાઉન્ડેશન દ્વારા આયોજિત સુભાષ- સ્વરાજ- સરકાર સંશોધન પેપર લેખન સ્પર્ધાનું પોસ્ટર મુખ્યમંત્રીના હસ્તે રિલીઝ કરવામાં આવ્યું હતું.

આ ભૂમિપૂજન સમારંભમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ એસ.જે. હૈદર, ઉચ્ચ શિક્ષણના કમિશનર, એમ. નાગરાજન ઉપરાંત સ્પોર્ટ્સ યુનિ. વગેરેના કુલપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી


# નિતીન પટેલને ગાયે અડફેટે લેતા થઈ ઈજા

મહેસાણા,તા.૧૩

ગુજરાતના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલને ગાયે અડફેટે લીધા છે. કડીમાં તિરંગા રેલી દરમ્યાન આ ઘટના બની હતી. કરણપુર શાક માર્કેટ નજીક નીતિ પટેલને રખડતી ગાયે અડફેટે લીધા હતા. જેમાં નીતિન પટેલને ઢીંચણના ભાગે ઈજા પહોંચી છે.

જાણવા માળતી માહિતી મુજબ આ હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા નીતિન પટેલને તાત્કાલિક સારવાર અર્થે કડીની ભાગ્યોદય હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર લીધા બાદ તેઓ અમદાવાદ તેમના નિવાસસ્થાને ગયા હતા. અગાઉ પણ કડીમાં શાળાએ જતા વિદ્યાર્થીને ઢોરે અડફેટે લેતા તેને ઈજાઓ થઈ હતી. ઉત્તર ગુજરાત હોય કે, સૌરાષ્ટ્ર તમામ જગ્યાએ ઢોરનો ત્રાસ જોવા મળે છે.

### અમૃત બિંદુ



શ્રી સ્વામિનારાયણ મંદિર - કુમકુમ

ગમે તેમ કરીને ડોકટરો બદલીને ઘણા પ્રકારની દવા બદલીને, ગમે તેટલા પૈસા ખર્ચવા પડે તો ખર્ચીને પણ આપણે ક્યારેય રોગ સાથે જો સમાધાન નથી જ કરતા. નિષ્ફળતા સાથે આપણે જો 'ભલે મળી' એવો અભિગમ નથી જ અપનાવતા તો પછી દોષો સાથે આપણે સમાધાન કેમ કરી રહ્યા છીએ ? દોષો ઉપર હંમેશા વિજય મેળવવા પ્રયત્નો કરો... તો જ આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધી શકશો અને શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વોત્તમ સુખને પામી શકશો.





દિલ્હી પબ્લિક સ્કૂલ- બોપલ, અમદાવાદના યુવા વિદ્યાર્થીઓએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીની કેન્દ્ર સરકારની પહેલે સમર્થન આપવા હાથ મિલાવ્યા હતા અને ૨૦૦૦થી વધુ જુનિયર સ્કૂલના વિદ્યાર્થીઓએ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ માટે આદર અને કૃતજ્ઞતાના ચિહ્ન તરીકે અને ભારતમાં રાષ્ટ્રવાદને જગાડવાના સરકારના વિઝનને પ્રોત્સાહન આપવા માટે ગર્વથી માનવ સાંકળ બનાવી હતી. સખત મહેનત પરિણમ્યુ હતું.



# આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ,તા.૧૩

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૧૨ ઓગસ્ટે, વોલેંટિયર ઓફિસર્સ ઓફ સિવિલ ડિફેન્સ- વિમેન વિંગ, હોમગાર્ડ ભવન (ગુજરાત), લાલ દરવાજા, અમદાવાદ ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ તથા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક

### સંખ્યાબંધ બહેનોએ કાર્યક્રમનો લાભ લીધો

આર.એમ. પટેલ, બહેનોમાં રોલ મોડેલ એવા આશીર્વાદ ફાઉન્ડેશનના ટ્રસ્ટી હિનાબેન જરીવાલા, ડો. બીનાબેન પટેલ, એ.એ. શેખ ડીવાએસપી તથા જયેશભાઈ વેગડાના સહયોગથી લાભાર્થીઓ માટે કિન્નરી ભટ્ટ તથા ટીમ દ્વારા સ્તન કેન્સર જાગૃતિ તથા ટીમ દ્વારા સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્તનના સ્વ-પરીક્ષણ દ્વારા ૫ મહત્વના પગલાં દ્વારા કોઈ નાની ગાંઠ, લાલ ચકામા, કે ખીલ, ફોલ્લી અથવા નિપલમાંથી પ્રવાહી જરતું હોય તો આ ચિન્હો દેખાય તો ડોકટરી તપાસ કે મેમોગ્રાઉફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે થતું સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે. કેન્સરની આ બિમારી કોઈપણ જાતના દર્દ વિના થતી હોવાથી દર વર્ષે તેનું નિદાન કરાવવાથી વહેલા તબક્કે રોગનું નિદાન થાય તો તેનો ઈલાજ થઈ શકે છે.

આ માહિતીથી મોટાભાગની બહેનો તથા ભાઈઓ અજાણ હોવાથી તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી. આ સમસ્યાઓ સમજવા માટે આ લાભ તેમને અગાઉ ક્યારેય મળ્યો ના હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સૌએ પ્રશંસા કરી હતી.

### કુમકુમ મંદિર દ્વારા 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી



અમદાવાદ,તા.૧૩

શ્રી સ્વામિનારાયણ મંદિર કુમકુમ મણિનગર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કુમકુમ મંદિરના સાધુ પ્રેમ વત્સલ દાસજીએ જણાવ્યું હતું કે, ૨૧ ફૂટનો ત્રિરંગો ભગવાનને ધરાવીને મંદિરને શણગારવામાં આવ્યું હતું. આ સિવાય પણ ત્રિરંગા દ્વારા કુમકુમ મંદિરને અંદર અને ચારે તરફ સુશોભિત કરવામાં આવ્યું છે.

### આપ'ની સરકાર બનશે તો રાશન મેળવનારાના

# ઘેર રાશન પહોંચાડશે:ગઢવી

અમદાવાદ,તા.૧૩

શહેરના નરોડા વિધાનસભાના 'આપ'ના ઉમેદવાર ઓમપ્રકાશ તિવારીના નેતૃત્વમાં જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવા જોડાયેલા ૨૬૨ કાર્યકરોના સન્માનમાં આ જનસભાનું આયોજન કરાયું હતું.

તે પ્રસંગે પાર્ટીના રાષ્ટ્રિય સંયુક્ત મહામંત્રી ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, જો આમ આદમી પાર્ટીની સરકાર બનશે તો ૩ મહિના પછી તમારું રૂ.૪૩૦૦નું વીજળીનું બિલ શૂન્ય પર આવવાનું શરૂ થશે. 'આપ'ની સરકાર બનશે તો સરકાર તરફથી રાશન મેળવનારાને રાશન લેવા માટે જવું નહીં પડે તેવી વ્યવસ્થા કરવામાં આવશે કે, સરકાર તમારા ઘેર રાશન પહોંચાડશે. જાતિ પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર જેવા કોઈ દસ્તાવેજોની જરૂર હોય તો તેના માટે આવી વ્યવસ્થા કરવામાં આવશે. ફોન કરશો અને સરકારી અધિકારી તમને તમારા દસ્તાવેજો આપી જશે. હવે 'આપ'ને જીતાડવાની જવાબદારી લોકોની છે.



# સાયન્સ સીટીમાં ડો. વિક્રમ સારાભાઈ જન્મજયંતીની ઉજવણી

અમદાવાદ,તા.૧૩

ઈસરો-સેક ગુજકોસ્ટ અને સાયન્સ સિટી દ્વારા દેશના મહાન વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઈની ૧૦૩મી જન્મજયંતિ નિમિત્તે આજે ગુજરાત સાયન્સ સિટી ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડો. વિક્રમ સારાભાઈનું ભારતીય અવકાશ વિજ્ઞાનમાં યોગદાન અને ભારતની અવકાશ ક્ષેત્રમાં સિધ્ધિઓ વિષે વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન રસિકો જોડાયા હતા. આ કાર્યક્રમમાં ઈસરો-સેક અંતર્ગત વેદાસ વેબના સિનિયર સાયન્ટિસ્ટ અને હેડ હિરેન ભટ્ટે પ્રેઝન્ટેશન દ્વારા ડો. વિક્રમ સારાભાઈ વિશે તથા ભારતીય અવકાશ વિજ્ઞાન વિશે સરપ્રદ માહિતી આપી હતી. ઉપરાંત ભુવનેશ્વરથી નેનો સાયન્સ એન્ડ નેનો ટેક્નોલોજીના ડાયરેક્ટર શીશા 'ઓ' અનુસંધાન, ડાયરેકટર મટીરીયલ કેમેસ્ટ્રી સાયન્ટિસ્ટ ડો. કે.એમ. પરિડા, પણ ઉજવણીમાં હાજર હતા. ડો. ભટ્ટે ડો. સારાભાનિ અવતરણ 'જે ઘોંઘાટની વચ્ચે સંગીત સાંભળી શકે છે તે મહાન વસ્તુઓ પ્રાપ્ત કરી શકે છે.

### આઈકેડી આરસી ટ્રાન્સપ્લાન્ટ શરૂ કરશે

# ગર્ભાશયનું પ્રત્યારોપણ મહિલાઓ માટે આશાનું કિરણ બનશે

અમદાવાદ તા.૧૩

દેશમાં સ્ત્રી પ્રજનનના આરોગ્ય સેવામાં નવી સીમાઓ ખોલતા ઈન્સ્ટિટયુટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) એ એબ્સ્યુલુટ યુટ્રીન ફેકટર ઈન્ફર્ટિલીટી સ્થિતિની સારવાર માટે ગર્ભાશય પ્રત્યારોપણ પ્રકીયાની જાહેરાત કરી છે.

આ સાથે આઈકેડીઆરસી ભારતની પ્રથમ જાહેર ક્ષેત્રની આરોગ્ય સંભાળ સુવિધા બની છે.જે ગર્ભાશય ટ્રાન્સપ્લાન્ટ ઓફર કરે છે.ગર્ભધારણ કરવામાં અસમર્થ સેંકડો મહિલાઓ માટે આશાનું કિરણ બની રહેશે.

આઈકેડીઆરસી આઈડીએસના ડિરેકટર ડો.વિનીત મિશ્રાએ જણાવ્યું આઈકેડીઆરસી કિડની હોસ્પિટલ ખાતે ગર્ભાશય પ્રત્યારોપણ એ સ્ત્રીઓ માટે એક વરદાન રૂપે આવ્યું છે. ગર્ભાશયના દાતાઓ, આદર્શન રીતે, તંદુરસ્ત ગર્ભાશય સાથે ૩૦-૪૦ વર્ષની વય જુથના હોવા જોઈએ.

On Behalf of Jaihind Publication: Yashwant Narottamdas Shah - Publisher, Printer, Editor
• Place of Publication : Jaihind Press Building, Ashram Road, Navrangpura, Ahmedabad-380009
Phone: 079-26587052/53
• Email Address: info@jaihinddaily.com
@jaihinddaily @jaihinddaily

## વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા હાઉસિંગ ક્ષેત્રે રેરાનો કાયદો બેંક લોન અને સાત વર્ષોમાં લેવાયેલા નિર્ણયોને પરિણામે

# ગરીબ અને મધ્યમવર્ગના લોકોમાં ઘરનું ઘર માટે વિશ્વાસના વાતાવરણનું સર્જન થયું




દેશ-દુનિયામાં શહેરમાં વસનારો હોય કે ગ્રામીણ વિસ્તારનો રહેનાર હોય દરેક વ્યક્તિના જીવનની ત્રણ પાયાની મુખ્ય જરૂરિયાત હોય છે-રોટી, કપડા અને મકાન. સર્વગ્રાહી વિકાસને પરિણામે ગુજરાતમાં ઉદ્યોગ, વેપાર, ધંધા-અર્થ દેશના અનેક પ્રદેશના લોકો આવીને વસ્યા છે. આવા લોકોને આજિવીકા તો મળી રહે છે, પરંતુ મકાન અને તે પણ પોતાની માલિકીનું મકાન હોવું તે સપનું સાકાર થવું બહુ કપરૂં કે અઘરૂ હોય છે. આજના આ મોંઘવારીના યુગમાં ઓછી આવક ધરાવતા પરિવારો માટે પોતાનું ઘર બનાવવું, એક સ્વપ્ન સમાન હોય છે.

પોતાના જીવનની મોટાભાગની કમાણીની બચત કરીને અથવા તો લોન લઇને પોતાનું ઘર બનાવવા સામાન્ય માનવી તનતોડ મહેનત કરતો હોય છે. પોતાનું ઘર હોવું એ ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એક ગેરન્ટીરૂપ હોય છે. કપરાકાળમાં પોતાનું ઘર હોવું એ ધરતીનો છેડો ઘર એવા સુખનો અહેસાસ કરાવે છે.

દેશના સૌથી વધુ લોકપ્રિય અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોને પોતાનું ઘર મળે, તે માટે હાઉસિંગ સેક્ટરમાં ઘણા બધાં ફેરફાર કર્યાં છે. સૌને માટે આવાસની નેમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના તેમની પ્રેરણાથી શરૂ થઇ છે. તેઓ મકાન ખરીદનારાના હિતમાં રેરાનો કાયદો લાવ્યા, બેન્કિંગ ક્ષેત્ર દ્વારા ઘરની લોન સરળ કરવામાં આવી અને ગત સાત વર્ષોમાં લેવાયેલા નિર્ણયોને પરિણામે આજે ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એવા વિશ્વાસના વાતાવરણ સર્જન થયું છે કે અમારી પોતાની માલિકીનું ઘર જરૂર બનશે. તેમણે ગરીબોને પોતાનું ઘર મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરી છે. ઘરના બાંધકામ અને મળતી સુવિધાઓમાં ફેરફરો કર્યા છે. રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર ભાઇ પટેલ ગુજરાત રાજયના જરૂરીયાતમંદ લોકોને આવાસ મળી રહે તે માટે મક્કમતાથી આ યોજનાને આગળ વધારી રહ્યા છે.

અફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ ઘટક હેઠળ રૂ.૩ લાખની વાર્ષિક આવક ધરાવતા ઘરવિહોણા પરિવારોને આવાસ બનાવવા માટે સરકાર તરફથી રૂ.૩ લાખની આર્થિક સહાય (કેન્દ્ર સરકાર તરફથી રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર તરફથી રૂ.૧.૫૦ લાખ) આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત ૧ લાખથી વધુ આવાસોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

ઇન-સીટુ સ્લમ રી-ડેવલપમેન્ટ હેઠળ શહેરી વિસ્તારોમાં સરકારી જમીનો પર આવેલ ઝૂંપડાવાસીઓને તે જ જગ્યા પર સુવિધાસભર આવાસો વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ઘટક હેઠળ ૧૫ હજાર આવાસોની કામગીરી પૂર્ણ થઈ છે.

બેનીફીસીયરી લેન કંસ્ટ્રકશન હેઠળ શહેરી વિસ્તારોમાં પોતાની માલિકીની જમીન કે કાચા મકાન ધરાવતા હોય સાથે જ રૂ. ૩.૦૦ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારોને આવાસના બાંધકામ માટે રૂ.૩.૫૦લાખની આર્થિક સહાય (કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૧.૫૦ લાખ અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૨ લાખ) આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત ૫૩ હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

ક્રેડિટ લિંક સબસિડી ઘટક (કેન્દ્રીય ક્ષેત્રીય ઘટક) હેઠળ શહેરી વિસ્તારોમાં ૬૦ ચો.મી સુધીના પ્રથમ આવાસ માટે લીધેલી લોન પર રૂ.૨.૬૭ લાખ સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે. આ ઘટક અંતર્ગત કુલ ૪.૪૫ લાખથી વધારે લાભાર્થીઓને રૂ.૧૦,૨૦૦ કરોડની વ્યાજ સહાયનો લાભ આપવામાં આવ્યો છે. આ ઘટક હેઠળ અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમાંકે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી યોજનામાં ગુજરાત દેશમાં અગ્રેસર છે કુલ ૭.૬૪ લાખ આવાસોના લક્ષ્યાંક સામે કુલ ૮.૬૧ લાખ આવાસો મંજૂર થયા છે. જે પૈકી ૬.૨૪ લાખ જેટલા આવાસોના બાંધકામ પૂર્ણ થયા છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પાત્રતા ધરાવતા ઘરવિહોણા પરિવારો અથવા તો કાચા આવાસ ધરાવતા લોકોને નવા આવાસના બાંધકામ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ અત્યારસુધીમાં ૩,૫૦,૯૯૮ આવાસોના બાંધકામની કામગીરી પૂર્ણ થઈ છે. પ્રત્યેક લાભાર્થી પરિવારને આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦ની નાણાકીય સહાય ત્રણ તબક્કામાં તેમના ખાતામાં સીધા જ ટ્રાન્સફર કરવામાં આવે છે.

આ સાથે જ, ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને મનરેગા યોજના હેઠળ રોજગારી પેટે રૂ.૨૧,૫૧૦ની આર્થિક સહાય અને સ્વચ્છ ભારત મિશન હેઠળ પોતાના આવાસમાં શૌચાલયના બાંધકામ માટે રૂ.૧૨,૦૦૦ની આર્થિક સહાય પણ આપવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન મહિલા લાભાર્થીઓને ધ્યાનમાં રાખીને આવાસની સાથે-સાથે શૌચાલયના બાંધકામ માટે પ્રતિ લાભાર્થી રૂ.૫૦૦૦ની વધારાની સહાય આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો હતો, જે હેઠળ ૯૦૦૦ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં રાજયના ડાંગ જિલ્લાને અને ૨૦૧૯-૨૦માં પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાને બેસ્ટ પર્ફોર્મન્સ ઇન ઇમ્પ્લીમેન્ટેશન ઓફ પીએમએવાય (રૂરલ) અંતર્ગત અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે એવોર્ડ આપવામાં આવ્યો હતો.

દેશના સન્માનીય અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રેરક માર્ગદર્શન અને ભારત સરકારના સહયોગથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આજે ગરીબોને સપનાનું ઘર આપી રહી છે. આ ઘર આપવાની પદ્ધતિ સંપૂર્ણ પારદર્શી છે. ડ્રો ના માધ્યમથી લાભાર્થી નક્કી થાય છે. આ લાભાર્થીને મળનારી તમામ સબસિડી તેમના ખાતામાં ડીબીટી(ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર)ના માધ્યમથી જમા થાય છે. રાજયના જરૂરીયાતમંદ લોકોને સારૂ જીવન ધોરણ પૂરૂ પાડવાની દિશામાં ગુજરાત સરકાર મક્કમ છે.



**દેશના સૌથી વધુ લોકપ્રિય અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબોને પોતાનું ઘર મળે, તે માટે હાઉસિંગ સેક્ટરમાં ઘણા બધાં ફેરફાર કર્યા છે. સૌને માટે આવાસની નેમ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના તેમની પ્રેરણાથી શરૂ થઈ છે. તેઓ મકાન ખરીદનારાના હિતમાં રેરાનો કાયદો લાવ્યા, બેન્કિંગ ક્ષેત્ર દ્વારા ઘરની લોન સરળ કરવામાં આવી અને ગત સાત વર્ષોમાં લેવાયેલા નિર્ણયોને પરિણામે આજે ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે એવા વિશ્વાસના વાતાવરણ સર્જન થયું છે કે અમારી પોતાની માલિકીનું ઘર જરૂર બનશે. તેમણે ગરીબોને પોતાનું ઘર મળે તે માટે પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરી છે.**



**પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં પાત્રતા ધરાવતા ઘરવિહોણા પરિવારો અથવા તો કાચા આવાસ ધરાવતા લોકોને નવા આવાસના બાંધકામ માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ) હેઠળ અત્યારસુધીમાં ૩,૫૦,૯૯૮ આવાસોના બાંધકામની કામગીરી પૂર્ણ થઈ છે. પ્રત્યેક લાભાર્થી પરિવારને આવાસ દીઠ રૂ.૧,૨૦,૦૦૦ની નાણાકીય સહાય ત્રણ તબક્કામાં તેમના ખાતામાં સીધા જ ટ્રાન્સફર કરવામાં આવે છે.**



કેન્દ્રના ગૃહમંત્રી અમિતભાઈ શાહે હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે નવી દિલ્હી ખાતેના પોતાના સત્તાવાર નિવાસસ્થાને તિરંગો ફરકાવ્યો ત્યારે તેમના પત્ની સોનલ શાહ પણ તેમની સાથે જોડાયા હતા.

# ખંડવાના સ્વિમિંગ યુવાનોએ નદીમાં લહેરાવ્યો ત્રિરંગો, પીએમ મોદીએ કહ્યું- આ ભાવનાને સલામ

નવીદિલ્હી,તા.૧૩

દેશભરમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. દરમિયાન, મોદી સરકારે દરેક ઘરે ત્રિરંગો ઝુંબેશ ચલાવી છે, જ્યારે ખંડવાના સ્વિમિંગ યુવાનોએ આ અભિયાનની અનોખી રીતે ઉજવણી કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કરીને ખંડવાની આ સ્વિમ ટીમના વખાણ કર્યા છે.

ખરેખર ખંડવા, આ સ્વિમ ટીમ દરરોજ નદીમાં સ્વિમિંગ કરીને શરીરને ફિટ રાખવાની ટ્રિક્સ શીખવે છે. આ સ્વિમિંગ ગ્રુપે આ વખતે આઝાદીની ઉજવણી માટે નદીમાં તિરંગો લહેરાવ્યો હતો. આટલું જ નહીં, સ્વિમિંગ દરમિયાન આ ટીમે



દરિયા કિનારે નદીમાં ભારત માતાના મંત્રોચ્ચાર પણ કર્યા હતા. તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

વાયરલ વીડિયો ખંડવામાં સ્થિત નાગચુન તળાવ અને અબના નદીનો છે. વીડિયોમાં પાણીમાં ત્રિરંગો ધ્વજ લહેરાવવામાં આવી રહ્યો છે, સાથે જ પાણીની અંદર જ ત્રિરંગાને સલામી આપવામાં આવી રહી છે. આ લોકો ખંડવાના લેહારોં કે રાજા ગ્રુપના સભ્યો છે. તેમના આ પ્રયાસની ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરીને પ્રશંસા કરી છે. વડાપ્રધાને ટ્વીટ કરીને કહ્યું કે આ ભાવનાને સલામ! ત્રિરંગા માટે અજોડ આદરનું આ બોલ્ડ દ્રશ્ય ભારતીયોનો ઉત્સાહ અને જોશ દર્શાવે છે.



સ્વ. લતા મંગેશકર, ડો.રોહિણી ગવાનકર, શ્રી હરિશંકર જૈન, ડો. સત્યપાલ સિંઘ, શ્રી શિરિલ શ્રોફ, શ્રી યશવંતભાઈ શાહ

શ્રી બિપિન પુનમિયા, શ્રી જયેશ ભૈરવીયા, શ્રી પ્રવિણ દિક્ષિત, શ્રી શૈલેષ લોધા, શ્રી મહેન્દ્ર ગાંધી, શ્રી રોહિત શાહ, શ્રી રાઘવ એમ. જયરથ

### 'ઈન્ટરનેશનલ ડાયમંડ ડે'ની ઉજવણી : હાર્દિક હુંડિયાના નેતૃત્વમાં આજે

# વિવિધ ક્ષેત્રના ઉત્સવ મૂર્તિઓને કોહિનૂર ઓફ ઈન્ડીયા એવોર્ડથી સન્માનિત કરાશે

મુંબઈ તા.૧૨

ભારત દેશના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા વાળા વેપાર ઉદ્યોગની સફળતા એટલે 'ઈન્ટરનેશનલ ડાયમંડ ડે' ૧૨ મી ઓગસ્ટે આંતરરાષ્ટ્રિય હીરા દિવસની ઉજવણી કરે છે. જેની સ્થાપના હાર્દિક હુંડીયા દ્વારા કરવામાં આવી હતી.આ અવસરે દેશ-વિદેશના ૧૨ મહાનુભાવોને કોહિનૂર ઓફ ઈન્ડિયા સન્માનથી સન્માનિત કરવામાં આવે છે. આ ઈવેન્ટ વર્ચ્યુઅલ હોય છે. ઝુમ, યુ ટયુબ અને ફેસબુકથી વિશ્વભરના દેશો જોડાય છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રિય ડાયમંડ ડે ના દિવસને યાદગાર બનાવાયો હતો. આ વર્ષે ભારત રત્ન સ્વર સામ્રાજ્ઞી લત્તામંગેશકર (લત્તા દીદી)નું સન્માન કરવામાં આવશે.

તેમજ ૯૩ વર્ષના સ્વાતંત્ર્ય સેનાની આદરણીય રોહિણી ગવાણકર, મહારાષ્ટ્ર પોલીસ વિભાગના ભૂતપૂર્વ ડીજીપી પ્રવીણ દિક્ષિત, લગભગ ૭૫ વર્ષ જૂના જયહિંદ અખબારના માલિક યશવંતભાઈ શાહ, ભારતીય સુવર્ણ ઉદ્યોગના પ્રખ્યાત ઉદ્યોગપતિ બિપિન પુનમિયા, મુંબઈ શહેરના ભૂતપૂર્વ કમિશ્નર હાલમાં ભારત સરકારના સાંસદ સત્યપાલ સિંહ, ૧૦૦ વર્ષ જુનું મુંબઈ ડાયમંડ મર્ચન્ટ એસોસિએશનના ભૂતપૂર્વ પ્રમુખ મહેન્દ્ર ગાંધી, હીરા બજારના પ્રખ્યાત હીરા વેપારી રોહિત શાહ, અયોધ્યા અને જ્ઞાનવ્યાપી જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર સક્રિય અને જ્ઞાન આધારિત, કાયદાની અદાલતમાં સકારાત્મક ભૂમિકા નિભાવવા વાળા, વરિષ્ઠ ધારાશાસ્ત્રી હરિશંકર જૈન, ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી જયેશ ભૈરવિયા, કાયદાની દુનિયાના જાણીતા ધારાશાસ્ત્રી સિરિલ શ્રોફ, તારક મહેતાકા ઉલ્ટા ચશ્મા ફ્રેમ શૈલેષ લોઢા, સિક્રેટ ઓફ કોહિનુર વેબ સિરિયલના ડિરેક્ટર રાઘવજી મોહન જયરથનું સન્માન કરાશે.

**સ્વ.લતા મંગેશકર, 'જયહિન્દ' અખબારના તંત્રી યશવંત શાહ સહિત ૧૨ મહાનુભાવોને એવોર્ડથી સન્માનિત કરાશે**

ગત વર્ષે અનેક મહાન હસ્તીઓને ભારતના કોહિનુર સન્માનથી સન્માનિત કર્યા પછી ફરી એકવાર ૧૨ મી ઓગસ્ટ-૨૦૨૨ ના રોજ આંતરરાષ્ટ્રિય હીરા દિવસની ઉજવણી કરી રહ્યા છીએ. આ વખતે ૧૪ મી ઓગસ્ટે આંતરરાષ્ટ્રિય હિરા દિવસ તરીકે વર્ચ્યુઅલ કાર્યક્રમોમાં ગીતો અને સંગીત સાથે ઉજવણી કરવામાં આવી છે.

આ પ્રસંગે ઉત્સવ મુર્તિ મહાનુભાવો કોહિનુર ઓફ ઈન્ડિયા સન્માનથી સન્માનિત કરવામાં આવશે તેમ હાર્દિક હુંડિયાએ જણાવ્યું હતું.

# લોન રિકવરી એજન્ટો લોન વસૂલવા માટે ગાળ કે પછી અભદ્ર વર્તન નહીં કરી શકે : આરબીઆઇએ નિયમો કડક બનાવ્યા

મુંબઇ,તા.૧૩

ઘણી વખત લોકોને મજબૂરીમાં લોન લેવી પડે છે, પરંતુ કેટલીકવાર એવી સ્થિતિ સર્જાય છે કે તેઓ હપ્તા ચૂકવવામાં અસમર્થ હોય છે. આ કારણે બેંકોના લોન રિકવરી એજન્ટો તેમને રિકવરી અંગે હેરાન કરવાનું શરૂ કરે છે. અમુક સમયે, તેઓ અપશબ્દો અને ઝપાઝપી પર ઉતરી આવે છે. પરંતુ હવે તેઓ એવું કરી શકતા નથી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તેમના પર કડક કાર્યવાહી કરવા માટે નિયમો કડક બનાવ્યા છે. આરબીઆઈએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે તેના નિયમનકારી કાર્યક્ષેત્ર હેઠળની તમામ સંસ્થાઓએ સુનિશ્ચિત કરવું પડશે કે કલેક્શન એજન્ટો ઋણ લેનારાઓને હેરાન ન કરે.આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસે તાજેતરમાં કહ્યું હતું કે લોન રિકવરી એજન્ટો લોકો સાથે ગેરવર્તન કરે છે, જે બિલકુલ સ્વીકાર્ય નથી. આરબીઆઈએ તેની વેબસાઈટ પર જારી કરેલા નોટિફિકેશનમાં જણાવ્યું છે કે તે રિકવરી એજન્ટોની ગેરરીતિઓથી

**જો કોઈ નિયમનકારી સંસ્થા તેનું ઉલ્લંઘન કરશે તો તેને ગંભીરતાથી લેવામાં આવશેઃ આરબીઆઇના ગવર્નર**

ચિંતિત છે. નિયમનકારી સંસ્થાઓએ ખાતરી કરવી જોઈએ કે તેઓ અથવા તેમના એજન્ટો લોનની વસૂલાત કરતી વખતે કોઈપણ પ્રકારની ધાકધમકી ન કરે. કોઈપણ ઉધાર લેનાર સાથે કોઈ દુર્વ્યવહાર કે ઝપાઝપી ન થવી જોઈએ. સેન્ટ્રલ બેંકે એમ પણ કહ્યું હતું કે બેંકો, નોન બેંકો અને અન્ય નિયમનકારી સંસ્થાઓએ સુનિશ્ચિત કરવું પડશે કે તેમના વસૂલાત એજન્ટોએ ઉધાર લેનારના મિત્રો અથવા પરિવારના સભ્યો સાથે જાહેરમાં ગેરવર્તન ન કરવું જોઈએ અથવા તેમની ગોપનીયતામાં દખલ કરવી જોઈએ નહીં. ઋણ લેનારાઓએ ડરાવતા સંદેશા મોકલવા ન જોઈએ અથવા મોબાઈલ અથવા સોશિયલ મીડિયા દ્વારા આવા કોલ્સ કરવા જોઈએ નહીં.લોન લેનાર લોકોને મોબાઇલ કે સોશિયલ મીડિયાના માધ્યમથી ડરાવવા-ધમકાનાર મેસેજ ન મોકલવા જોઈએ. આ ઉપરાંત આવા ફોન કોલ પણ ન કરવા જોઈએ. આરબીઆઈએ કહ્યું, તેનું ઉલ્લંઘન કરવા પર ગંભીરતાથી પગલાં લેવામાં આવશે. મજબૂરીમાં અનેકવાર લોકોને લોન લેવી પડે છે.

# કોંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધી ફરીથી કોરોનાથી સંક્રમિત



નવી દિલ્હી, તા.૧૩

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત હોવાનું જાણવા મળ્યું છે. પાર્ટીના મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરીને આ વાતની જાણકારી આપી હતી.

જયરામ રમેશે ટ્વીટ કરતાં લખ્યુ કે, "કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના સંક્રમિત થયા છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા પ્રોટોકોલને પગલે તે આઇસોલેશનમાં રહેશે."આ અગાઉ ૨ જૂને પણ સોનિયા ગાંધીને કોરોનાનો ચેપ લાગ્યો હતો. તેમને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા, જ્યાં તેમની તબિયત વધુ ખરાબ થઈ ગઈ હતી. તે જ સમયે, બુધવારે પ્રિયંકા ગાંધી પણ કોરોના ચેપની ઝપેટમાં આવ્યા હતા. તે પણ હાલમાં આઈસોલેશનમાં છે. આ પહેલા પણ ૩ જૂને પ્રિયંકા ગાંધી કોરોના સંક્રમિત મળી આવ્યા હતા.

# દેશમાં ગત વર્ષની સરખામણીએ ડાંગરનું ઉત્પાદન ૪૩.૮૩ લાખ હેક્ટર ઓછું

નવી મુંબઇ, તા.૧૩

ડાંગરના ઉત્પાદન ક્ષેત્રે મોખરે એવા અનેક રાજ્યોમાં વર્તમાન ચોમાસુ સિઝન દરમિયાન ઓછો વરસાદ થયો છે. આ કારણે ગત વર્ષની સરખામણીએ ડાંગરનું ઉત્પાદન ૪૩.૮૩ લાખ હેક્ટર જેટલું ઓછું જણાઈ રહ્યું છે.

**સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ પ્રમાણે ચાલુ ખરીફ સિઝનમાં કુલ ૩૦૯.૭૯ લાખ હેક્ટર ક્ષેત્રફળ વિસ્તારમાં ડાંગરનું ઉત્પાદન**

સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ પ્રમાણે ચાલુ ખરીફ સિઝન (૨૦૨૨-૨૩)માં ૧૨મી ઓગષ્ટ ૨૦૨૨ સુધીમાં કુલ ૩૦૯.૭૯ લાખ હેક્ટર ક્ષેત્રફળ વિસ્તારમાં ડાંગરનું ઉત્પાદન જોવા મળી રહ્યું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન કુલ ૩૫૩.૬૨ લાખ હેક્ટર ક્ષેત્રફળ વિસ્તારમાં ડાંગરનું વાવેતર જોવા મળ્યું હતું. જો આગામી દિવસોમાં ડાંગરના ઉત્પાદન ક્ષેત્રફળમાં વધારો નહીં થાય તો દેશમાં ૨.૭૧ ટન પ્રતિ હેક્ટરની ચોખાની ઉત્પાદકતાના આધાર પર ચાલુ ખરીફ સિઝનમાં ચોખાનું ઉત્પાદન આશરે ૧૧૦ લાખ ટન જેટલું ઘટી શકે છે. ગત એક ઓગષ્ટના રોજ કેન્દ્રીય પૂલમાં ઘઉં અને ચોખાનો કુલ સ્ટોક ૪ વર્ષના સૌથી નીચલા સ્તરે ૬૭૬.૩૩ લાખ ટન નોંધાયો હતો. તેમાં ૨૬૬.૪૫ લાખ ટન ઘઉં અને ૪૦૯.૮૮ લાખ ટન ચોખાનો સમાવેશ થાય છે.

## તંત્રી સ્થાનેથી...

# સશકત લોકાયુકત દ્વારા જ ભ્રષ્ટાચારીના ગળે ગાળિયો લાગશે

ભ્રષ્ટાચાર અને અન્ય કૌભાંડો થાય એના કારણે દેશનું ગૌરવ અને ગરિમા ઝાંખા પડે છે. પ્રત્યેક સરકારે જવાબદારી ઉઠાવી ભ્રષ્ટાચાર અને જે તે કૌભાંડો પર પોતાનો પંજો કસવો જોઇએ, એટલું જ ગુનેગારને સજા પણ કરવી જોઇએ. સરકાર ગમે તે પક્ષની હોય, એણે સત્તા પર આવીને કેવળ વચનો નથી આપવાના હોતા, પણ કહેવાયેલા કથનને એણે ચરિતાર્થ પણ કરવાનું હોય છે. જો સરકાર આપેલ વચન નહીં પાળે તો ભ્રષ્ટાચાર, અવનવા- નાના મોટા કૌભાંડો, ઉચાપત, ગેરરીતિ જેવા ગુનાઓ થતા રહેશે અને ગુનેગારોને ફાવટ આવતી જશે. આપણે સત્તામાં આવ્યા પછી વધુ ભૂલી જઇએ તે ઠીક વલણ ગણાય નહીં. જો આપણે તકેદારી નહીં રાખીએ તો ગુના વકરશે, ગુનેગારોને ફાવતું અને ભાવતું મળશે. જો ઉપરથી આંખ આડા કાન થાય તો ગુનેગારને એમજ લાગશે કે 'આ તો આંકડે મધ અને માર વિનાનું' પાડીલો, લૂંટીલો, આ પ્રક્રિયા જોવી ના હોય તો સરકારે પોતે સજાગ બનીને આગળ વધવું પડશે અને ગુનો આચરતા પરિબળોને સજા કરવી જોઇએ. જેથી ગુનો આચરવાનું તેઓ કદીયે વિચારી શકે નહીં. અને ગુનો કરવાની દિશામાં ઉપક્રમ પણ કરી શકે નહીં. સશક્ત અધિકારીઓને પદ પર આરૂઢ કરાવી તેમને સત્તાનો દોર સોંપી સરકારે યોગ્ય કામ કરવાનો સંતોષ લેવો જોઇએ. લોકાયુકતને નિયુકત કરીને તેમને ગુનેગારોને ડામવા માટે અથવા કડક કાર્યવાહી કરવા માટે છૂટો દોર આપવો જોઇએ, અધિકારીઓએ પણ પોતાને સોંપાયેલું કાર્ય પ્રમાણિકતાથી અદા કરવું જોઇએ અને ચોક્કસ કાયદાના દાયરામાં રહીને પોતાની ફરજ પૂરી કરવી જોઇએ, આ અને અન્ય મુદ્દે બૌધ્ધિકો જણાવી રહ્યા છે કે, લોકાયુકતની નિમણૂંક પાછળનો હેતુ તંદુરસ્ત ન્યાય પ્રણાલીને વંગવંત બનાવવાનો અને કાયમી ગરિમાને સ્થાપિત કરવાનો બની રહે તે જ ઇષ્ટ. ભારત દેશ અન્ય દેશોની તુલનામાં ઝડપથી વિકાસ કરી રહ્યો છે પણ આ વિકાસમાં ભ્રષ્ટાચારની અને ગેરરીતિની ઊધઇ લાગી જાય તો સમગ્ર સિસ્ટમ ધરતી પર આવી શકે છે. જો સરકાર આ મુદ્દે જાગૃત નહીં થાય તો આ ઊધઇ કશું બાકી રાખશે નહીં. તે ભવનના ભવન કોતરી શકે છે. આ વાતમાં છૂપાયેલ હાર્દને ઝીલવા માટે તત્પર અને ઉત્સુક રહેવું પડશે. આ રીતે સમાજ જીવનમાં પણ કૌભાંડો, ગેરરીતિઓ, ભ્રષ્ટાચાર, શોષણ નીતિ અને અન્ય પ્રકારના ગંદવાડનો ફેલાવો થયો છે તેનું પણ આ અધિકારીઓએ સમયસર ઓપરેશન કરવું પડશે. અહીં લોકાયુકત સંસ્થાની સ્થાપનાની વાત સાથે કેટલાક જરૂરી મુદા પર પ્રકાશ પાથરીશું. લોકાયુકત સંસ્થાની શક્તિઓને પાસ કરવા માટે કર્ણાટક ઊંચ્ચ ન્યાયાલયના ચુકાદો બે તથ્યોને ઉજાગર કરનાર છે. પ્રથમ એ છે કે, સરકારો લોકાયુક્ત સંસ્થાને અધિકાર સોંપવામાં રૂચિ નથી લઇ રહી. બીજું એ છે કે, ભ્રષ્ટાચાર વિરોધક બ્યૂરો (એસીબી) જેવા પોલીસ એકમોના ગઠનનો હેતું ભ્રષ્ટ નેતાઓને બચાવવાનો વધુ હોય છે. સ્પષ્ટ છે કે, કોઇ સમયે શક્તિશાળી લોકાયુકતના કારણે

**ભારત દેશ અન્ય દેશોની તુલનામાં ઝડપથી વિકાસ કરી રહ્યો છે પણ આ વિકાસમાં ભ્રષ્ટાચારની અને ગેરરીતિની ઊધઇ લાગી જાય તો સમગ્ર સિસ્ટમ ધરતી પર આવી શકે છે**

ચર્ચામાં રહેનાર કર્ણાટક પ્રદેશમાં હાઇકોર્ટનો ફેંસલો પુરવાર કરે છે કે, ભ્રષ્ટ નેતાઓને લોકયુકતથી બચાવવા માટે કર્ણાટકમાં એસીબીની રચના કરાઇ હતી, ત્યારે હાઇકોર્ટે એસીબીની રચનાને દૂર કરી એના અધિકારીઓ તથા કર્મચારીઓને સોકાયુકતમાં સમાવવામાં આદેશ આપ્યો હતો. સરકાર કોઇપણ રાજનીતીક પક્ષ સાથે ભલે જોડાયેલ હોય, સત્તામાં આવતા જ ભ્રષ્ટાચારને લઇને જીરો હોલરન્સની વાતો કરે છે, પરંતુ સત્તામાં એવું ક્યાંય દેખાતું નથી કે, સાચે જ ઠોસ કદમ ઉઠાવાઇ રહ્યા હોય. ભ્રષ્ટ તંત્રનું સત્તા સાથે ગઠબંધન એનું મોટું કારણ રહ્યું છે. લોકાયુકતનું નામ સાંભળતા જ એક વખત તો એવું લાગે છે કે, રાજ્યોમાં સત્તાના શિખરે બેઠેલા લોકો પણ ભ્રષ્ટ થાય તો લોકાયુકતની કાર્યવાહીથી બચી નહીં શકે. પરંતુ નખ વગરના લોકાયુક્ત પદ ફકત દેખાડાનું બનતું આવે છે તો કર્ણાટક હાઇકોર્ટની ટિપ્પણી જરૂરી લાગે છે. ભ્રષ્ટાચાર નિસેધ બ્યુરો રાજસ્થાન સમેત કેટલાયે રાજ્યોમાં છે. કયારેક કોઇ રાજનેતાની વિરૂધ્ધ એસીબીએ કાર્યવાહી કરી હોય તેવું જોવા જાણવા મળતું નથી. એનું કારણ પણ એ છે કે, એસીબી મોટા ભાગે પ્રદેશોમાં લોકાયુકતથી અલગ રહીને કામ કરે છે. જ્યારે લોકાયુકતનો હેતું પણ ભ્રષ્ટાચાર પર અંકુશ રાખવાનો છે તો એસીબી જેવી સંસ્થાઓને પણ લોકાયુકતની આધિન રાખવી જોઇએ. હમણાં તો જે પ્રદેશોમાં લોકાયુકતની પાસે અલગથી પોલીસ દળ છે, તે પણ કેવળ દરોડ સુધી જ સીમિત રહી જાય છે અને કોઇ કાનૂની કાર્યવાહી નથી કરી શકતા. કર્ણાટક હાઇકોર્ટે એવી સખ્ખત ટીપણી કરી છે કે, આ સૌથી વધુ દુર્ભાગ્યપૂર્ણ છે કે, આઝાદીના ૭૫ વર્ષ પછી પણ દેશમાં કોઇપણ રાજનીતિક પક્ષો લોકાયુકતને પોતાના કર્તવ્યોના પારદર્શી તરીકેથી ઉપક્રમ કરવા માટે અનુમતિ આપવાનું સાહસ કેળવી શક્યા નથી.



# એક ખુદીરામ બોઝને ફાંસી અપાતા હજારો ખુદીરામ પેદા થયા આ દેશમાં

**એ છોકરાનું નામ ખુદીરામ બોઝ હતું. ખુદીરામ, જેને ફાંસીએ લટકાવવામાં આવ્યા તે પછી થયું, જેની ઘણાને અપેક્ષા નહોતી. ઉદાહરણ તરીકે, ૧૧ ઓગસ્ટના રોજ હજારો યુવાનો સરકાર વિરૂધ્ધ કલકત્તાની શેરીઓમાં ઉતર્યા. એવું કહેવાય છે કે, તે વિરોધ દરમિયાન ઘણા છોકરાઓએ ખાસ પ્રકારની ધોતીઓ પહેરી હતી. તેમના પર ભરતકામથી ખુદીરામ બોઝ લખવામાં આવ્યું હતું. પાછળથી, તેમાં આ નામ લખેલું ધોતી પહેરનારા યુવાનોની સંખ્યા વધીને હજારોમાં થઇ ગઇ**

હિન્દુસ્તાનના ઇતિહાસના પુસ્તકોમાં આઝાદીની લડાઇમાં ભાગ લઇને ખપી જનાર જુવાનિયાઓના આશ્ચર્યજનક પાત્રો નોંધાયેલા છે. અને તે એવા કે આખા વિશ્વના ઇતિહાસમાં ભાગ્યે જ ક્યાંય જોવા મળે. ઉદાહરણ તરીકે, એક કેસ ધ્યાનમાં લઇએ. બ્રિટિશ કાળના બંગાળ પ્રેસિડેન્સી (પંથક)માં, મુઝફ્ફરપુર શહેરમાં એક અદાલત છે. ૧૮ વર્ષનો અને આઠ મહિનાથી થોડો વધુનો છોકરો ત્યાં લાવવામાં આવ્યો છે. વર્ષ ૧૯૦૮ છે. તારીખ કદાચ ૨૬ કે ૨૭ મે છે. આ છોકરાનો ટ્રાયલ ૨૧ મેથી શરૂ થઇ ગઇ છે. આરોપ છે કે, તેણે તે જ વર્ષે ૩૦ એપ્રિલે મુઝફ્ફરપુરના મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ ડગ્લાસ હોલિન્સહેડ કિંગ્સફોર્ડની હત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસ દરમિયાન તેની ઘોડાગાડી પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો. કિંગ્સફોર્ડ તે સમયે ઘોડાગાડીમાં ન હોવાથી તે બચી ગયો. પરંતુ મુઝફ્ફરપુર કોર્ટમાં વરિષ્ઠ વકીલ પ્રિંગલ કેનેડીની પત્ની અને પુત્રીએ જીવ ગુમાવ્યો. કારણ કે હુમલા સમયે બંને ઘોડાગાડીમાં બેઠા હતા. મુદ્દો ગંભીર છે. પરિસ્થિતિ જોતા એવું લાગે છે કે, છોકરાને મૃત્યુદંડ મળશે.

ત્રણ જજોની બેન્ચ છે. તેના વડા છે- જજ ફોર્ડોફ. જજ નાથુની પ્રસાદ અને જનક પ્રસાદ. છોકરાએ પહેલા બચાવ માટે વકીલ રાખવાની ના પાડી. પરંતુ ઘણા વકીલો તેની તરફેણમાં દલીલ કરવા તૈયાર છે. બધાએ સમજાવ્યા. પછી વકીલાત- નામ પર સહી કરવા સંમત થયા. બચાવ પક્ષે છોકરા વતી વરિષ્ઠ વકીલ નરેન્દ્ર કુમારને કોર્ટમાં હાજર રહેવા નિયુકત કર્યા હતા. પરંતુ તેઓ છોકરાને બચાવવા માટે કોઇ કાનૂની માર્ગ શોધે તે પહેલા તેણે પોતાનો ગુનો કબૂલી લીધો. હવે આજે ચુકાદાનો દિવસ છે. હાલમાં પણ વકીલે હાર માની નથી. તેઓ દલીલ કરી રહ્યા છે કે, 'મહારાજ, આરોપી હજુ નાનો છે. જરા વિચારો તમારું સન્માન, શું આટલી નાની ઉંમરમાં આ બોમ્બ બની શકે? શક્ય છે કે, ઉત્સાહમાં થોડી મૂર્ખાઇ રહી હોય. તેણે જે રીતે છાતી ઠોકીને ગુનાની કબૂલાત કરી છે, તેનાથી તેની સમજનો અભાવ પણ સ્પષ્ટ થાય છે. તેનાથી રાહત મળવી જોઇએ.

ઊલટ તપાસ પૂરી થયા બાદ હવે ન્યાયાધીશોનો વારો છે. બચાવ પક્ષની દલીલોની કોઇ ખાસ અસર થઇ નથી. ફરિયાદ પક્ષે તમામ સાક્ષીઓ અને પુરાવા રજૂ કર્યા છે. આનાથી ખબર પડે છે કે, આ છોકરા ૧૪-૧૫ વર્ષની ઉંમરથી બ્રિટિશ સરકાર વિરૂધ્ધ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સામેલ છે. આ કારણોસર તે અગાઉ પણ બે વખત જેલમાં જઇ ચૂક્યો છે.તેનો સીધો સંબંધ 'અનુશીલન સમિતિ' સાથે છે. જે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ચલાવતી મોટી તન્ઝીમ (સંસ્થા) છે. આ તનઝીમના નેતાઓએ તેને બોમ્બ બનાવતા પણ શીખવ્યું છે. આ રીત, તમામ પુરાવા પૃષ્ટિ કરે છે કે તેની નાની ઉંમર હોવા છતાં, તેણે બધું જ સભાનપણે કર્યું છે. સાહેબ, ન્યાયાધીશ ફરિયાદ પક્ષના સાક્ષીઓ, પુરાવાઓ, દલીલોથી અસંતોષ જોઇ રહ્યા છે. તેથી આવા જઘન્ય અપરાધ માટે કાયદા દ્વારા નિર્ધારિત સજા કરવામાં આવે. છોકરાને ફાંસી આપવાનો નિર્ણય લેવો પડશે.

જો કે, આ પહેલા બેંચના જજ કોર્ડોફ પૂછે છે, 'શું તમે ફાંસીની સજાનો અર્થ જાણો છો? સાહેબ, આ પ્રશ્ન પર પેલા છોકરાએ આપેલા જવાબને ધ્યાનમાં લો, 'હા મિલોર્ડ. હું આ સજાનો અર્થ સારી રીતે જાણું છું. અને મને બચાવવા માટે મારા વકીલે આપેલી દલીલ પણ હું સમજી રહ્યો છું. તેણે કહ્યું છે કે, હું નાનો છું આ ઉંમરે બોમ્બ બનાવી શકતા નથી. જજ સાહેબ, હું તમને વિનંતી કરું છું કે, મને થોડો સમય આપો, તમે જાતે જ મારી સાથે જાઓ. હું તમને એ સમયમાં પણ બોમ્બ બનાવતા શીખવીશ. બ્રિટિશ જજને ફુલ કોર્ટમાં આવો જવાબ આપનાર છોકરાનું શું થયું હશે? તમે શું વિચારો છો, તમને શું લાગે છે? શું તેને રાહત મળી હશે? ચોક્કસપણે નથી. કોર્ટે તેને ફાંસીની સજા ફટકારી હતી. અપીલનો સમય પણ ઉપર આપવામાં આવ્યો હતો. પરંતુ ઉપલી અદાલતોએ માત્ર મુઝફ્ફરપુરની અદાલતના નિર્ણય પર મહોર પર મહોર મારી હતી. તે છોકરાને ફરીથી ફાંસી આપવામાં આવી.

**તેણે કહ્યું છે કે, હું હજી નાનો છું. આ ઉંમરે બોમ્બ બનાવી શકતા નથી. જજ સાહેબ, હું તમને વિનંતી કરું છું કે, મને થોડો સમય આપો. તમે જાતે જ મારી સાથે જાઓ. હું તમને એ સમયમાં પણ બોમ્બ બનાવતા શીખવીશ. બ્રિટિશ જજને ફુલ કોર્ટમાં આવો જવાબ આપનાર છોકરાનું શું થયું હશે? તમે શું વિચારો છો, તમને શું લાગે છે? શું તેને રાહત મળી હશે? ચોક્કસપણે નથી**

'ખુદીરામ' પોતે પણ એક આઝાદીના દિવાના વ્યક્તિનું નામ બની ગયું છે. તેમના અધિકૃત દસ્તાવેજો સિવાય, સરકારની જ વેબસાઇટ (indianculture.gov.in) પર નક્કર માહિતી રેકોર્ડ કરવામાં આવી છે. તેમના મતે ખુદીરામનો જન્મ ૩ ડિસેમ્બર, ૧૮૮૯ના રોજ બંગાળના મિદનાપુર જિલ્લાના હબીબપુર ગામમાં થયો હતો. તેમના પિતા તહસીલદાર હતા અને ખુદીરામ તેમનો એકમાત્ર પુત્ર હતો. સૌથી નાનું તેમની ઉપર ત્રણ છોકરીઓ હતી. જો કે, ખુદીરામના જન્મના થોડા વર્ષો પછી જ માતા-પિતાનું અવસાન થયું. આ પછી, મોટી બહેને તેમના જીવનમાં માતાપિતાની ભૂમિકા ભજવી. જો કે, દેશ માટે કંઇક કરવાની ખેવના ખુદીરામના મનમાં નાનપણથી જ છવાયેલી હતી. તેઓ હજુ બહેનના ગામ હાથગાછાની હેમિલ્ટન હાઇસ્કૂલમાં ભણતા હતા ત્યારે તેમણે ત્યાં મહર્ષિ અરવિંદો અને બહેન નિવેદિતાના પ્રવચનો સાંભળ્યા હતા. તે બંને તે દિવસોમાં ગામડાઓ અને શહેરોમાં જતા અને લોકોને જગાડવાનું કામ કરતા.

મહર્ષિ અરબિંદો અને બહેન નિવેદિતાના ભાષણોની ખુદીરામના મન પર એવી અસર થઇ કે, તેઓ ટૂંક સમયમાં જ ક્રાંતિકારીઓની તન્ઝીમ 'અનુશીલન સમિતિ'ના કાર્યોમાં ભાગ લેવા લાગ્યા. તેવી જ રીતે, ૧૯૦૫માં એક વખત તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓ ૧૯૦૫માં બંગાળના વિભાજનના વિરોધમાં લોકોમાં પેમ્ફલેટ વહેંચી રહ્યા હતા. પછી તે પકડાઇ ગયો. જો કે, બાદમાં તેની નાની ઉંમરના કારણે તેને છોડી દેવામાં આવ્યો હતો.

# શાંતિ જોઇતી હોય તો મનને કેળવવું ખૂબ જરૂરી છે

વૃક્ષ ઉત્તમ જોઇતું હોય તો એનું બીજ પણ ઉત્તમ વાવવું જોઇએ. પાક ઉત્તમ કોટિનો જોઇતો હોય તો એનું બિયારણ પણ ઉત્તમ કોટિનું ખેતરમાં વાવવું પડે. ખેતરને સારી રીતે ખેડી બિયારણ જમીનમાં ઉતારવું જોઇએ.

જીવનમાં આપણને પણ શાંતિ જોઇએ છે જો જીવનમાં શાંતિનું ફળ જોઇતું હોય તો એના ઉત્તમ બીજનું આપણા પોતાના આત્મામાં વાવેતર કરવું પડે. માત્ર વાવેતર કરવાથી ન ચાલે.એનો સારી રીતે કરવા હવા-પાણી-પ્રકાશ આપી માવજત પણ કરવી પડે.શાંતિનું ફળ મનની શાખા પર આવે છે.એટલે શાંતિ જોઇતી હોય તો મનને કેળવવું ખૂબ જરૂરી છે.

**કવિઓએ ગાયુ છે મન જીત્યું એણે સઘળું જીત્યું. પરંતુ સહુથી અઘરું કામ મનને જ જીતવાનું છે**

શુભ ભાવો રૂપી દેહા ક્રોધ-માન-માયા- લોભના તાપને શાંત કરવા ક્ષમા-નમ્રતા-સરલતા-નિર્લોપતા રૂપ જળ અને જ્ઞાનરૂપી પ્રકાશ દ્વારા શાંતિનું ફળ પરિવક્ય થાય છે.

ગીતાર્થ ગચ્છાધિપતિ જૈનાચાર્ય રાજ્યશસૂરિશ્વરજી મહારાજે ઉકતાશયના ઉદ્દગાર વ્યક્ત કરતાં ફરમાવેલ કે કવિઓએ ગાયુ છે મન જીત્યું એણે સઘળું જીત્યું. પરંતુ સહુથી અઘરું કામ મનને જ જીતવાનું છે. પૂ.આનંદઘનજી મહારાજ જૈનજગતમાં મહાન કવિ થઇ ગયા છે.એમણે સેંકડો સાવન સજ્જાય અને પદો બનાવ્યા છે.એમણે ચોવીસ તીર્થકરોના સ્તવન બનાવ્યા છે જે આનંદઘન ચોવીસી તરીકે પ્રસિધ્ધ થાય છે. એના પર કેટલાય વિવેચનકાર આફરીન છે.પદ્મપ્રભુ ભગવાનનું સ્તવન બનાવતાં તેઓએ લખ્યું મનડું કિમહી ન બાઝે મતલબ મન હાથમાં નથી રહેતું.મન નિયંત્રણમાં આવતું નથી.

લાખો પ્રયત્ન કરવા છતાં જે ન મળે તે મનને જીતવાથી મળે. મનને શુભ ભાવોમાં સ્થાપિત રાખવું એ મુશ્કેલ કામ છે. એવા માટે આત્મામાં સંસ્કાર પાડવા પડે છે. સંસ્કારિત મન જ શુભ વિચારી શકે.

વિમલ અને શીતળ બંને દોસ્ત હતા.બંન્ને ફરવા માટે નીકળ્યા છે.બંને વાતોમાં મગ્ન હતા એક ખીસ્સાકાતરુએ જોયું કે ગજવા ભારી દેખાય છે.અને ચાન્સ જોઇ એણે હાથ મારી દીધો છે.બંન્નેની વાત પુરી થઇ. અચાનક વિમલે કોઇ વસ્તુ લેવા ખીસ્સામાં હાથ નાંખ્યો.હાથ સાંધો બહાર નીકળી ગયો. ખીસ્સું કપાઇ ગયું હતું. એ બોલી ઉઠયો. ખિસ્સું કાપનારનું નખ્ખોદ જજો.એ જ વખતે શીતલે પણ ગજવામાં હાથ નાંખ્યો. એનો હાથ પણ સીધો બહાર નીકળી ગયો એનું ખિસ્સુ પણ કપાઇ ગયું હતું. પણ એના મોઢામાંથી શબ્દો નીકળ્યા ખિસ્સુ કાપનારનું ભલું થજો. કલ્યાણ થજો. મારા પૈસાથી એને સદબુદ્ધિ આપજો.વાત-પ્રસંગ એકના એક હોય છે પણ મનની



જૈન જગત
- રાજ્યશસૂરિશ્વરજી મ.સા.

શુભપરિણતિમાં બહુ ફરક હોય છે જે વાત બની ગઇ તે બની ગઇ. એમાં ફરક થઇ શકે તેમ નથી. પણ એકના મુખમાંથી અભિશાપ નીકળે. બીજાના મુખમાંથી આશીર્વાદ, મનની શુભ પરિણતિ શાંતિ આપે છે. અશુભ પરિણતિ ઉચાટ જણાવે છે. માટે જ કોઇપણ સંયોગ હોય, કદાચ નુકશાનકારક પ્રસંગ હોય તો પણ મનને શુભ પરિણામમાં પ્રયત્નપૂર્વક પણ રાખવું.

પૂજયશ્રીએ ફરમાવેલ જીવન સુરક્ષિત હોય તો જીવનમાં શાંતિ સંભાળી શકે પણ સુરક્ષા ન હોય તો મનુષ્ય ભયભીત થઇને જીવતો હોય છે. એક જૈનભાઇ સરકારી કાયદામાં ફસાઇ ગયો.પણ ગુરુભક્ત હતો.પોતાના પાકીટમાં ગુરુનો ફોટો રાખતો હતો. જેલમાં પણ દરરોજ નિયમિત વંદન કરે. આજે જેલમાં કેટલાંયની પરિસ્થિતિ એવી છે કે ગુનો સાબિત થયો ન હોય તો પણ જેલમાં સબડવું પડે.આ ભાઇની સ્થિતિ પણ આવી જ હતી.એને કોઇ લાગવગ ન હતી. કે કોઇ બચાવે, અસુરક્ષા વચ્ચે પણ એનામાં દેવ-ગુરુની શ્રધ્ધા હતી.એ વિક્રમસૂરીશ્વરજી મ.સા.નો ભગત હતો.રોજ પાકીટમાંથી ગુરુ ભગવંતનો ફોટો કાઢે, ભાવપૂર્વક વંદના કરે.

એક દિવસ તે ગુરુવંદન કરી રહ્યો હતો.અને જેલના ત્યાં કોઇ અધિકારી ત્યાં આવ્યા.તેમણે ગુરુ ભગવંતનો ફોટો જોયો અને પૂછયું તું કોને પગે લાગી રહ્યો છે ?આ તો મારા ગુરુ છે.એમને વંદના કરુ છું. પેલો અધિકારી કહે અરે, આ તો મારા પણ ગુરુ છે.

અધિકારીએ એને પૂછવા યોગ્ય વિગત પૂછી લીધી અને કહયું આ જેલમાંથી તારો બે ચાર દિવસમાં છુટકારો થઇ જશે. એ ભાઇનો બીજા દિવસે જ છુટકારો થયો એ બોલી ઉઠયો.હાશ. હવે શાંતિ.

પૂજયશ્રીએ ફરમાવેલ પંદરમી ઓગસ્ટ આવી રહી છે.પ્રધાનમંત્રીએ લાલકિલ્લા પર ચડવાનું. સુરક્ષા માટે દસ હજાર સૈનિકો ગોઠવવાના છે.આપણે આપણી સુરક્ષા માટે ચાર કારણ સ્વીકારવાના છે.મા બહાર ગઇ હોય પણ જેથી આવે કે બહાર મ.સા. કરતો માતાને વળગી પડે છે. એને શ્રધ્ધા છે. મા નું શરણ મારી રક્ષા કરશે જ.પરમાત્મામાં આવી આપણી શ્રધ્ધા જાગે તો ચોવીસ કલાક આપણે પરમાત્માનું શરણ સ્વીકારીને જ રહીએ. શરણાગતિ એટલે અનન્ય પ્રેમ અને અનન્ય વિશ્વાસ.

જીવનમાં મૃત્યુ એ નિશ્ચિત છે.પણ પરમાત્માનું શરણ મૃત્યુની પળે તમને સંરક્ષણ આપશે. સમાધિ આપશે. શાંતિ આપશે. ઋણાનુબંધના કારણે આપણે બધા ભેગા થયા છીએ.. કર્મરાજાની કોર્ટમાં આપણો કેસ ચાલે છે.સહુની કરણી પ્રમાણે ત્યાં ન્યાય થાય છે.પ્રેમના બદલામાં પ્રેમ મળે છે. દ્વેષના બદલામાં દ્વેષ મળે છે. દાન-પુણ્ય, પ્રભુ ભક્તિ સાધાર્મિક ભક્તિ કરી હશે તો પુણ્યના બદલામાં પુણ્ય પાપના બદલામાં પાપ મળશે. કોઇને સમાધિ આપી હશે તો સમાધિ મળશે.કોઇને શાતિ આપી હશે તો શાંતિ મળશે.કોઇએ કહ્યું છે બદલો બુરા ભલાનો અહીંનો અહી મળે છે. જીવનમાં શાંતિ-સમાધિ-સુરક્ષાની ઇચ્છા હોય તો અન્યની શાંતિ-સમાધિ- સુરક્ષાનો વિચાર કરી વિચારને અમલમાં લાવો. શાંતિના દ્વાર ખુલી જશે.

# ડીઝાસ્ટર મેનેજમેન્ટમાં સરકારની ક્ષમતા પ્રત્યે લોકવિશ્વાસ વધ્યો

૧૫મા નાણાં પંચના અધ્યક્ષનું નવું પુસ્તક 'ઇવન એ જ રિકેલિબ્રેટઃ ચેન્જિંગ પેરડાઇમ' પ્રધાનમંત્રીના અગ્ર સચિવ પી.કે. મિશ્રાની કેટલીક 'પસંદ કરેલી આંતરિક વાતો' સાથે પ્રગતિ અને સંભવિત વિકાસ લક્ષ્યાંકોના પૂરા નહીં થયેલા કાર્યો ઉપર પ્રકાશ ફેંકે છે જે ભારતના સંદર્ભમાં અત્યંત આવશ્યક છે. આ કાર્યો સંયુકત રાષ્ટ્રોના દીર્ઘકાલિન વિકાસ લક્ષ્યો (એસડીજી) અને પેરિસ સમજૂતીના આપાતિ જોખમ ઘટાડા માટે સેન્ડાઇ ફ્રેમવર્કના નામથી પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય સમજૂતીના સંદર્ભમાં રજૂ કરવામાં આવ્યાં છે.



સિંઘ અને મિશ્રાએ સમગ્ર જીવન અમલદાર તરીકે વિતાવ્યું છે, પરંતુ કેટલાક પસંદગીના ક્ષેત્રોમાં. વિષયસંબંધિત તેમનું તલસ્પર્શી જ્ઞાન અને તેમાં પ્રતિબિંબિત થતો અનુભવ થતો અનુભવ લેખક દ્વારા લખવામાં આવેલા દરેક નિબંધોમાં જોવા મળે છે. જેના થકી વ્યકત કરવામાં આવેલા મંતવ્યોની જવાબદારી સચોટ અર્થમાં વ્યકત થાય છે. વિવિધ ખ્યાલો અને વ્યવહારિક અમલની મદદથી પૂર્વભૂમિકા બાંધતું આ પુસ્તક ચોક્કસપણે વાંચવાલાયક, માહિતીપ્રદ અને વિચારપ્રેરક છે. પાક વીમા અને આપદા પ્રબંધન જેવા આપણા રાષ્ટ્રની સુખાકારી માટે કેન્દ્રવર્તી જટિલ વિષયોને બિનજરૂરી શાબ્દિક આડંબર વગર સાવ સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યાં છે કે તેને સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી સમજી શકે છે.

જો કે, નીતિનો અમલ કરાવતાં વ્યક્તિ દ્વારા તેને લખવામાં આવ્યું હોવાથી પોતાને થયેલા અનુભવોનું આલેખન કરતા પ્રસંગોની રજૂઆત અનિવાર્ય બને છે. પરંતુ તે આત્મકથા નથી. અનુમાનોની સરળ સમજૂતી, સમતોલ આકલન અને વ્યક્તિગત નિખાલસતા લાંબા સમય સુધી વિશેષ ક્ષેત્રમાં વિતાવેલા કારકિર્દીના સમયગાળાની સાક્ષી પૂરી પાડે છે. આ કોઇ એવા પ્રકારનું પુસ્તક નથી જેમાં જ્યારે પરિણામો પોતાની તરફેણમાં હોય ત્યારે આ મેં અને જ્યારે પરિણામો વિપરિત હોય ત્યારે આ કોઇ બીજી વ્યક્તિએ કર્યું હોવાનો આરોપ-પ્રતિઆરોપ કરવામાં આવ્યો છે.

જો કોઇ લક્ષ્યાંક પ્રાપ્ત કરવું હોય તો, ચોક્કસ ક્ષેત્રોમાં સફળતા મેળવવા કેવી રીતે વિવિધ હિતધારકો એકજૂથ થઇને મૂળભૂત રીતે સમગ્ર માળખાની પુનઃગોઠવણી કરી શકે છે તેની વિસ્તૃત માહિતી છે. કેન્દ્ર, રાજ્યો અને ત્રીજી શ્રેણી વચ્ચે આપદા પ્રબંધનના ક્ષેત્રમાં પ્રશાસન, સશક્તિકરણ અને સંકલનમાં સંપૂર્ણતાની ઉત્ક્રાંતિ વિગતવાર વર્ણવવામાં આવી છે. જે વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, ગણિત (અન્ય વસ્તુઓ પૈકી અનુમાન અને ઇમારત માપદંડો અને બાંધકામ સહિત પ્રતિરોધકતા માટે) અને સામાજિક વિજ્ઞાન (ધીરાણ અને આજીવિકા નેટવર્કના ઝડપી પુનઃનિર્માણ માટે) આવરી લેતા વાસ્તવિક અર્થમાં બહુઆયામી વિષયો છે.

તે વહેલી ચેતવણી અને સ્વસહાય માહિતી અંગે લોકાભિમુખ અભિગમ ધરાવે છે. ઉદાહરણ તરીકે વિજ્ઞાનના સમાજ સાથે જોડાણ દ્વારા અને ચોક્કસ હેતુ માટે તૈયાર કરાયેલા કાયદા દ્વારા બહુસ્તરીય કાર્ય પ્રબંધન પ્રોટોકોલ ઇચ્છિત સાધનોને સ્પષ્ટ, પ્રભાવશાળી અને કાર્યક્ષમ રીતે અમલમાં મુકવામાં સહાયરૂપ બને છે. પરિણામ સ્વરૂપે, સમગ્ર રીતે, પૂર્વ જાણકારી સાથે પ્રાકૃતિક આપદાઓના પ્રબંધન માટે સરકારની ક્ષમતા પ્રત્યે લોકોના વિશ્વાસમાં વધારો થયો છે.

**આ નવું પુસ્તક દર્શાવે છે કે, કેવી રીતે જુદા- જુદા હિતધારકો ચોક્કસ ક્ષેત્રોમાં સફળતા મેળવવા એકજૂથ થઇ શકે છે**

ઉર્જિત પટેલ
(લેખક ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઇ)ના પૂર્વ ગવર્નર છે)

### બેન્કે ૩૬ વર્ષની સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી

## મેઘરજમાં ધી સર્વોદય સહકારી બેન્ક લિમીટેડની સંપૂર્ણ કોમ્પ્યુટરરાઇઝડ શાખાનો પ્રારંભ થયો

મોડાસા તા.૧૩

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસાની પ્રખ્યાત સર્વોદય સહકારી બેન્કે ૩૬ વર્ષની મંજિલ પૂર્ણ કરી વર્તમાન વર્ષમાં મેઘરજ ખાતે ધી સર્વોદય સહકારી બેંક લિમિટેડની સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝડ શાખાનો પ્રારંભ કર્યો છે.રાજયમાં ફક્ત બે સહકારી બેન્કને શાખા ખોલવાની મંજુરી મળી છે. તેમાં સર્વોદય સહકારી બેન્ક મોડાસાનો સમાવેશ થાય છે. તે તેની સિધ્ધિ સામે આર્થિક સધ્ધરતા દર્શાવે છે.

આ બેન્કની સ્થાપના સર્વોદય સહકારી શરાફી મંડળ તરીકે વર્ષ ૧૯૭૬ માં થઇ હતી. તેના પ્રથમ ચેરમેન મર્હુમ હાજી અબ્દુલ રહેમાન ઝાઝ હતા.તેમની રાહબરી હેઠળ સર્વોદય સહકારી શરાફી મંડળીએ પ્રગતિ અને વિકાસ કરી માત્ર ૧૦ વર્ષમાં આર.બી.આઇ.નું લાઇસન્સ મેળવી વર્ષ ૧૯૮૬ માં તા.૧૦-૪-૮૬ એ શરાફી મંડળીમાંથી બેન્કમાં રૂપાંતરિત થઇ હતી અને સર્વોદય સહકારી બેન્ક બની હતી. તે સમયે ચેરમેન પદે મર્હુમ હાજી અબ્દુલ લતીફભાઇ હતા. તેમના નેતૃત્વમાં ડિરેકટર આફતાબ દુરાનીની વગસ અથાગ પ્રયાસ અને જહેમતથી કેન્દ્રના નાણામંત્રી સ્વ. બી.કે.ગઢવીની સૂચનાથી આરબીઆઇએ સર્વોદય બેન્કને લાઇસન્સ આપ્યું હતું.તે વેળાના મુખ્યમંત્રી સ્વ.અમરસિંહ ચૌધરી મોડાસા હાજર રહી બેંકનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

## ડીસાના વેપારીનું અપહરણ કરનાર આરોપીઓ ઝડપાયા

પાલનપુર, તા.૧૩

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે વેપારીનું અફહરણ કરવામાં આવ્યું હતું જેની ફરિયાદ ડીસા દક્ષિણ પોલીસ મથકે કરવામાં આવી હતી. અપહરણકર્તાઓએ એક લાખ રૂપિયાની ખંડણી માંગી હતી જેની જાણ પોલીસને કરાતા બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાની સૂચનાથી અલગ અલગ ટીમો બનાવી ટેકનિકલ ટીમો સાથે શોધખોળ આદરી હતી અને ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ દાંતીવાડા ડેમની આજુબાજુ અવાવરું જગ્યામાં અપહરણ કરેલ વેપારીને રાખ્યો હતો તેવી બાતમી મળેલ જેના આધારે બનાસકાંઠા પોલીસે આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### વડગામમાં ઘર અને ધંધાના સ્થળે તિરંગો લહેરાવવા અપીલ કરાઈ

વડગામ, તા.૧૩

આઝાદીના ૭૫ વર્ષની ઉજવણીના અવસરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ હેઠળ નાગરિકોમાં દેશભક્તિ જગાડવા માટે રાષ્ટ્રમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે ત્યારે ૧૫મી ઓગસ્ટ, દેશને આઝાદી મળ્યાંને ૭૫ વર્ષ પૂર્ણ થાય છે એની ઉજવણીના ભાગરૂપે દેશની આન, બાન અને શાન એવા તિરંગાને દરેક ઘર પર લગાવવા કાર્યક્રમ આપ્યો છે.

'હર ઘર તિરંગા' કાર્યક્રમ અંતર્ગત આગામી તા.૧૩, ૧૪ અને ૧૫ ઓગસ્ટ-૨૦૨૨ના રોજ પોતાના ઘર, ધંધા વ્યવસાયના સ્થળો ઉપર તિરંગો લગાવીને આઝાદી કા અમૃત મહોત્સવના કાર્યક્રમમાં સહભાગી બનવા બનાસકાંઠા જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખ મોબીનભાઈ આઈ. પટેલે તમામ નાગરિકોને અપીલ કરી છે.



બામણા કોલેજમાં રંગોળી સ્પર્ધા યોજાઈ હતી.
(તસ્વીર : જીત ત્રિવેદી - ભિલોડા)

### વિજેતાઓને પ્રમાણપત્રો અપાયા

## બામણા કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ભિલોડા, તા.૧૩

મૂર્ધન્ય કવિવર ઉમાશંકર જોષીની જન્મભૂમિમાં કાર્યરત શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કૂલ કેળવણી મંડળ - મુંબઈ સંચાલિત સ્વ. એસ. એચ. જોષી અને બી. કે. જોષી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બામણા ગામમાં પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ અને સપ્તધારાના કો.ઓ. અધ્યાપકો દ્વારા કોલેજમાં ૫૧ સ્પર્ધક વિદ્યાર્થીઓ જોડાયા હતા.

નિર્ણાયકો પ્રા.અક્ષયકુમાર પ્રજાપતિ, પ્રા. એન. આર. જોષી વગેરે હાજર રહ્યાં હતા. મહેંદી અને રંગોળી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક જાહેર કરીને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ડૉ. બી. કે. પટેલે કરી હતી.

### મંત્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષપદે

## મોરીયા બનાસ મેડિકલ કોલેજમાં ૭૩માં વન મહોત્સવની ઉજવણી કરાઇ

પાલનપુર તા.૧૩

પાલનપુર તાલુકાના મોરિયા બનાસ મેડિકલ કોલેજ ખાતે અન્ન, નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને ૭૩ માં જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી વૃક્ષોરોપણ કરી કરવામાં આવી હતી.



મોરીયા બનાસ મેડિકલ કોલેજમાં વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. (તસ્વીર : સીતાબ કાદરી, પાલનપુર)

આ પ્રસંગે પ્રભારી મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે વન મહોત્સવની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે ચોમાસાની ઋતુમાં આપણા ઘેરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્ય કરવું જોઇએ. તેમણે કલાયમેન્ટ ચેન્જના પડકારો અને વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે વૃક્ષો મનુષ્યોના જીવનમાં જન્મથી લઇ મૃત્યુ સુધી આપણે સાથ કયારેય છોડતા નથી.ત્યારે દરેક વ્યક્તિએ વૃક્ષોનું મહત્વ સમજી વૃક્ષો વાવે તે જરૂરી છે.

આ પ્રસંગે સંસદ સભ્ય પરબતભાઇ પટેલે જણાવ્યું કે, વૃક્ષોના જતનને વરેલી આપણી મહાન સંસ્કૃતિમાં વૃક્ષ કાપવું એ પાપ ગણાય છે.ત્યારે વૃક્ષો વાવી તેની માવજત કરી ઉછેર કરીએ.

રાજય સભાના સાંસદ

### ખેતરના શેઢા પર વૃક્ષો વાવવાનું સૂચન કરાયું

દિનેશભાઇ અનાવાડીયાએ જણાવ્યું કે, વૃક્ષો વાવી તેની યોગ્ય માવજત અને જાળવણી કરી ઉછેર કરવામાં આવે ત્યારે જ સાચા અર્થમાં વન મહોત્સવ સાર્થક થશે.

સીડ બોલ બનાવી વૃક્ષારોપણ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર બનાસ ડેરી વતી એમ.ડી.સંગ્રામસિંહ ચૌધરી તથા વન સંવર્ધન ક્ષેત્રે વન વિભાગમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા અધિકારીઓ, કર્મચારીઓનું મંત્રીના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

વન મહોત્સવની ઉજવણી પ્રસંગે ધારાસભ્ય મહેશભાઇ પટેલ, ગુમાનસિંહ ચૌહાણ, બનાસ મેડિકલ કોલેજના ચેરમેન પરથભાઇ ચૌધરી અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૮ અભિષેક કરવામાં આવ્યા

## સુરેન્દ્રનગરમાં વાસૂપૂજય સ્વામી જિનાલયની ૧૩૨ મી સાલગીરી ઉજવાઇ

વઢવાણ તા.૧૩

શ્રી વાસુપૂજય સ્વામી જિનાલયની ૧૩૨ મી સાલગીરીના પ્રસંગને ઉજવવા માટે તડામાર તૈયારીઓ થઇ રહી છે. તારીખ ૭-૮-૨૨ ના રોજ રવિવાર જિનાલયમાં ૧૭૦ પ્રતિષ્ઠિત જિન બિંબોને અઢાર અભિષેક કરાવવામાં આવ્યા હતા.શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાનની મૂર્તિ ગિરનાર તીર્થ થી લાવવામાંઆવેલ શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ



સ્તંભન થી લાવવામાં આવેલની શ્રી સંભવનાથ સ્વામિની મૂર્તિ પ્રભાસ પાટણથી લાવવામાં આવેલછે.જે મૂર્તિઓ ૧૩૨ વર્ષ પહેલા ગભારામાં પ્રતિષ્ઠિત કરવામાં આવેલ હતી.

તારીખ. ૧૨-૮-૨૦૨૨ શુક્રવારના રોજ શ્રી ભક્તામર મહા પૂજન રાખવામાં આવેલ જેની ૪૪ ગાથાઓ શાસ્ત્રોક્ત રીતે વાંજિત્રો સાથે વિધિ કારક દિપેનભાઇએ ભક્તામર મહા પૂજન ભણાવેલ હતું. જેમાં પણ દર્શનાર્થીઓ હાજર રહેલ.

શ્રાવણ સુદ પૂનમ શુક્રવારે શ્રી વાસૂપૂજ્ય જિનાલયે ભવ્ય રીતે શણગારવામાં આવેલ શ્રી અમીઝરા વાસૂપૂજય સ્વામી ભગવાનના શિખર ઉપર પ્રજા ચડાવવાનું ૭૦૦૭૦ મણ ઘી થયેલ હતું. શ્રાવણ વદ એકમ શનિવારે સવારે ૯.૨૭ મિનિટે પ્રભુજીના મુખ્ય શિખર ઉપર શાસનપ્રજા તથા લીલી ધજા આરોહણ કરવામાં આવેલ. તે સિવાય ૩૧ દેરીઓના શિખર ઉપર ધજા આરોહણ કરવામાં આવેલ તો સમયે સુરેન્દ્રનગર જૈન સંઘના દરેક સભ્યો ઉપસ્થિત હતા.ત્યારબાદ સમુહસ્નાત્ર ભણાવવામાં આવેલ અને પછી શ્રી વાસુપૂજ્ય સ્વામી દાદાની પહેલી પૂજાનું ઘી બોલાવવામાં આવેલ હતું.ત્યારબાદ બપોરે સંઘનું સ્વામિ વાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.



ધનસુરામાં ગ્રામ પંચાયત દ્વારા તિરંગા પદયાત્રા યોજાઈ હતી.
(તસ્વીર : અતુલ બ્રહ્મભટ્ટ, ધનસુરા)

### મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા

## ધનસુરામાં ગ્રામ પંચાયત દ્વારા તિરંગા પદયાત્રાનું આયોજન કરાયું

ધનસુરા તા.૧૩

હર ઘર તિરંગા અભિયાનને લઈને દેશભરમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશભરમાં ઉત્સાહપૂર્વક વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરામાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા તિરંગા પદયાત્રા યોજાઇ હતી જેમાં મોટી સંખ્યામાં ગામલોકો જોડાયા હતા.આ તિરંગા પદયાત્રા ધનસુરા ગ્રામ પંચાયત, પરબડી ચોક, બજાર સહિત નગરમાં યોજાઇ હતી.

### યાત્રામાં દેશ ભક્તિના ગીતો ગાવામાં આવ્યા

જેમાં લોકો જોડાયા હતા અને દેશભક્તિના નારા લગાવ્યા હતા. આ યાત્રામાં ધનસુરાના સરપંચ હેમલત્તાબેન પટેલ, ટી.ડી.ઓ. રાકેશભાઇ પટેલ, ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઇ પટેલ, તલાટી નીતિનભાઇ પ્રિયદર્શી ગ્રામ પંચાયતના સદસ્યો ગ્રામ પંચાયતનો સ્ટાફ ગામના આગેવાનો તથા વડીલો ધનસુરાની વિવિધ સ્કૂલોના આચાર્યો શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.અને દેશભક્તિના ગીતો સાથે આ યાત્રા યોજાઇ હતી.

આ તિરંગા પદયાત્રાને જોવા લોકો મોટી સંખ્યામાં ઉમટયા હતા.

### પીલૂચા હાઈવે પર ગટરો ભરાઈ જતા પાણી ભરાઈ રહેવાની સમસ્યા

પાલનપુર, તા.૧૩

હિંમતનગર થી મેરવાડા સુધી નેશનલ હાઈવે-૫૮ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છે. વડગામ અને ખેરાલુ તાલુકાને જોડતા નેશનલ હાઈવે-૫૮ ઉપર અને પિલુચા ચોકડી પર પાણી ભરાતું હતું જેને લઈ ગત ચોમાસાએ નેશનલ ઓથોરિટીના અધિકારીઓએ ત્યાં ચેમ્બર બનાવી ગટર નાંખી સરસ્વતી નદીમાં ગટર લાઈન કાઢી પાણીનો નિકાલ કર્યો હતો. આ ચોમાસાએ જયાં પાણી ભરાઈ રહે છે તે ગટરની ચેમ્બરમાં માટી ભરાઈ જવા પામી છે અને ચેમ્બરના ઢાંકણા તૂટી ગયા છે. વારંવાર વરસાદ પડવાથી ત્યાં પાણી ભરાય છે આથી વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યાં છે ત્યારે જવાબદાર અધિકારીએ ચોમાસા પહેલા ગટરની સાફ-સફાઈ કરાવી અને ઢાંકણા તૂટી ગયા છે તેની તપાસ કરવાની હોય છે. દરમ્યાન ગટર પૂરાઈ જવાથી વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યાં છે તે બાબતે હજુ સુધી કોઈ જ તપાસ નથી કરી. ત્યારે સરકાર દ્વારા જવાબદાર અધિકારીઓ સામે આ બાબતે યોગ્ય પગલાં ભરવામાં આવે તેવી વાહનચાલકોમાં માંગ ઉઠવા પામી છે.




### માઉન્ટ આબુથી પાલનપુર સુધી

## બ્રહ્માકુમારીઝ દ્વારા તિરંગા બાઈક રેલીનું આયોજન કરાયું

પાલનપુર તા.૧૩

ત્રિદિવસીય ત્રિરંગા મહોત્સવમાં ઘર ઘર તિરંગો લગાવી સર્વ પોતાની જાતે જ અદા કરે આ શબ્દ બ્રહ્માકુમારીઝના વડા ૯૮ વર્ષિય દાદી રતન મોહિનીજીએ મા.આબુથી પાલનપુર સુધીની તિરંગા બાઈક રેલીને પ્રસ્થાન કરાવતી વખતે ઉચ્ચાર્યા હતા.

### ડો.દાદી રતન મોહનજીએ રેલીને લીલી ઝંડી આપી

બ્રહ્માકુમારીના શશિકાંત ત્રિવેદીના જણાવ્યાનુસાર સવારે૧૦.૩૦ વાગે માં આબુથી નીકળેલ આ રેલી ભારતમાતાની જય બોલાવતી ૧૨.૩૦ કલાકે પાલનપુર પહોચે જ્યાં સંસ્થાના પાલનપુર સંચાલિકા તથા નગરજનોએ ૨૪૦ બાઈક સાથેઆવેલ દિવ્ય બ્રહ્માકુમારીઝ ભાઈ-બહેનનું સ્વાગત કરેલ ત્યારબાદ વિશાળ રેલીમાં મોટી સંખ્યામાં લોકો જોડાઈ પાલનપુર શહેરના મુખ્યમાર્ગો પર ફરેલ નવા અનેક સ્થળોએ વિવિધ સંગઠનો દ્વારા સન્માન સ્વાગત કરવામાં આવેલ. આ રેલીને ૧.૩૦ કલાકે બ્રહ્માકુમારીઝના પાલનપુર નગર સેવાકેન્દ્ર પર વિશાળ જન સભામાં ફેરવાયેલ જયાં દેશના તિરંગા સાથે તેની મહત્વતા પર મહાનુભાવોએ પોતાના વિચાર રજુ કરેલ.

સમારંભને સંબોધન કરતાં જીલ્લાના સાસદ પરબતભાઈ જણાવેલ કે દેશનો તિરંગો અનેક બલીદાનો બાદ મળેલ સ્વતંત્રતાનું ગૌરવ છે.

### કોઠીયા અને પશુઓનું રસીકરણ કરાયું

## ભિલોડાના ટોરડામાં પશુઓને લમ્પી વાઈરસની અસર જણાતા સારવાર અપાઈ

મોડાસા તા.૧૩

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ટોરડા ગામે બે અને માલપુર તાલુકાના કોઠીયા ગામે એક મળી કુલ ૩ પશુ ઓમાં લમ્પી રોગનું સંક્રમણ જણાતાં પશુપાલન વિભાગે સારવાર સહિત રસીકરણ હાથ ધરાયું હતું.તેમજ મેઘરજ તાલુકામાં ૧૩ ગામોમાં લમ્પી વાયરસ રોગ પશુઓમાં દેખાયો છે.પશુઓમાં લમ્પી વાયરસના શંકા ધરાવતા શંકાસ્પદ લક્ષણો જણાઇ આવતા પશુ પાલન વિભાગ સતર્ક બન્યું છે મેઘરજ તાલુકામાં ૧૩ પશુઓ લમ્પી વાઇરસના ઝપાટામાં

### અરવલ્લી જિલ્લામાં ૭૭ પશુ લમ્પી વાઈરસનો ભોગ બન્યા

આવતા પશુપાલન વિભાગે આ રોગને અટકાવવા વેક્સિનેશનની કામગીરી ટીમ બનાવી પુરજોશમાં શરૂ કરી છે.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસોમાં કુલ ૭૭ પશુઓ આ લમ્પી વાયરસ રોગના ભરડામાં સપડાયા હતા.જેથી હાથ ધરાયેલ રસીકરણની ઝુંબેશ અને સારવાર ને લઇ ૨૯ પશુઓમાં રિકવરી જોવા મળી છે.

અત્યાર સુધી ૪૭૧૭૧ પશુઓને ૧૪૦ ટીમો દ્વારા રસીકરણ કરી પશુઓને આ રોગના સંક્રમણ સામે રક્ષણ આપ્યું છે હજુ સુધી કોઇ પશુનું મરણ નોંધાયું નથી.

### યુવકની હત્યા કે આત્મહત્યાનું રહસ્ય અકબંધ

## કુડલામાં ગુમ થયેલા યુવાનનો મૃતદેહ ગામ પાસેના કૂવામાંથી મળ્યો

વઢવાણ તા.૧૩

ચુડા તાલુકામાં કુડલા ગામે ગુમ થયેલા યુવક્નો મૃતદેહ ગામના તળાવ પાસે આવેલા કૂવામાંથી મળી આવ્યો હતો.યુવાનના ગુમ થવાનું અને મોત અંગેનું કારણ બહાર આવ્યું નથી. યુવકની હત્યા થઇ કે તેને આત્મહત્યા કરી તે રહસ્ય અકબંધ છે.

ચુડા તાલુકાના કુડલા ગામનો કુલદીપ ઉર્ફે બાલો જેસીંગભાઇ જતાપરા ઘરેથી નીકળી ગયો હતો. સાંજ સુધી કુલદીપ ઘરે પરત નહીં ફરતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. મોડી રાત સુધી કુલદીપની કોઇ ભાળ નહી મળતા પરિવારના સભ્યો ચિંતામાં ગરકાવ થઇ ગયા હતા.

કુંડલા ગામે સ્મશાન પાછળ તળાવના કાંઠે આવેલા અવાવરું કુવામાં યુવાનનો મૃતદેહ તરતો હોવાની વાતો વહેતી થઇ હતી. ગ્રામ જનોને કૂવામાંથી બહાર કાઢયો હતો. મૃતદેહ ૨ દિવસ પહેલા ગુમ થયેલા કુલદીપ ઉર્ફે જતાપરાનું હોવાનું બહાર આવતા તેના પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.

### આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે

## વડા ગામે સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન વિશે વ્યાખ્યાન યોજાયું

કાંકરેજ તા.૧૩

કાંકરેજ તાલુકા કેળવણી મંડળ. થરા સંચાલિત સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યા સંકુલ અંતર્ગત કાંતાબેન કીર્તિલાલ શાહ આટ્‌ર્સ એન્ડ લીલાવતીબેન બાપુલાલ ગુજારીયા કોમર્સ કોલેજ,થરાના પ્રિ.ડૉ.ડી. એસ.ચારણના માર્ગદર્શન હેઠળ પંચ પ્રકલ્પ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના વડાગામ ખાતે હટોસણા હનુમાનજીના પવિત્ર ધામથી રામ વાટીકામાં આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે

### મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા

ભારતની આઝાદીમાં સ્વાતંત્ર્ય સેનાનીઓના યોગદાન વિશે પ્રો.ડો.આર.આર.રોહિત દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.જેમાં ભારતની આઝાદી માં સ્વાતંત્ર્ય સેનાઓએ આપેલા યોગદાન અને બલિદાનને બિરદાવી ભારતીયતા, સ્વતંત્રતા સમતા અને બંધુતાના સંદેશ સાથે વ્યાખ્યાન આપેલ હતું. આ પ્રસંગે ભાજપ જિલ્લા ઉપાધ્યક્ષ ઝેણુભા વાઘેલા,કાંકરેજ તાલુકા પૂર્વ ઉપપ્રમુખ મહિપતસિંહ વાઘેલા મોટી સંખ્યામાં હાજરી આપી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા શૈલેષભાઇ દેવ અને પ્રકાશભાઇ જોશીએ જવાબદારી અદા કરી હતી.



ડીસામાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
(તસ્વીર : હસુભાઇ પુજારા, ડીસા)

## બહેનોએ ભાઇને રાખડી બાંધી

# ડીસામાં પરંપરાગત રીતે રક્ષાબંધન પર્વ ઉજવાયું

ડીસા તા.૧૩

રક્ષાબંધન ભાઇ-બહેનોનો પવિત્ર તહેવાર છે. રક્ષાબંધનની સમગ્ર રાજ્ય સાથે બનાસકાંઠા જિલ્લામાં હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી.

### બહેનોએ ભાઈના દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી

આ દિવસે અપાયેલું રક્ષા સુત્ર સમગ્ર વર્ષ દરમિયાન ભાઇની રક્ષા કરે છે.શ્રાવણ વદ પુનમનાં દિવસે રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. તેવી જ રીતે બ્રાહ્મણો સાત ઋષિઓનું પૂજન કરી જનોઇ બદલતા હોય છે.ત્યારથી રક્ષાબંધનને દિવસે જનોઇ બદલવાની પરંપરા ચાલી આવે છે.બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરમાં રક્ષાબંધનના પર્વ નિમિતે સવારે બહેનો પોતાનાં ભાઇને રક્ષા બાંધી દિર્ધ આયુષ્યની પ્રાર્થના કરી હતી. તો વળી ભાઇએ બહેનને ગીફ્ટ આપી જીવનભર રક્ષણનું વચન આપ્યું હતું. પોતાના વીરલાને ગમતી-મનગમતી રાખડી અને કંકુ-ચોખા લઇ તિલક કરી લાંબા આયુષ્યની પ્રાર્થના કરી મોં મીઠું કરાવ્યું હતું. રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા લોધા આશિયા પરિવાર દ્વારા ભાઇ બહેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહેને પોતાના ભાઇને રાખડી બાંધી ભાઇના દિર્ઘાયુની કામના કરી હતી.

## ગ્રામ્ય વિસ્તારમાં નર્સરીઓ વિકસાવવા સૂચન કરાયું

# પર્યાવરણની સુરક્ષામાં બનાસકાંઠા જિલ્લો અગ્રેસર બને :ડૉ.અફરોજ અહેમદ

પાલનપુર તા.૧૩

બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે પધારેલા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચેરમેન ડો.અફરોજ અહેમદના અધ્યક્ષસ્થાને પાલનપુર કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રીક્ટ એન્વાર્યનમેન્ટ પ્લાનની ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા કલેકટરની આનંદ પટેલે જિલ્લાનો એન્વાર્યનમેન્ટ પ્લાન રજૂ કરી પર્યાવરણની સુરક્ષા તથા ઘન અને પ્રવાહી કચરાના નિકાલ માટે કરવામાં આવેલ વ્યવસ્થાઓ અંગે ટ્રીબ્યુનલને માહિતી આપી હતી.

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકઓ અને ૬ નગરપાલિકા વિસ્તારમાં સૂકો અને પ્રવાહી કચરાનો નિકાલ પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ બાયોમેડીકલ વેસ્ટ મેનેજમેન્ટ, ઇલેકટ્રીક વેસ્ટ મેનેજમેન્ટ, ડસ્ટ અને એર પોલ્યુશન અટકાવવા, વોટર કવોલીટી મેનેજમેન્ટ અને માઇનીંગ તથા અવાજ અને ટ્રાફિક પ્રદુષણના નિવારણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પાલનપુર તાલુકાના વેડંચા ગ્રામ પંચાયત દ્વારા પહેલ કરીને ઘરોમાંથી આવતા ગ્રે-વોટર (બાથરૂમ અને રસોડામાંથી ગંદા પાણી) ની ટ્રીટમેન્ટ કરી ખેતી માટે વપરાશ લાયક બનાવવું અને ભૂગર્ભ જળ રિ-ચાર્જ

### પાલનપુરમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચેરમેનના અધ્યક્ષ પદે બેઠક યોજાઇ

કરવાનું જે મોડેલ વિકસાવવામાં આવ્યું છે. તેનું પ્રેઝન્ટેશન નિહાળી ગ્રીન ટ્રીબ્યુનલના ચેરમેન ડો.અફરોજ અહેમદે જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લા કલેકટર આણંદ પટેલના નેતૃત્વમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સરાહનીય કાર્ય કરવામાં આવ્યું છે.તેમણે આ મોડેલની સફળતા જોઇ બીજા રાજયોમાં લાગુ કરવા ટ્રીબ્યુનલ દ્વારા આદેશ કરવામાં આવશે. તેમ જણાવ્યું હતું તેમણે કહ્યું કે, આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, નિવાસી અધિક કલેકટર એ.ટી.પટેલ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પાલનપુરમાં પિતા છે મહાન વિષય પર કાર્યક્રમ યોજાયો હતો.
(તસ્વીર :સીતાબ કાદરી, પાલનપુર)

## શ્રી તથાગચ્છ જૈન ઉપાશ્રયના આંગણે

# પાલનપુરમાં 'પિતા છે મહાન' વિષય પર કાર્યક્રમ યોજાયો

પાલનપુર તા.૧૩

પાલનપુર નગરે કલ્યાણકારી ચાતુર્માસ અંતર્ગત શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રયના પ્રાંગણે માનવતાના મસીહા પ.પૂ.આ શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદ અને પૂજ્ય

### કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રોતાઓ હાજર રહ્યા

મુનિરાજ નયશેખર વિજયજી મ.સા. પૂજ્ય મુનિરાજ શોર્ય શેખર વિજયજી મ.સા.સાનિધ્યમાં માતા પિતા છે. મહાન કાર્યક્રમ યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન ડો.રાજુલબેન દેસાઇ ભાનુમતિ બેન મકવાણા અતિથિ વિશેષ હરેશભાઇ એચ. ચૌધરી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં મનીષાબેન જોષીનું નેહાબેન પુજારાએ પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે પં.શુભમ કટારીયાએ સંવેદના કરાવેલ જે બાળક પોતાના માતાપિતાને વૃદ્ધાશ્રમમાં મુકીને આવે છે.અને જો તે વૃધ્ધાશ્રમમાં મૃત્યુ પામે તો બાળકોને આજીવન સૂતક લાગે છે. તેમ ડો.રાજુલ દેસાઇએ જણાવેલ અને સાથે ભાનુમતીબેન મકવાણા નેહાબેન પુજારાએ માતાપિતાનું મહત્વ સમજાવેલ આ પ્રસંગે પાલનપુર ગામના ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.



પાટણના શિશુ મંદિરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
(તસ્વીર : અમૃત મહેતા, પાટણ)

## બાળકો રાધા અને કૃષ્ણનો પરિધાન પહેરીને આવ્યા

# પાટણના શિશુ મંદિરમાં જન્માષ્ટમી પર્વ ઉજવાયું

પાટણ તા.૧૩

પાટણ શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસની સાથે સાથે ધાર્મિક તહેવારોથી વિદ્યાર્થીઓ વાકેફ બને તેવા હેતુ સાથે વિવિધ ઉત્સવોની ઉજવણી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હોય છે.પાટણ શહેરની શિશું મંદિર શાળા ખાતે આગામી જન્માષ્ટમીના પર્વને ધ્યાનમાં રાખીને શાળાના બાળકો જન્માષ્ટમીનું મહત્વ સમજે તે માટે જન્માષ્ટમી પર્વની ભક્તિસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

શિશુ મંદિર શાળા સંકુલ ખાતે

### નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી નો નારો કરવામાં આવ્યો

આયોજિત જન્માષ્ટમી મહોત્સવમાં નાના ભૂલકાઓ રાધાકૃષ્ણના ટ્રેડિશનલ ડ્રેસ સજી ધજીને મટકી ફોડ સાથે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરી ભગવાન શ્રી કૃષ્ણની આરતી ઉતારી નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી ના ગગનભેદી ના નારા લગાવ્યા હતા

અને વાતાવરણને શ્રી કૃષ્ણમય બનાવ્યું હતું. શિશું મંદિર શાળા ખાતે આયોજિત કરાયેલા જન્માષ્ટમી ઉત્સવને અનુરૂપ શાળા પરિવારના ગુરુજનો દ્વારા બાળકોને જન્માષ્ટમીના પર્વથી માહિતગાર કરી જન્માષ્ટમીના પર્વની ઉજવણી યાદગાર બનાવી હતી.

## પાકિસ્તાનમાંથી ભારત સ્થળાંતરિત થયેલાં

# ૨૪ લોકોને અપાયા ભારતીય નાગરિકત્વ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૧૩

રાજકોટ ખાતેથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પાકિસ્તાનમાંથી ભારત સ્થળાંતરિત થયેલાં રાજકોટનાં ૨૪ લોકોને ભારતીય નાગરિકત્વ અર્પણ કરાવામાં આવ્યું હતું. દેશની આઝાદીને ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે ત્યારે ૨૪ લોકોને આઝાદીના મહત્વનો લાગણીસભર અનુભવ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રએ તેમને ભારતીય નાગરિકત્વ સર્ટિફિકેટ આપીને કરવામાં આવ્યો હતો. સ્વતંત્રતા દિવસના બે દિવસ પૂર્વે ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કરતાં લોકોની આંખોમાં હરખનાં આસું જોવા મળ્યા હતા. હર્ષ સંઘવીએ ૨૪ નાગરિકોને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. આખો દેશ "આઝાદી કા અમૃત મહોત્સવ"ને ઉજવી રહ્યો છે. આજે તિરંગા યાત્રાનું આયોજન કરીને રાજકોટ શહેરમાં નવો ઇતિહાસ રચાયો છે. દરેક રાજકોટવાસી તિરંગો લહેરાવીને દેશભક્તિના રંગે રંગાયું છે ત્યારે રાજકોટ જિલ્લામાં આજે વધુ એક હૃદયસ્પર્શી વાત બની છે. આજે પાકિસ્તાનમાંથી ભારતમાં અને

### સ્વતંત્રતા દિવસના બે દિવસ પૂર્વે ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કરતાં લોકોની આંખોમાં હરખનાં આસું જોવા મળ્યા હતા

તેમાં પણ રાજકોટમાં સ્થળાંતરિત થયેલાં લોકોને ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત થયું છે તે બદલ શુભેચ્છાઓ પાઠવું છું. એવિએશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતી કિશોરી કેશર શંકરચંદે ગૃહમંત્રીનો આભાર માનીને કહ્યું હતું કે, આજે મારા સ્વપ્નોને સાચા અર્થમાં નવી ઉડાન મળી છે. ભારતીય નાગરિકત્વ ન હોવાને કારણે મારા સ્વપ્નને પૂર્ણ કરવામાં અનેક અડચણો આવતી હતી. પરંતુ આજે નાગરિકત્વ મળતાં એ અડચણો દૂર થઈ ગઈ છે. કેશરની આ વાતને ધ્યાને લઈને હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, બહેન કેશરને ઉંચી ઉડાન ભરવા માટે નાગરિકત્વ મળી ચુક્યું છે. તેમનું એવીએશન ક્ષેત્રે કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જલ્દી પૂરું થાય તેવી શુભેચ્છાઓ પાઠવું છું. ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ ઉપરાંત મહાન ભારત દેશના નાગરિક બનવાનો અવસર મળ્યો જે ગર્વની વાત છે. સૌના સુખે સુખી અને સૌના દુઃખે દુઃખી થવાની કૌટુંબિક ભાવના રાખતો ભારત દેશ તમારા સ્વપ્નોને પુરા કરવા માટે શ્રેષ્ઠ તકો પુરી પાડશે. આ પ્રસંગે હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ પોલીસ ક્રાઈમ બ્રાન્ચના લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર પોલીસ જવાનોને પ્રસંશાપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વધુ વૃક્ષો વાવવા સૂચન કરાયું

# લસુડીયામાં મંત્રી કુબેરભાઈના હસ્તે વન મહોત્સવની ઉજવણી કરાઈ

ભિલોડા, તા.૧૩

ભિલોડા તાલુકાના લુસડીયા ખાતે અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રી કુબેરભાઈ ડિંડોરના અધ્યક્ષ સ્થાને ૭૩માં જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રભારી મંત્રી કુબેરભાઈ ડિંડોરે વન મહોત્સવની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું કે, ચોમાસાની ઋતુમાં આપણા ઘરની આજુબાજુ, ખેતરના શેઢે-પાળે વૃક્ષો રોપવાનું પવિત્ર કાર્યકરવું જોઈએ. તેમણે ક્લાયમેટ તેન્જના પડકારો અને વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે, વૃક્ષો મનુષ્યોના જીવનમાં જન્મથી લઈ મૃત્યુ સુધી આપણો સાથ ક્યારેય છોડતા નથી ત્યારે દરેક વ્યક્તિએ વૃક્ષોનું મહત્વ સમજી વૃક્ષો વાવે તે જરૂરી છે. જંતુ, પશુ-પક્ષી સહિત સમગ્ર સજીવના અસ્તિત્વ માટે વૃક્ષો હોવા જરૂરી છે ત્યારે આપણે સૌ સાથે મળી વધુમાં વધુ વૃક્ષો વાવી બનાસકાંઠા જિલ્લાને વૃક્ષોથી હર્યોભર્યો લીલોછમ્મ બનાવીએ.

## પોલીસે ત્રણ આરોપીને ઝડપ્યા

# પ્રેમ લગ્ન કરનાર યુવકની હત્યા બાદ તેની પત્નીનું અપહરણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૧૩

રાજકોટ જિલ્લામાં પતિની હત્યા કરી તેની પત્નીનું અપહરણ કરનાર ત્રણ જેટલા આરોપીઓને શાપર વેરાવળ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. આરોપીઓને દસ દિવસના રિમાન્ડની માંગણી અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ ઉત્તર પ્રદેશના હમીરપુર જિલ્લાના લોહરા ગામના પિયુષ ઉર્ફે લાલો ૨૦૧૯ ના વર્ષમાં શાપર વેરાવળ ખાતે ચાની હોટલ ધરાવતો હતો. આ સમયે સાપર વેરાવળના શાંતિધામ સોસાયટીમાં ચોપડામાં રહેતી કુવર ઉર્ફે અલય સાથે પ્રેમ સંબંધ બંધાતા તેને ભગાડીને લઈ ગયો હતો. સમગ્ર મામલે પિયુષ ઉર્ફે લાલા વિરુદ્ધ અપહરણ બળાત્કાર તેમજ પોકસો સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાતા તેની ધરપકડ પણ કરવામાં આવી હતી. જેલમાંથી છૂટ્યા બાદ પિયુષે કુંવરને ભગાડી પોતાના વતન ઉત્તર પ્રદેશમાં લઈ ગયો હતો અને જ્યાં તેની સાથે લગ્ન કરી લીધા હતા. લગ્ન જીવન દરમિયાન બંનેને એક સંતાનની પ્રાપ્તિ પણ થઈ હતી. દરમિયાન ગત સોમવારે પિયુષ તેની પત્ની કુવર અને સંતાન સાથે પડવલા જીઆઈડીસીમાં રહેતા પોતાના

### સોમવારે પિયુષ તેની પત્ની કુવર અને સંતાન સાથે પડવલા જીઆઈડીસીમાં રહેતા પોતાના પરિવારને મળવા આવ્યો હતો

પરિવારને મળવા આવ્યો હતો. દરમિયાન ગઈકાલે પ્રેમ લગ્નનો ખાર રાખી અલ્ટો કારમાં આવેલા સિનો વાલા, રાદે માલાણી અને વિહળ માલાણી પિયુષને મોતને ઘાટ ઉતારી તેની પત્નીનું અપહરણ કરી નાસી છૂટ્યા હતા. પોલીસે હાલ ગુનાના કામે વાપરવામાં આવેલી અલ્ટો કાર પર કબજે કરી છે. સમગ્ર મામલાની જાણ રૂરલ એસપી જયપાલસિંહ રાઠોડને થતા હત્યાને અપહરણમાં સંડોવેલા આરોપીઓને ઝડપી લેવા અલગ અલગ ટીમ બનાવી હતી. સમગ્ર મામલે શાપર વેરાવળ પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ત્રણેય આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી લેતા પોતે આચરેલા ગુનાહિત કૃત્યના કારણે અફસોસ પણ થઈ રહ્યો હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. રાજકોટ શહેરમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રાજકોટ શહેરના જીવરાજ પાર્ક પાસે આવેલ રેસિડેન્સીના પાર્કિંગમાં ચોકીદાર તરીકે કામ કરનારા નેપાળી દંપતીના બે મહિનાની બાળકીનું શંકાસ્પદ હાલતમાં મોત નીપજ્યું હોવાની ઘટના સામે આવી છે.

સમગ્ર મામલે પોલીસ દ્વારા બે મહિનાની દીકરી એન્જલનું ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું છે. માસુમ બાળાના શરીર પર ઈજા જેવા કેટલાક નિશાનો જણાતા પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પીએમ કરાવ્યું છે.

## પ્રેક્ષકોને ફિલ્મ ન જોવા સમજ અપાઇ

# વડોદરામાં લાલસિંગ ચઢ્ઢા ફિલ્મનો શો રદ કરાયો

વડોદરા તા.૧૩

વડોદરા શહેરના પ્રતાપનગર રોડ પર આવેલ વિહાર મલ્ટી પ્લેક્સ સિનેમાગૃહમાં વિવાદિત લાલસીંગ ચઢ્ઢા ફિલ્મનો રાત્રીનો શો શરૂ થાય તે પહેલા જ હિન્દુ સંગઠનોના કાર્યકર્તાઓ પહોંચી જઇ ભારે વિરોધ કરી હોબાળો મચાવ્યો હતો અને દર્શકોને આ ફિલ્મ નહી જોવા માટે સમજાવવામાં આવ્યા હતા.

આમિરખાનની લાલસીંગ ચઢ્ઢા ફિલ્મ દેશભરમાં રિલીઝ કરવામાં આવી છે.આ ફિલ્મ તેના રિલીઝથી ભારે વિવાદોમાં સપડાઇ છે.આ વિવાદિત ફિલ્મ પાછળ એમ મનાય છે કે ફિલ્મમાં હિન્દુ ધર્મની ધાર્મિક પરંપરાઓની મજાક ઉડાડવામાં આવી છે તેમજ ભારતીય સેનાના

### વિહાર મલ્ટીપ્લેક્સમાં ફિલ્મનો વિરોધ કરાયો

જવાનોના મનોબળ તોડવાનો પ્રયાસ કરાયો છે. તેને લઇને હિન્દુ સંગઠનો દ્વારા સોશિયલ મિડિયાના માધ્યમથી ભારે વિરોધ કરાયો છે અને દેશવાસીઓને આ ફિલ્મનો વિરોધ કરવા અને ફિલ્મ નહી જોવા માટે સોશિયલ મીડીયામાં ભારે પ્રચાર કરવામાં આવી રહ્યો છે.જેથી ફિલ્મ ફિલ્મ રીલીઝ થતા પહેલા જ આમિરખાનની ફિલ્મનો ભારે વિરોધ વંટોળ ઉઠયો છે. તેવામાં શહેરના પ્રતાપનગર વિસ્તારમાં આવેલ વિહાર મલ્ટીપ્લેક્સમાં આ ફિલ્મનો રાત્રિ શો શરૂ થતાં જ હિન્દુ સંગઠનોના કાર્યકર્તાઓ સિનેમાગૃહ પર પહોંચી ગયા હતા. અને દર્શકોને ફિલ્મ નહી જોવા સમજાવતા હતા. અને ફિલ્મનો ઉગ્ર વિરોધ કરતાં ભારે હોબાળો મચાવ્યો હતો. આખરે શો રદ કરવો પડયો હતો.

# ચોટીલામાં તકરાર થતા એક યુવાને બીજા યુવાનને છરી મારી

વઢવાણ તા.૧૩

ચોટીલા ખાંડી પ્લોટ નજીક આવેલ સરમાળીયા દાદરની ડેરી પાસે બે યુવાનો વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં એક યુવક ઉપર તિક્ષ્ણ છરીનાં ઘા ઝીંકી દેતા ઘાયલ યુવાનને સારવાર માટે રાજકોટ લઇ જવાયો છે.

આ બનાવ અંગે મળતી માહિતી મુજબ ચોટીલાની મુખ્ય માર્કેટ ખાડી પ્લોટ અને ગ્રામીણ બેક વચ્ચે આવેલ વાસુકી ચરમાળીયા દાદાના મંદિર પાસે સલમાન મુનાભાઇ સોલંકી અને આદિલ ઇલ્યાસભાઇ વચ્ચે કોઇ કારણોસર ઝઘડો થયો હતો આથી આદિલે તેની પાસે રહેલી છરીના ઘા ઝીંકી દીધા હતા. આથી ઇજાગ્રસ્ત સલમાનને લોહી નીકળતી હાલતમાં રેફરલ હોસ્પિટલ લઇ જવાયો હતો.જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યો હતો.આ ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે ગયેલ અને તપાસ હાથ ધરી હતી.

## અંકલેશ્વર રેલવે મથકેથી ગાંજો ભરેલી બેગ મળી

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર રેલ્વે સ્ટેશનનાં પ્લેટફોર્મ નંબર-૧ પરથી રૂપિયા ૧.૪૨ લાખ ઉપરાંતનો ૧૪ કિલો ૫૯૪ ગ્રામ ગાંજો ભરેલ ટ્રોલીબેગ બિનવારસી હાલતમાં મળી આવતા રેલ્વે પોલીસે તપાસ હાથ ધરી છે.

રેલ્વે પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર રેલ્વે સ્ટેશન ઉપર રેલ્વે પોલીસને પ્લેટફોર્મ નંબર-૧ ઉપર એક બિનવારસી હાલતમાં ટ્રોલી બેગ પડેલી હોવાની જાણ થતાં પોલીસ કાફલો આવી પહોંચી બેગમાં તપાસ કરતા સાત પેકેટ મળી આવ્યાં હતાં. રેલ્વે પોલીસે પેકેટમાં તપાસ કરતાં વનસ્પતિ જન્ય પદાર્થ મળી આવ્યો હતો. રેલ્વે પોલીસે એફએસએલની મદદ લેતા તે ગાંજો હોવાનું બહાર આવ્યું હતું.

# હિંમતનગર ખાતે દૂધ મંડળીની સભામાં વિવિધ પ્રશ્નોની ચર્ચા થઈ

હિંમતનગર, તા.૧૩

હિંમતનગર તાલુકાની દલપુર અને ઉમા દલપુર દૂધ મંડળીઓ ખાતે ભારત સરકારની એનપીડીડી યોજના અંતર્ગત ૬૦ ટકા સહાયથી સ્થાપિત બલ્ક મિલ્ક કૂલરનું લોકાર્પણ સાબર ડેરી અને જીસીએમએમએફના ચેરમેન શામલભાઈ પટેલ, ડિરેક્ટર વિપુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં બંને દૂધ મંડળીઓના તમામ દૂધ ઉત્પાદકોની હાજરીમાં સંપન્ન થયું હતું. યોજાયેલી ગ્રામસભામાં દૂધ મંડળીઓના સભાસદોનો સાથ લઈ સભાસદોનો વિશ્વાસ કેળવાય અને સભાસદોના આર્થિક અને સામાજિક વિકાસના ઉદ્દેશ્ય સાથે સાબરડેરીના ચેરમેનો સભાસદોના પ્રતિભાવો તથા પ્રશ્નો અંગે ચર્ચા કરી સ્થળ ઉપર નિરાકરણ માટે કાર્યવાહી હાથ ધરી હતી.

પર્યાવરણ સુરક્ષા હેતુ મંડળીના સ્થળે મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંઘના અધિકારીઓ અને ડો. જે. કે. પટેલ હાજર રહ્યાં હતાં.

# પાકિસ્તાનઃ વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો, વધતું દેવું અને ફુગાવાનાં રેકોર્ડ તૂટી રહ્યા છે

ઈસ્લામાબાદ,તા.૧૩

પાકિસ્તાન પોતાની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા જઈ રહ્યું છે. પરંતુ ઉજવણી જેવું કંઈ નથી. આ દેશ હાલમાં દેવા હેઠળ છે, તેના વિદેશી હૂંડિયામણની અનામત ઝડપથી ઘટી રહી છે. મોંઘવારી એટલી વધી ગઈ છે કે સામાન્ય લોકો પરેશાન થઈ રહ્યા છે. પાકિસ્તાની અર્થવ્યવસ્થા વિશે જે આંકડાઓ સામે આવી રહ્યા છે તે તેના પતનની હકીકત જણાવે છે.

## પાકિસ્તાન તેની આઝાદીના ૭૫ વર્ષ ઉજવવા જઈ રહ્યું છે પરંતુ દેશમાં ઉજવણી જેવું કંઈ નથી

તાજેતરના ડેટા અનુસાર, પાકિસ્તાનના વિદેશી મુદ્રા ભંડારમાં બે અબજ યુએસ ડોલરથી વધુનો ઘટાડો થયો છે. મોટી વાત એ છે કે ઓગસ્ટના પહેલા સપ્તાહમાં પાકિસ્તાનનો વિદેશી મુદ્રા ભંડાર ૧૪ અબજ ડોલરના આંકડાની નીચે પહોંચી ગયો છે. મોંઘવારી દર પણ ૧૩ વર્ષમાં સૌથી વધુ નોંધાયો છે. આ વર્ષે જૂનમાં મોંઘવારી દર ૨૧.૩ ટકા પર પહોંચી ગયો હતો. અગાઉ ડિસેમ્બર ૨૦૦૮માં પાકિસ્તાનમાં ફુગાવાનો દર ૨૩.૩ ટકા હતો.

હવે આ બગડતી પરિસ્થિતિ માટે અનેક પરિબળો જવાબદાર હોવાનું મનાય છે. પાકિસ્તાનની નબળી નીતિઓ તેને માત્ર ગરીબી તરફ લઈ જઈ રહી



નથી, પરંતુ રાજકીય અસ્થિરતાએ લોકોના ભવિષ્યને પણ અસ્થિર કરી દીધું છે. આઝાદી બાદથી અત્યાર સુધી પાકિસ્તાનમાં એક પણ સરકારે તેનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો નથી. આ વાત એ જ સાબિત કરી રહી છે કે આ દેશમાં આતંકવાદીઓને આશ્રય મળે છે. પરંતુ સ્થિરતા, વિકાસ, પ્રગતિ બધું જ પાછળ રહી જાય છે. પાકિસ્તાનની હાલની સ્થિતિને આ રીતે સમજી શકાય છે કે હાલમાં લોકોને એક લિટર પેટ્રોલ માટે ૨૪૮ પાકિસ્તાની રૂપિયા ખર્ચવા પડે છે. એ જ રીતે એક લિટર ડીઝલ માટે રૂ. ૨૬૩ ખર્ચવા પડે છે. આ સ્થિતિઓ પર નિષ્ણાતો પોતાની ચિંતા વ્યક્ત કરી રહ્યા છે, આ સિવાય સામાન્ય લોકો પણ ખુલીને બોલવા લાગ્યા છે. વર્તમાન પરિસ્થિતિ પર નારાજગી વ્યક્ત કરતા એક વ્યક્તિએ કહ્યું છે કે પાકિસ્તાનમાં મોંઘવારી વધતી રહેશે, બેરોજગારી પણ વધશે, લોકો મૃત્યુ પામશે, આત્મહત્યા કરશે. આ ડોલરના રેટને અંકુશમાં લેવા માટે પાકિસ્તાન સરકારે કોઈક પગલું ભરવું પડશે. હવે આ માત્ર એક વ્યક્તિનું નિવેદન છે, પરંતુ પાકિસ્તાનના લોકો હજુ પણ આ પરિસ્થિતિ સામે ઝઝૂમી રહ્યા છે. ઉદાસીનતા પ્રવર્તી રહી છે અને આશાનું કોઈ કિરણ નથી.




ઈન્ડોનેશિયામાં આયોજન સુપર ગુરુડ શિલ્ડ ૨૦૨૨ સંયુકત સૈન્ય અભ્યાસની પૂર્ણાહુતિએ અમેરિકન સૈનિકોએ સંગીત કાર્યક્રમ વખતે સેલ્ફી લીધી હતી, તસ્વીરમાં સૈનિકો ગીત ગાતા નજરે પડે છે.

# યુરોપના સૌથી લાંબા આઈસ રોડ પર સીટ બેલ્ટ પહેરવો ગેરકાયદે

નવી દિલ્હી,તા.૧૩

અત્યાર સુધી તમે જોયું જ હશે કે રોડ પર સીટબેલ્ટ પહેરવું એટલું જરૂરી છે કે જો તમે તેમાં બેદરકાર રહેશો તો ખિસ્સા ખાલી થઈ શકે છે. તમે સીટબેલ્ટ ન પહેરવા બદલ ચલણ કાપતું જોયું હશે, પરંતુ તમે એવું ક્યાંય જોયું નથી કે તમને સીટબેલ્ટ પહેરવાની મનાઈ છે. આજે અમે તમને એવી જ એક જગ્યા વિશે જણાવીશું જ્યાં ડ્રાઈવિંગ કરતી વખતે સીટબેલ્ટ પહેરવાની કાયદાકીય રીતે મનાઈ છે.

## યુરોપનો સૌથી લાંબો આઈસ રોડ બાલ્ટિક સમુદ્રનું થીજી ગયેલું સ્વરૂપ છે, જે હિયુમા ટાપુના દરિયાકિનારા પર હાજર છે

સામાન્ય રીતે રોડ પર ડ્રાઈવિંગ કરતી વખતે સીટબેલ્ટ પહેરવો જરૂરી છે, પરંતુ એસ્ટોનિયામાં ૨૫ કિમીનો રસ્તો એવો છે જ્યાં સીટબેલ્ટ પહેરવો

### નિર્ધારિત છે કારની ગતિ

ગેરકાયદેસર છે. આ યુરોપનો સૌથી લાંબો આઈસ રોડ છે, એટલે કે આ જગ્યા પરનો રોડ કોંક્રીટનો નથી, પણ જામી ગયેલો બરફ છે. અહીં વાહન ચલાવતા લોકો માટે સીટબેલ્ટ પહેરવાની સખત મનાઈ છે અને તેમના વાહનની સ્પીડ પણ નક્કી કરવામાં આવી છે. યુરોપનો સૌથી લાંબો આઈસ રોડ બાલ્ટિક સમુદ્રનું થીજી ગયેલું સ્વરૂપ છે,



જે હિયુમા ટાપુના દરિયાકિનારા પર હાજર છે. અહીં ડ્રાઈવિંગ કરવું એ પોતાનામાં એક અલગ જ અનુભવ છે, પરંતુ અહીં ડ્રાઈવિંગને લગતા કાયદા અને નિયમો પણ અલગ છે. જો તમારે આ રસ્તા પર વાહન ચલાવવું હોય તો વાહનના સીટબેલ્ટને થોડીવાર માટે ભૂલી જાવ, કારણ કે તેને પહેરવું ગેરકાયદેસર ગણાશે. આ સિવાય આ જગ્યાએ વાહનની સ્પીડ ૨૫-૪૦ કિમી પ્રતિ કલાકની રાખવી પડશે. તે વિચિત્ર લાગે છે, પરંતુ તે તમારી સુરક્ષા માટે છે. આ સ્થાનનો ઉપયોગ ૧૩મી સદીમાં કેટલાક ઘોડેસવારો દ્વારા મુસાફરી માટે કરવામાં આવતો હતો.

ઈસ્ટોનિયામાં ઘણો બરફ પડતો હોવાથી અહીંના લોકોને અહીં ચાલવાની ટેવ છે. માણસોને છોડો, રીંછ, શિયાળ અને અન્ય જંગલી પ્રાણીઓ શિકારની શોધમાં અહીં આવે છે. લોકો આ માર્ગનો ઉપયોગ કરે છે કારણ કે તેઓને તે વધુ આરામદાયક અને સસ્તો લાગે છે. શિયાળામાં જ્યારે બરફ સખત થઈ જાય છે ત્યારે લોકો વાહનો દ્વારા પણ અહીં આવે છે. જો કે, સૂર્યાસ્ત થયા પછી અહીં વાહન ચલાવવાની મનાઈ છે. ડ્રાઈવિંગની ઝડપ ઓછી રાખવી પડે છે કારણ કે બરફ તૂટી શકે છે.



બ્રુસેલ્સના ઐતિહાસિક ગ્રાન્ડ પ્લેસ ખાતે સ્વયંસેવકો દ્વારા વિશાળ ફુલોનું જાજમ બનાવવામાં આવ્યું હતું. તસ્વીરમાં તેઓ ફુલોના જાજમને આખરી ટચ આપતા જણાય છે. જેને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતા.

# મોન્ટેનેગ્રોનામાં અંધાધૂધ ગોળીબારમાં ૧૧ના મોત

સેટિનજે,તા.૧૩

મોન્ટેનેગ્રોના સેન્ટ્રલ શહેર સેટિનજેમાં સામૂહિક ગોળીબારમાં ઓછામાં ઓછા



૧૧ લોકો માર્યા ગયા હતા. મોન્ટેનેગ્રોના જાહેર પ્રસારણકર્તા આરટીસીજીએ શુક્રવારે જણાવ્યું હતું કે, "અગિયાર લોકો માર્યા ગયા હતા, જ્યારે પોલીસના સભ્ય સહિત છ લોકો ઘાયલ થયા હતા."

નામ ન આપવાની શરતે વાત કરનાર એક પોલીસ અધિકારીએ પણ એએફપીને આ આંકડાની પુષ્ટિ કરી. આરટીસીજી અનુસાર, આ ઘટના રાજધાની પોડગોરિકાના પશ્ચિમમાં લગભગ ૩૬ કિલોમીટર (૨૨ માઈલ) દૂર સિટિનજેમાં બની હતી, જ્યારે શૂટર કૌટુંબિક વિવાદમાં સામેલ હતો. પ્રસારણકર્તાએ અહેવાલ આપ્યો હતો કે પોલીસ અધિકારીઓ પર ગોળીબાર કર્યા પછી શૂટરને ઠાર મારવામાં આવ્યો હતો. આ ઘટના એડ્રિયાટિક રાષ્ટ્રમાં દાયકાઓમાં સૌથી ઘાતક ગોળીબારની ઘટના છે. મોન્ટેનેગ્રો તેના મનોહર દરિયાકિનારા માટે પ્રખ્યાત છે, જે નજીકના પર્વતોથી બનેલો છે જે લાંબા સમયથી પ્રવાસીઓનું પર્યટક સ્થળ છે. શૂટિંગ ત્યારે થાય છે જ્યારે દેશ તેની પર્યટનની ઉચ્ચ સિઝનમાં પૂરજોશમાં હોય. સિટિનજેએ દેશની ભૂતપૂર્વ શાહી રાજધાનીનું સ્થળ છે અને તે પર્વતીય ખીણમાં સ્થિત છે જે તાજેતરના દાયકાઓમાં મોટાભાગે આર્થિક રીતે સ્થિર બની છે.

# સિનસિનાટી સ્થિત એફબીઆઈની ઓફિસમાં બંદૂકધારી ઘૂસ્યો, પોલીસે ઠાર માર્યો

ઓહાયો,તા.૧૩

સિનસિનાટી સ્થિત એફબીઆઈ ઓફિસમાં એક અજાણ્યા શખ્સે બંદૂક લઈને ઘૂસવાની કોશિશ કરી હતી. એફબીઆઈ અધિકારીએ તેને રોકવાની કોશિશ કરી ત્યારે બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. આખરે પોલીસે તેને ઠાર કરી દીધો હતો.




ઓહાયો રાજ્યની હાઈવે પેટ્રોલ પોલીસના કહેવા પ્રમાણે સિનસિનાટીમાં આવેલી એફબીઆઈની ઓફિસમાં એક અજાણ્યો શખ્સ બંદૂક લઈને ઘૂસવાની ફિરાકમાં હતો. એ દરમિયાન એફબીઆઈ અધિકારીએ તેને રોકવાની કોશિશ કરી હતી. બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. કાર્યાલયનો એલાર્મ વાગ્યો હતો. એ પછી તેણે ભાગવાની કોશિશ કરી હતી, કારમાં ભાગતા પહેલાં આ શખ્સે પોલીસ પર ફાઈરિંગ કર્યું હતું. પોલીસે તેની કારનો પીછો કર્યો હતો. એક સ્થળે રોકાઈને તેણે પોલીસ પર ફાયરિંગ કર્યું હતું. બંને તરફના ફાયરિંગમાં પોલીસે આખરે તેને ઠાર કરી દીધો હતો.



ઈન્ડોનેશિયાના નોર્થ સુમાત્રાના મેદાનમાં ચાઈનીઝ લુનાર ફેસ્ટીવલના ભાગરૂપે હંગરી ઘોસ્ટ ફેસ્ટીવલનું આયોજન કરાયું હતું. જેમાં પોતાના મૃતક સ્વજનોની યાદમાં પારંપારિક ચાઈનીઝ નાગરિકોએ પેપરના બનાવટી વાંદરાને સળગાવીને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# મનરેગામાં સિંગલ ફંડ ટ્રાન્સફર ઓર્ડર પુનઃ સ્થાપિત કરવા ભલામણ

નવી દિલ્હી, તા.૧૩

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા) ની કલ્યાણકારી યોજનાને જાતિના આધારે વિભાજિત કરવી જોઈએ નહીં. સંસદીય સમિતિએ ગ્રામીણ વિકાસ મંત્રાલયને ભંડોળ જારી કરતી વખતે સિંગલ ફંડ ટ્રાન્સફર ઓર્ડર પુનઃસ્થાપિત કરવાની ભલામણ કરી છે.

જો કે ૨૦૨૨-૨૩માં મનરેગા હેઠળ આયોજિત મજૂરીની ચૂકવણી સંબંધિત ગ્રાન્ટ માટે માંગણીઓની તપાસ દરમિયાન ચોંકાવનારુ તથ્ય સામે આવ્યુ છે. મનરેગાના લાભાર્થીઓને જાતિના આધારે મજૂરીની ચૂકવણી કરવાની પ્રથા હતી. જેમાં એસસી અને એસટીથી લઈને બાકીના અન્યને પ્રાથમિકતાના આધારે ચૂકવણી કરવામાં આવે છે. સંસદીય સમિતિએ ગ્રામીણ વિકાસ અને

### ૨૦૨૨-૨૩માં મનરેગા હેઠળ આયોજિત મજૂરીની ચૂકવણી સંબંધિત ગ્રાન્ટ માટે માંગણીઓની તપાસ દરમિયાન ચોંકાવનારુ તથ્ય સામે આવ્યું

પંચાયતી રાજ પર આવા ખુલાસા થવા પર હેરાની વ્યક્ત કરી છે, જ્યાં મનરેગા ચૂકવણી જારી કરવા માટે જાતિ આધારિત વ્યવસ્થા લાગુ છે.

સાંસદ પ્રતાપરાવ જાધવની અધ્યક્ષતાવાળી સમિતિએ કહ્યુ, આ પ્રકારના વિચાર પાછળ શુ તર્ક છે, સમિતિ આને સમજી શકી નથી. મનરેગા યોજના ૨૦૦૫થી શરૂ થઈ છે. આ પ્રકારની અસમાનતાનો અધિનિયમમાં ક્યાંય પણ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

સમિતિએ કહ્યુ કે સમાજના વિભિન્ન વર્ગોમાં મનરેગાના લાભાર્થીઓમાં માત્ર એક વસ્તુ સમાન છે કે તે ગરીબ છે, નિરાશ્રિત છે અને તેમની પાસે કોઈ બીજો વિકલ્પ નથી પરંતુ તેમના અસ્તિત્વના મૂળ સ્રોતને જોવા માટે મનરેગા સિવાય કોઈ અન્ય વિકલ્પ નથી. આ પ્રકારે તેઓ આર્થિકરીતે કમજોર વસતી છે અને કોઈ પણ ધર્મ/જાતિમાં આવી શકે છે.

# દેશમાં પહેલી વાર એકીસાથે ભારત અને પાકિસ્તાની સેના યુદ્ધાભ્યાસ કરશે

ઈસ્લામાબાદ,તા.૧૩

શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન હેઠળ ભારત દ્વારા હાથ ધરવામાં આવેલી આતંકવાદ વિરોધી કવાયતમાં પાકિસ્તાન ભાગ લઈ રહ્યું છે. ઓક્ટોબર ૨૦૨૨માં મહેસારમાં ભારતે આતંકવાદ વિરોધી કવાયત ગોઠવી છે જેમાં પાકિસ્તાન ભાગ લેવાનું છે. પાકિસ્તાનના મીડિયાએ વિદેશ મંત્રાલયને ટાંકીને આ માહિતી



આપી છે. પાકિસ્તાનના એક અગ્રણી અખબારના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન અને ભારતીય સૈનિકો આતંકવાદ વિરોધી કવાયતમાં સાથે મળીને ભાગ લેશે.

પહેલી વાર ભારતની આતંક વિરોધી કવાયતમાં પાકિસ્તાન ભાગ લેશે અત્યાર સુધી તો ભારતની આતંક વિરોધ કવાયતમાં પાકિસ્તાને કદી પણ ભાગ લીધો નથી પરંત હવે પહેલી વાર પાકિસ્તાન ભારતની આતંક વિરોધી કવાયતમાં ભાગ લેશે.

પાકિસ્તાન વિદેશ કાર્યાલયના પ્રવક્તા અસીમ ઈફ્તિખારે કહ્યું કે પાકિસ્તાન એસસીઓના પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખા (આરએટીએસ) હેઠળ આ વર્ષે ઓક્ટોબરમાં યોજાનારી આંતરરાષ્ટ્રીય આતંકવાદ વિરોધી કવાયતમાં ભાગ લેશે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "આ કવાયત એસસીઓ આરટીએસના કાર્યક્ષેત્રમાં થશે." ભારત આ વર્ષે એસસીઓ આરટીએસની અધ્યક્ષતા કરી રહ્યું છે.

# સરહદ પર સ્થિતિ સારી નહીં હોય તો સંબધો સામાન્ય નહીં થાયઃવિદેશ મંત્રી

નવીદિલ્હી,તા.૧૩

ભારત-ચીન મુદ્દે વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે અમે અમારું વલણ જાળવી રાખ્યું છે કે જો ચીન સરહદી વિસ્તારોમાં શાંતિ ભંગ કરશે તો તેની અસર અમારા સંબંધો પર પડશે. આપણા સંબંધો સામાન્ય નથી, તે સામાન્ય ન હોઈ શકે કારણ કે સરહદની સ્થિતિ સામાન્ય નથી. જયશંકરે કહ્યું કે ભારત સતત તેના સ્ટેન્ડ પર અડીખમ છે કે જો ચીન સરહદી વિસ્તારોમાં શાંતિ ભંગ કરે છે અથવા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો તેની અસર બંને દેશોના સંબંધો પર પડશે. જયશંકરે કહ્યું કે અમારી વચ્ચે કમાન્ડર સ્તરે



૧૫ રાઉન્ડની વાતચીત થઈ છે. બંને પક્ષો દ્વારા તે સ્થળોએથી ખસી જવા અંગે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. અમે તેનો અમલ પણ શરૂ કરી દીધો છે. તેણે કહ્યું કે હજુ પણ એવી કેટલીક જગ્યાઓ છે જ્યાંથી તેઓ પાછા ફર્યા નથી. જો કે, અમે એ સ્ટેન્ડ પર અડગ રહીએ છીએ કે જો ચીન સરહદી વિસ્તારોમાં શાંતિ ભંગ કરશે તો તેની અસર સંબંધો પર પડશે. જયશંકર બે વર્ષ પહેલા લદ્દાખમાં થયેલી અથડામણ બાદ ચીન સાથેના સંબંધોમાં તણાવ સંબંધિત પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.



બોલીવુડ એક્ટ્રેસ અવનીત કૌરે હોટ અંદાજમાં પોતાની નવી તસ્વીર ચાહકો માટે શેર કરી છે, પોતાની આગામી ફિલ્મ રજૂ થતાં સુધીમાં તે ચર્ચામાં રહેવા બોલ્ડ અને હોટ તસ્વીરો શેર કરી રહી છે.

### ઘણા શોનો ભાગ રહી ચૂકી છે કાજલ પિસલ

# નવા દયાભાભીના રોલ માટે કાજલ પિસલના નામ પર વિચારણા

માત્ર જેઠાલાલ, મહિલા મંડળ તેમજ ગોકુલધામ સોસાયટીના તમામ રહેવાસીઓ જ નહીં પરંતુ સીરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના દર્શકો પણ છેલ્લા પાંચ વર્ષથી દિશા વાકાણી ઉર્ફે દયાભાભીના પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. ૨૦૦૮થી એટલે કે શરૂઆતથી TMKOCની સાથે જોડાયેલી દિશા વાકાણી વર્ષ ૨૦૧૭માં મેટરનિટી લીવ પર ગઈ હતી અને ત્યારબાદથી શો પરથી ગાયબ છે. થોડા દિવસ પહેલા તેના કમબેકની અટકળો તેજ થઈ હતી પરંતુ તરત જ બાદ તેણે બીજા સંતાનને જન્મ આપ્યો હોવાની ખબર આવતાં દર્શકોની આશા પર પાણી ફરી વળ્યું હતું. પ્રોડક્શન હાઉસ પાસે હવે એક્ટ્રેસને રિપ્લેસ કરવા સિવાય બીજો કોઈ જ વિકલ્પ રહ્યો નથી. છેલ્લા કેટલાક મહિનાથી 'દયાભાભી'ના પાત્ર માટે ઐશ્વર્યા સખુજા અને રાખી વિજાન સહિતના કેટલાક નામની ચર્ચા થઈ હતી. જો કે, કંઈપણ પુષ્ટિ થઈ નહોતી. હવે, અમારા સહયોગી બોમ્બે ટાઈમ્સને વધુ એક નામ જાણવા મળ્યું છે, જેના પર વિચારણા થઈ રહી છે અને તે છે કાજલ પિસલ. 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના મેકર્સ રોલ માટે તેના નામ પર વિચાર કરી રહ્યા છે. એક્ટ્રેસ, જે છેલ્લે શો 'સિર્ફ તુમ'માં જોવા મળી હતી, તેણે મેસેજનો જવાબ આપ્યો નહોતો. જો કે, સૂત્રોના જણાવ્યા પ્રમાણે 'જો કાજલને કાસ્ટ કરાશે તો તે આશરે આવતા મહિનાથી શૂટિંગ શરૂ કરી દેશે. કાજલ પિસલ બડે અચ્છે લગતે હૈ, નાગિન ૫ અને સાથ નિભાના સાથિયા જેવા શોનો પણ ભાગ રહી ચૂકી છે. જો કે, 'દયાભાભી' બનશે તો દર્શકો માટે પણ સ્ક્રીન પર તેને જોવી ઘણી રસપ્રદ રહેશે. શું ખરેખર કાજલ પિસલ જ દિશા વાકાણીને રિપ્લેસ કરશે? તે તો આગામી સમયમાં જ જાણવા મળશે. જ્યારે પ્રોડક્શન હાઉસનો સંપર્ક કરવામાં આવ્યો તો તેમણે કહ્યું હતું કે, રોલ માટે ઘણી એક્ટ્રેસિસના નામ પર વિચારણા કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી કોઈનું નામ ફાઈનલ થયું નથી.

**મેટરનિટી લીવ પર ગયેલી દિશા વાકાણી પાંચ વર્ષ બાદ પણ પરત ન આવતાં રિપ્લેસ સિવાય નથી કોઈ વિકલ્પ**





બોલીવુડ એક્ટ્રેસ નેહા શર્મા અને તેની બહેન આઈશા શર્મા પાપારાઝી કેમેરામાં કલીક થયા ત્યારે કેઝયુલ ડ્રેસમાં જોવા મળી હતી.

### લગ્નના ૧૦ વર્ષ બાદ જણાવ્યું

# કરીનાએ બે વખત રિજેક્ટ કર્યું હતું સૈફ અલીનું પ્રપોઝલ



કરીના કપૂર અને સૈફ અલી ખાન બોલિવુડના પર્ફેક્ટ કપલમાંથી એક છે. બંનેએ આમ તો ફિલ્મ LOC કાર્ગિલ અને ઓમકારામાં સાથે કામ કર્યું હતું, પરંતુ ૨૦૦૮માં આવેલી ફિલ્મ ટશનના સેટ પર બંને એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. આ જ વર્ષે એક્ટરે તેના હાથ પર હિંદીમાં બંનેના નામના મિશ્રણ 'સૈફીના'નું ટેટૂ કરાવીને રિલેશનશિપને ઓફિશિયલ કરી દીધા હતા. ચાર વર્ષની ડેટિંગ બાદ કરીના અને સૈફ ૧૬ ઓક્ટોબર, ૨૦૧૨ના રોજ લગ્નના બંધનમાં બંધાયા હતા. કરીના કપૂરની ગુરુવારે (૧૧ ઓગસ્ટ) રિલીઝ થયેલી ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'માં તે લાલનું (આમિર ખાન) પ્રપોઝલ નકારી કાઢે છે. રિયલ લાઈફમાં પણ તેણે સૈફ સાથે આવું એકવાર નહીં પરંતુ બેથી વધુ વખત કર્યું હતું, જેનો ખુલાસો એક્ટ્રેસે પોતે જ એક ઈન્ટરવ્યૂ દરમિયાન કર્યો હતો. શું તે પણ લગ્ન કરતાં સૈફનું પ્રપોઝલ નકાર્યું હતું તેમ પૂછતાં કરીના કપૂરે કહ્યું હતું 'હા, મને હવે યાદ પણ નથી. લગભગ તેમ બે કે તેથી વધુ વખત થયું હતું. પરંતુ સૌથી વધું જરૂરી એ છે કે મેં હા પાડી'. સૈફના પ્રપોઝલને ફગાવવા પાછળનું કારણ જણાવતાં બેબોએ કહ્યું હતું 'હું ત્યારે પણ પ્રેમમાં હતી, અમે બંને માત્ર એકબીજાને થોડા ઓળખી રહ્યા હતા. મને લાગે છે કે, આ તેના કારણે હતું, માત્ર આટલું જ. પરંતુ મને લાગે છે કે, મને હંમેશાથી ખાતરી હતી કે હું તેની સાથે લગ્ન કરવાની છું'. કરીના કપૂર અને સૈફ અલી ખાન- તૈમૂર અને જેહ તેમ બે દીકરાના માતા-પિતા છે. લગ્નના ચાર વર્ષ બાદ ૨૦૧૬માં તૈમૂરનો જન્મ થયો હતો જ્યારે તેમના ઘરે બીજુ સંતાન ગયા વર્ષે ફેબ્રુઆરીમાં આવ્યું હતું. આ વર્ષે ઓક્ટોબરમાં કપલના લગ્નજીવનને એક દશકો પૂરો

**આ પાછળનું કારણ જણાવતાં કહ્યું હતું હું તેના પ્રેમમાં હતી જ, પરંતુ અમે એકબીજાને ઓળખી રહ્યા હતા**

થશે. વર્કફ્રંટની વાત કરીએ તો, કરીના કપૂર ઘણા સમયથી તેની ફિલ્મ 'લાલ સિંહ ચઢ્ઢા'ના પ્રમોશનમાં વ્યસ્ત હતી, જેને રિલીઝ થયા બાદ મિક્સ રિસ્પોન્સ મળ્યો છે.

આ ફિલ્મમાં કરીના અને આમિર સિવાય નાગા ચૈતન્ય અને મોના સિંહ પણ મહત્વના રોલમાં છે. બેબો ખૂબ જલ્દી ઓટીટી પ્લેટફોર્મ પર ડેબ્યૂ કરવાની છે, તે સુજોય ઘોષના પ્રોજેક્ટ 'ડીવોશન ઓફ સસ્પેક્ટ X'માં વિજય વર્મા અને જયદીપ અહલાવત સાથે સ્ક્રીન શેર કરશે. જેનું શૂટિંગ તેણે તે એક મહિના માટે પરિવાર સાથે લંડનના વેકેશન પર ગઈ તે પહેલા પૂરું કર્યું હતું.

# રક્ષાબંધન પર વિઆનને ભેટી પડી શિલ્પાની દીકરી સમિષા

મુંબઈ, તા.૧૩

ગુરુવારે (૧૧ ઓગસ્ટ) આખા દેશમાં ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને સ્નેહના પ્રતીક સમા પર્વ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. દરેક બહેને ભાઈના કાંડા પર રાખડી બાંધી હતી અને તેના સુખી જીવનની કામના કરી હતી, તો ભાઈએ પણ આજીવન તેની સુરક્ષા કરવાનું વચન આપ્યું હતું.



એક્ટિંગ ઈન્ડસ્ટ્રીના સેલેબ્સે પણ તેમના ભાઈ-બહેન સાથે તેની ઉજવણી કરી હતી. એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીને ભાઈ નથી પરંતુ તેના બંને બાળકો- દીકરા વિઆન અને દીકરી સમિષાએ જરૂરથી રક્ષાબંધન મનાવી હતી. ભાઈ-બહેનની આ ક્યૂટ જોડીએ પિંક & વ્હાઈટ આઉટફિટમાં ટ્વિનિંગ પણ કર્યું હતું. સેલિબ્રેશનની ઝલક એક્ટ્રેસે સોશિયલ મીડિયા પર શેર કરી છે. શિલ્પા શેટ્ટીએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, ઘોડાના એક સ્ટેચ્યૂ પાસે વિઆન ટાઈ એન્ડ ડાઈ પ્રિન્ટનો કૂર્તો અને વ્હાઈટ પાયજામો પહેર્યો છે, તેની સાથે ટ્વિનિંગ કરતાં સમિષાએ ક્રોપ ટોપ અને પ્લાઝો પહેર્યો છે. ક્લિપની શરૂઆતમાં સમિષા ભાઈને જઈને ભેટી પડે છે, ત્યારબાદ તે ખૂબ સુંદર રીતે કહે છે 'હેપ્પી રક્ષાબંધન'. વીડિયો રેકોર્ડ કરી રહેલી મમ્મી શિલ્પા સમિષાને પૂછે છે 'કોનો ભાઈ છે તે?' જવાબમાં સમિષા કહે છે 'મારો ભાઈ', શિલ્પા કહે છે 'તે તારો મોટો ભાઈ છે?' તો સમિષા જવાબમાં 'હા' કહે છે. ત્યારબાદ તે તેના પાલતું શ્વાનને રમાડવા લાગે છે, તે પાછળ વિઆન પણ તેની મસ્તીમાં દેખાય છે. આ સાથે લખ્યું છે 'આપણા ભાઈ-બહેન આપણા બાળપણની ક્ષણોને સાથે રાખે છે. તમારા ખુશીના દિવસોને ફરીથી જીવવામાં મદદ કરે તેવું કોઈ સાથે હોય તે સુંદર વાત છે. મને ખુશી છે કે વિઆન રાજ અને સમિષા જીવનભર એકબીજા સાથે છે. રક્ષાબંધનની ઉજવણી કરી રહેલા તમામને શુભકામના'.

# સારા અલી ખાનનો બિન્દાસ્ત અંદાજ વાયરલ

સારા અલી ખાન અત્યાર સુધી અનેક ફિલ્મોમાં પોતાના શાનદાર અભિનયનો પરિચય આપી ચૂકી છે. સારા અલી ખાનની દાદી, માતા-પિતા ફિલ્મી દુનિયાના જાણીતા સિતારા છે. કોલંબિયા યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએશન પછી સારાએ ફિલ્મોમાં કારકિર્દી બનાવવાનો નિર્ણય કર્યો. સારા અલી ખાન ભલે નવાબી ખાનદાનની પુત્રી છે. પરંતુ તેના ઉછેર માતા અમૃતા સિંહે કર્યો છે.

**સારા અલી ખાન બિલકુલ પોતાની મમ્મીની જેમ દેખાય છે અને તેનો નટખટ અંદાજ ફેન્સને બહુ પસંદ આવે છે**

તેણે પોતાની મમ્મી પાસેથી માત્ર ખૂબસૂરતી જ નહીં પરંતુ ગુણ પણ મેળવ્યા છે. સારા અલી ખાન બિલકુલ પોતાની મમ્મીની જેમ દેખાય છે. સારા અલી ખાનનો નટખટ અંદાજ ફેન્સને બહુ પસંદ આવે છે. પોતાની પહેલી ફિલ્મથી અલગ છાપ છોડી ચૂકેલ સારાએ સિમ્બા, અતરંગી રે, કુલી નંબર-૧ જેવી ફિલ્મોમાં કામ કર્યુ છે. સારા અલી ખાનની જબરદસ્ત ફોન ફોલોઈંગ છે. શાનદાર અભિનય અને સિમ્પલ નેચરના કારણે મોટાભાગના ડાયરેક્ટર તેની સાથે કરવા માગે છે. સારાની દરેક ફિલ્મને દર્શકોએ હાથોહાથ લીધા છે. સારા અલી ખાનની ડેબ્યુ ફિલ્મ કેદારનાથને મળેલા શાનદાર રિસ્પોન્સ પછી સૈફ અલી ખાને પુત્રીને ફિલ્મ જવાની જાનેમન ન કરવા માટે કહ્યું. કેમ કે તે ઈચ્છતો હતો કે પુત્રી સુશાંત સિંહ રાજપૂત, રણવીર સિંહ અને વરુણ ધવન જેવા અભિનેતાઓની સાથે લીડ અભિનેત્રી તરીકે કામ કરે. સારા અલી ખાન પોતાના સાવકા ભાઈ તૈમુર અલી ખાન અને જેહને અત્યંત પ્રેમ કરે છે. એટલું જ નહીં તે સૈફની બીજી પત્ની કરીના કપૂર ખાનની સાથે પણ સારું બોન્ડિંગ શેર કરે છે. સારા આમ તો પોતાના પરિવારને પ્રેમ કરે છે. પરંતુ સૌથી વધારે ક્લોઝ પોતાની મમ્મી અમૃતા સિંહ સાથે છે. મીડિયાના એક ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું હતું કે તે એવી વ્યક્તિ સાથે લગ્ન કરશે, જે તેની માતાનું ધ્યાન પણ રાખે.



# દીકરો ૧૬ વર્ષની ઉંમરે જ કમાવાનું શરૂ કરી દે તેમ ઈચ્છે છે ભારતી સિંહ

ભાગ્યે જ તેવી કોઈ વ્યક્તિ હશે, જે ભારતી સિંહને નહીં ઓળખતી હોય. નથિંગમાંથી સમથિંગ બનવા માટે ભારતી સિંહે ઘણો સંઘર્ષ કર્યો છે અને ત્યારે જઈને આ સ્ટેજ પર પહોંચી છે. તે બેક-ટુ-બેક પ્રોજેક્ટ કરી રહી છે અને આ દરમિયાન ચાહકોને હસાવવાની એક પણ તક જતી કરતી હતી. પ્રોફેશનલ સિવાય પર્સનલ લાઈફમાં પણ તે વ્યસ્ત છે, હાલ તે કોઈ પ્રોજેક્ટમાં કામ ન કરી રહી હોવાથી તમામ સમય દીકરા 'ગોલા' ઉર્ફે લક્ષ્યને આપી રહી છે, જેનો જન્મ ૩ એપ્રિલ, ૨૦૨૨ના રોજ થયો હતો. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતી ભારતી સિંહ દીકરાના ક્યૂટ વીડિયો શેર કરતી રહે છે, જે જોઈને ફોલોઅર્સને પણ મજા આવે છે. હાલમાં તેણે લક્ષ્ય ૧૬-૧૮ વર્ષની ઉંમરમાં કામ કરવાનું શરૂ કરી દે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. એક દિવસ પહેલા

**ભારતી તમામ સમય દીકરાને આપી રહી છે**

નેહા ધૂપિયાએ તેની 'ફ્રીડમ ટુ ફીડ' પહેલ હેઠળ તેણે ભારતી સિંહ સાથે લાઈવ વાતચીત કરી હતી. આ દરમિયાન તેણે કહ્યું હતું 'હર્ષ અને હું લિમિટેડ કામ કરી રહ્યા છે. નવો પ્રોજેક્ટ લેતા પહેલા અમે ઘણો વિચાર કરીએ છીએ. હા, કામ જરૂરી છે, ખાસ કરીને તેની જરૂરિયાતો પૂરી કરવા માટે. અમે થોડા વર્ષ તેને સુવિધાઓ આપીશું પરંતુ અમુક સમય બાદ તેણે પણ પોતાના માટે કામ કરવું પડશે'

તેણે ઉમેર્યું હતું કે, 'અમેરિકામાં બાળકો સ્કૂલે જાય છે અને પાર્ટ ટાઈમ કામ પણ કરે છે. મને લાગે છે કે ચોક્કસ ઉંમર બાદ તમારે તમારા મતા-પિતા પાસેથી આર્થિક મદદ લેવાનું બંધ કરવું જોઈએ. ભારતીનો દીકરો ૧૬-૧૮ વર્ષનો થશે એટલે ભણશે અને મેકડોનાલ્ડમાં કામ પણ કરશે. જો મારા ઘરે દીકરી આવી તો તેને હું સલૂનમાં પાર્ટ ટાઈમ નોકરી કરવા મોકલીશ. કારણ કે, મુંબઈ જેવા શહેરમાં જીવવું ખૂબ મુશ્કેલ છે'.

### વડાપ્રધાન કોમનવેલ્થ ગેમ્સના મેડલ વિજેતાઓને મળ્યા

# કોમનવેલ્થના મેડલ વિજેતાઓને શાળાઓમાં જઈને બાળકોને પ્રોત્સાહિત કરવા વડાપ્રધાનની અપીલ

નવી દિલ્હી, તા.૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના મેડલ વિજેતાઓ સાથે મુલાકાત કરી તેમનુ અભિવાદન કર્યુ. પીએમએ પોતાના સરકારી આવાસ પર સવારે ૧૧ વાગે ભારતીય રમતવીરોને મળવાનો કાર્યક્રમ રાખ્યો. કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૨૨ ગોલ્ડ, ૧૬ સિલ્વર અને ૨૩ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૬૧ મેડલ પોતાના નામે કર્યા હતા. ભારત ઓવરઓલ મેડલ ટેલીમાં ચોથા નંબરે રહ્યુ હતુ.

પીએમ મોદીએ કહ્યુ કે તમે સ્કુલોમાં જઈને બાળકોને પ્રોત્સાહિત કરો. તેઓ તમારી વાતોને ધ્યાનથી સાંભળે છે. હુ તમારી વિજયયાત્રાને શુભકામનાઓ આપુ છુ.

રમતોનો સ્વર્ણિમ કાળ દસ્તક આપી રહ્યો છે. આપણે વર્લ્ડ ક્લાસ સિસ્ટમ બનાવવામાં કાર્યરત છીએ જેથી કોઈ ટેલેન્ટ છુટી ના શકે. હવે એશિયન ગેમ્સ અને ઓલમ્પિક તમારી સામે છે.

રેણુકા સિંહે ગેમ્સમાં સૌથી વધારે વિકેટ લીધી. તેમણે પોતાના પ્રદર્શનથી તમામ વિરોધીઓને પાછળ છોડ્યા. આ કોઈ સિદ્ધિથી ઓછુ નથી.

દિકરીઓના પ્રદર્શનથી સમગ્ર દેશ ગદગદ છે. પૂજાથી લઈને વિનેશએ નિરાશાને પાછળ છોડી. હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ક્રિકેટ ટીમે સિલ્વર જીત્યો. યુવાનોએ આશા અનુસાર શાનદાર પ્રદર્શન કર્યુ. આ સિવાય સીનિયરે પણ તેમનો ખૂબ સાથ નિભાવ્યો. પોડિયમ પર ઘણી જગ્યાએ આપણા બે-બે ખેલાડી જોવા મળ્યા. આ શાનદાર રહ્યુ.

પીએમ મોદીએ કહ્યુ કે પુરુષ અને મહિલા હોકી બંને ટીમોએ મેડલ જીત્યા. તેઓ જૂની સ્થિતિ મેળવવામાં કાર્યરત છે. બંને ટીમોને શુભકામનાઓ.



કોમનવેલ્થ ગેમ્સ-૨૦૨૨માં ભારતના વિજેતા ખેલાડીઓએ પોતાના ચંદ્રકો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુવા- રમતગમત મંત્રી અનુરાગ ઠાકુર મંત્રી નીશિત પ્રમાણિક સાથે સમૂહ તસ્વીર ખેંચાવી હતી.

અમુક રમતોમાં ખેલાડી ભલે મેડલ જીતી શક્યા નહીં પરંતુ તેમણે શાનદાર પ્રદર્શન આપ્યુ. આગામી સમયમાં આપણે તેમાં મેડલ જરૂર જીતીશુ.આખી રાત દેશના લોકો તમારી પર નજર રાખી રહ્યા હતા. આનુ કારણ તમે હતા. તમે ત્યાં સતત સારુ પ્રદર્શન કરી રહ્યા હતા.કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની પુરુષ અને મહિલા બંને હોકી ટીમે મેડલ જીત્યા. પુરુષ ટીમ જ્યાં સિલ્વર મેડલ જીતવામાં સફળ રહી તો મહિલા ટીમને બ્રોન્ઝ મળ્યો.

કોમનવેલ્થ ગેમ્સમાં પહેલી વખત મહિલા ક્રિકેટને સામેલ કરવામાં આવી હતી. ભારતીય મહિલા ટીમે શાનદાર પ્રદર્શન કરતા સિલ્વર મેડલ જીત્યો. ઓસ્ટ્રેલિયાને ગોલ્ડ જ્યારે ન્યુઝીલેન્ડને બ્રોન્ઝ મેડલ મળ્યો.

## કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૨૨ ગોલ્ડ, ૧૬ સિલ્વર અને ૨૩ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૬૧ મેડલ જીત્યા, ઓવરઓલ ટેલિમાં ભારત ચોથા ક્રમે રહ્યું

# એશિયા કપ ભારતની ટીમ જ જીતશે: રિકી પોન્ટીંગની ભવિષ્યવાણી

નવી દિલ્હી,તા.૧૩

ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ રિકી પોન્ટિંગ ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારા મુકાબલાને લઈને ભવિષ્યવાણી કરી છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટનનું માનવું છે કે, રોહિત શર્માના નેતૃત્વવાળી ભારતીય ટીમ આ મેચ જીતશે.

એશિયા કપ ૨૦૨૨માં ટીમ ઈન્ડિયા પોતાના અભિયાનનો પ્રારંભ કટ્ટર હરિફ પાકિસ્તાન સામે ૨૮ ઓગસ્ટે કરશે. ફેન્સની સાથે સાથે ભારતીય ખેલાડીઓ પણ આ મુકાબલાની રાહ જોઇ રહ્યાં છે. કારણ કે, છેલ્લા આ બંને ટીમ વચ્ચે ટક્કર જોવા મળી હતી. ત્યારે બાબર સેનાને ૧૦ વિકેટે જીત મળી હતી.

### 'માત્ર એશિયા કપ જ નહીં, કોઈપણ ટૂર્નામેન્ટમાં ભારત સામે જીતવું હંમેશા મુશ્કેલ હોય છે

પોન્ટિંગે આઈસીસી રિવ્યૂના લેટેસ્ટ એપિસોડ પર કહ્યું, 'માત્ર એશિયા કપ જ નહીં, કોઈપણ ટૂર્નામેન્ટમાં ભારત સામે જીતવું હંમેશા મુશ્કેલ હોય છે, પરંતુ મને લાગ છે કે, આપણે જ્યારે ટી૨૦ વિશ્વકપ વિશે વાત કરીએ છીએ તો મને લાગે છે કે, ભારત વધુ મજબૂત જોવા મળે છે. તેની ડેપ્થ અન્ય ટીમોની તુલનામાં સારી છે અને મને લાગે છે કે ભારત એશિયા કપ જીતશે.

પોન્ટિંગે ૨૮ ઓગસ્ટે રમાનાર મેચ વિશે કહ્યું, 'હું પાકિસ્તાન વિરૂધ્ધ તે મુકાબલાને જીતવા માટે ભારતની સાથે રહીશ.



. હું પાકિસ્તાનની ઉપેક્ષા કરી રહ્યો નથી. કારણ કે, તે એક અવિશ્વસનીય ક્રિકેટ રાષ્ટ્ર છે, જે સતત સારા ખેલાડીઓને મંચ આપે છે.'

ઉલ્લેખનીય છે કે, ભારત અને પાકિસ્તાન એશિયા કપમાં ૧૪ વખત આમને-સામને આવ્યા છે. જેમાંથી ભારતે આઠ વખત જીત મેળવી છે, જ્યારે પાંચ વખત પરિણામ પાકિસ્તાનના પક્ષમાં રહ્યું છે. એક મેચ વરસાદને કારણે રદ થઈ હતી.

પોન્ટિંગ ભારત-પાકિસ્તાન મુકાબલાની લોકપ્રિયતા વિશે કહ્યું- એક ક્રિકેટ પ્રેમી હોવાને નાતે. જ્યારે આ પ્રકારના મુકાબલા થાય છે તો બેસીને જોવાનું હંમેશા સારૂ રહે છે. કારણ કે, દરેક વસ્તુનું સ્તર વધી જાય છે.

ભારતે ખેલાડીઓના વધુ રોટેશન છતાં આ સત્રમાં પોતાના ૨૧ ટી૨૦ મેચોમાંથી ૧૭મા જીત મેળવી છે. પોન્ટિંગે કહ્યું કે, મોહમ્મદ શમીને ટી૨૦ વિશ્વકપ માટે ટીમમાં સામેલ કરવામાં આવે છે તો તે ભારત માટે મહત્વપૂર્ણ ખેલાડી સાબિત થઇ શકે છે. મોહમ્મદ શમી પાછલા ટી૨૦ વિશ્વકપ બાદ ટી૨૦ ટીમમાંથી બહાર છે.

# યુરોપના બેસ્ટ ફૂટબોલરના પુરસ્કાર રેસમાં બેન્ઝેમા, કોર્ટોઈસ અને ડી બુયન સામેલ

લંડન,તા.૧૨

રિયલ મેડ્રિડના કરીમ બેન્ઝેમાની સાથે તેની જ કલબનો ગોલકિપર થિબાઉટ કોર્ટોઈસ અને માંચેસ્ટર સિટીનો ડચ પ્લેયર કેવિન ડી બ્રૂયન યુરોપના બેસ્ટ મેલ પ્લેયરના એવોર્ડની રેસમાં સૌથી આગળ હોવાનું મનાય છે. યુરોપીયન ફૂટબોલનું સંચાલન કરતાં યુઈએફએ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, યુરોપના બેસ્ટ ફૂટબોલરના એવોર્ડની રેસમાં જે ૧૫ ખેલાડીઓ સામેલ છે. તેમાં બેન્ઝેમા, કોર્ટોઈસ અને ડી બુરયન સૌથી આગળ છે.



આ રેસમાં બાયર્ન મ્યુનિચ છોડીને હાલમાં જ બાર્સેલોનામાં જોડાયેલો લેવાન્ડોવસ્કી તેમજ રિયલ મેડ્રિડનો મોડ્રિચ તેમજ બાયર્ન મ્યુનિચનો સાદિયો માને સામેલ છે. તારીખ ૨૫મી ઓગસ્ટે ચેમ્પિયન્સ લીગનો ડ્રો યોજવાનો છે. આ સમારંભની સાથે સાથે યુરોપના શ્રેષ્ઠ પુરુષ અને મહિલા ખેલાડીના નામ જાહેર થશે. આ ઉપરાંત પુરુષ અને મહિલા ફૂટબોલ ટીમના બેસ્ટ કોચના નામ પણ જાહેર કરવામાં આવશે.

બેન્ઝેમાં અને કોર્ટોઈસે રિયલ મેડ્રિડને ગત સિઝનમાં કેકોર્ડ ૧૪મું યુરોપીયન ટાઈટલ અપાવ્યું હતું. ડી બુરયને કલબ તરફથી સાત સિઝનમાં આ ચોથી વખત ટાઈટલ મેળવ્યું હતું.

રિયલ મેડ્રિડના કોચ કાર્લોસ એન્સેલોટ્ટી તેમજ માંચેસ્ટર સિટીના કોચ પેપે ગ્યુએર્ડિઓલા તેમજ લીવરપૂલના જુએર્ગન કલોપ્પ પણ યુરોપના બેસ્ટ મેલ ટીમ કોચના એવોર્ડની રેસમાં છે. મહિલા વિભાગના નોમિનેશનની જાહેરાત હવે આવતા સપ્તાહે કરવામાં આવશે.

## એન્સેલોટ્ટી, ગ્યુએર્ડિઓલા અને કલોપ્પને કોચ ઓફ ધ યર માટે નોમિનેશન

# કોમનવેલ્થ ગેમ્સમાં કુસ્તીબાજોના નબળા દેખાવની ડબલ્યુએફઆઈ સમીક્ષા કરશે

નવી દિલ્હી,તા.૧૩

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ૬ મહિલા પહેલવાનોને સ્પર્ધામાં ઉતારી હતી, જેમાંથી વિનેશ ફોગટ અને સાક્ષી મલિક જ ગોલ્ડ જીતી શક્યા હતા. જ્યારે અંશુ મલિક સિલ્વર જીતી હતી અને પૂજા ગહલોત, પૂજા સિહાગ અને દિવ્યા કાકરાનને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

### ભારતની છમાંથી બે જ મહિલા કુસ્તીબાજોને ગોલ્ડ મળ્યો

કોમનવેલ્થ ગેમ્સમાં નબળા હરિફો છતાં ભારતની છમાંથી માત્ર બે જ મહિલા પહેલવાનો ગોલ્ડ મેડલ જીતી શકતાં ભારતીય કુસ્તી ફેડરેશન (ડબલ્યુએફઆઈ) નારાજ છે અને તે આ અંગે સમીક્ષા કરાવશે. પૂજા ગેહલોતે ૫૦ કિ.ગ્રા. વજન વર્ગની કેટેગરીમાં ભાગ લીધો હતો. જેમાં માત્ર છ જ સ્પર્ધકો હતા. જો કે, તે કેનેડાની મેડિશન બિએન્કા પાર્કસ સામે હારી ગઈ હતી અને આખરે બ્રોન્ઝ મેડલ જીતી હતી. જેમાં મોટાભાગની બાંગ્લાદેશ, મોરેસિઅસ, કેમેરુન ટોગો અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોની હતી.



દિવ્યા કાકરાએ ૬૮ કિ.ગ્રા. વજન વર્ગની કેટેગરીમાં ભાગ લીધો હતો. અને તેની કેટેગરીમાં તેની બરોબરી કહી શકાય તેવી એકમાત્ર કુસ્તીબાજ નાઈજીરિયાની બ્લેલિંગ ઓડોરુડુ હતી. આમ છતાં દિવ્યા તેની સામે એકપણ પોઈન્ટ મેળવી શકી ન હતી અને હારી ગઈ હતી. આખરે તેણે બ્રોન્ઝ જીત્યો હતો.

### નબળા હરિફો છતાં ગોલ્ડ કેમ ન મળ્યા તેની તપાસ

નોંધપાત્ર છે કે, બ્રોન્ઝ મેડલ જીતીને પરત ફર્યા બાદ તેણે દિલ્હી સરકારની પાસે સન્માન અને સહાયતાની ઈચ્છા વ્યકત કરી હતી જ્યારે તે ૨૦૧૮ની ઉત્તર પ્રદેશનું પ્રતિનિધિત્વ કરતી આવી છે. અંશુ મલિક ૫૭ કિ.ગ્રા. વજન વર્ગની ફાઈનલમાં આફ્રિકન ચેમ્પિયન ઓડુનાઓ ફોલાસાડે સામે હારી તેનાથી કુસ્તી ફેડરેશન ખુબ નિરાશ થયું હતું. કારણ કે, ઓડુનાઓ તો અંશુ કરતાં સાત વર્ષ મોટી હતી.

# ટીમ ઈન્ડિયામાં ધોનીની વાપસી ! એશિયા કપ અને ટી-૨૦ વર્લ્ડકપમાં મેન્ટોર તરીકે જોડાશે



મુંબઈ,તા.૧૩

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન મહેન્દ્ર સિંહ ધોની એશિયા કપ અને ટી-૨૦ વર્લ્ડકપમાં મેન્ટર તરીકે ટીમ ઈન્ડિયા સાથે જોડાશે એવી બીસીસીઆઈ દ્વારા જાહેરાત કરવામાં આવી છે,

બીસીસીઆઈની આ જાહેરાતથી ધોનીના ચાહકોમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાહકો ધોનીને ક્રિકેટના રણનીતિ બનાવવાના સ્પેશ્યાલિસ્ટ તરીકે જોવે છે કારણ કે ધોનીની આગેવાનીમાં જ ભારત ક્રિકેટનાં ત્રણ ફોર્મેટમાં ટ્રોફી જીત્યું છે. ટી ટ્વેન્ટી વર્લ્ડકપ, ૨૦૧૧ નો ક્રિકેટ વર્લ્ડકપ અને ચેમ્પિયન્સ ટ્રોફી એમ ત્રણેય ધોનીએ ભારતને તેની કેપ્ટનશિપ હેઠળ જિતાડી છે. હવે તેના દિમાગનો લાભ ગ્રાઉન્ડની બહારથી પણ ટીમ ઈન્ડિયાને મળશે કારણ કે હવેની બે મોટી ટુર્નામેંટમાં ટીમ સાથે ધોની જેવો ધુરંધર ખેલાડી મેન્ટર તરીકે જોડાશે.

મહેન્દ્ર સિંહ ધોની ભારતની પ્રથમ ટી ૨૦ વર્લ્ડકપ ટીમના કેપ્ટન હતા. વર્ષ ૨૦૦૬માં સાઉથ આફ્રિકા વિરુદ્ધ ડેબ્યુ કર્યુ હતુ. તેના બીજા જ વર્ષે તેની પસંદગી ટી૨૦ વર્લ્ડ કપ માટે કેપ્ટન તરીકે પસંદગી થઈ હતી. સાઉથ આફ્રિકામાં રમાયેલા તે વર્લ્ડ કપમાં ભારતને જીત અપાવી હતી. માનવામાં આવી રહ્યું છે કે લિમિટેડ ઓવરોના ક્રિકેટ માટે રણનીતિ તૈયાર કરવામાં તેના અનુભવને જોતા આ ભૂમિકા માટે તેની પસંદગી કરાઈ હોઈ શકે. ધોની જાણે છે કે આઈસીસીની મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટમાં જીત કેવી રીતે મેળવી શકાય છે.

# મુંબઈ ઈન્ડિયન્સ માટે રમશે રાશિદ ખાન, રબાડા અને લિવિંગસ્ટોન

નવી દિલ્હી.તા.૧૩

અફઘાનિસ્તાનનો સ્ટાર લેગ સ્પિનર રાશિદ ખાન, દક્ષિણ આફ્રિકાનો ફાસ્ટ બોલર કગિસો રબાડા અને ઈંગ્લેન્ડનો વિસ્ફોટક બેટર લિયામ લિવંગસ્ટોન મુંબઈ ઈન્ડિયન્સ ટીમ સાથે જોડાયા છે. આકાશ અંબાણીએ કહ્યું, 'અમે મુંબઈ ઈન્ડિયન્સની જેમ મજબૂત અને કોર ટીમ બનાવવા પરત ડગલું માંડી દીધુ છે. મને રાશિદ ખાન, કગિસો રબાડા અને લિયામ લિવિંગસ્ટોનનું સ્વાગત કરવામાં ખુશી થઈ રહી છે. ક્યાંક તમે વિચારી રહ્યા તો નથી કે, આઈપીએલમાં આ દિગ્ગજ ખેલાડી મુંબઈ ઈન્ડિયન્સ માટે રમતા જોવા મળશે. જો તમે આ વિચારી રહ્યાં હોવ તો તમે ખોટા છો. હકીકતમાં આ ખેલાડી દક્ષિણ આફ્રિકા ટી૨૦ લીગમાં મુંબઈ ઈન્ડિયન્સની ટીમ એમઆઈ કેપટાઉનમાં રમશે. રાશિદ, લિવિંગસ્ટોન અને રબાડા ક્રિકેટ દક્ષિણ આફ્રિકાની ટી૨૦ લીગની પ્રથમ સીઝનમાં મુંબઈ કેપટાઉન માટે રમશે. આઈપીએલમાં મુંબઈ માટે રમનાર ડેવાલ્ડ બ્રેવિસ અને ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર ખેલાડી સેમ કરનને પણ આ ટીમે સીધા ખરીદ્યા છે. રાશિદ આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ તો રબાડા અને લિવિંગસ્ટોન પંજાબ માટે અને સેમ કરન ચેન્નઈ માટે રમતો હતો.



# રોયલ લંડન વનડે કપમાં પુજારાનું પ્રદર્શન ધમાકેદાર જોવા મળ્યુ

નવી દિલ્હી,તા.૧૩

ચેતેશ્વર પૂજારાને ટેસ્ટ ક્રિકેટર તરીકે જાણીતો છે. પરંતુ રોયલ લંડન વનડે કપમાં તેનું પ્રદર્શન ધમાકેદાર રહ્યું છે.

### રોયલ લંડન વન-ડે કપમાં પૂજારાની સદીઃ પંડ્યાની ટીમ સામે એક ઓવરમાં ૨૨ રન બનાવ્યા

વાર્વિકશાયર ટીમ સામે રમાયેલી મેચમાં સસેકસ ટીમના કેપ્ટન પુજારાએ ૧૩૫ની સ્ટ્રાઈક રેટથી ૧૦૭ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે એક ઓવરમાં ૨૨ રન પણ કર્યા હતા. જો કે, આ મેચને પૂજારાની ટીમ જીતી ન શકી. પ્રથમ બેટિંગ કરતા વાર્વિકશાયરની ટીમે ૬ વિકેટના નુકસાને ૩૧૦ રન બનાવ્યા હતા. જવાબમાં સસેકસની ટીમે ૭ વિકેટના નુકસાને ૩૦૬ રન બનાવી શકી હતી. આમ, વાર્વિકશાયરે આ મેચ ૪ રને જીતી હતી.

સસેકસની ઈનિંગમાં ૪૫મી ઓવરમાં ઝડપી બોલર લિયામ નોર્વેલલ ફેંકી રહ્યો હતો. આ ઓવરમાં પૂજારાએ ૨૨ રન બનાવ્યા હતા. પૂજારાએ પ્રથમ બોલ પર ચોગ્ગો ફટકાર્યો. બીજા બોલ પર ૨ રન કર્યા. ત્રીજા બોલ પર ફરી ચોગ્ગો ફટકાર્યો. ચોથા બોલે ૨ રન બનાવ્યા અને ૫મા બોલે છગ્ગો ફટકાર્યો હતો. છેલ્લા બોલે ચોગ્ગો ફટકાર્યો હતો. જો કે, મિડલ ઓર્ડરે સારું પ્રદર્શન ન કરતાં માત્ર ૪ રને ટીમ હારી ગઈ હતી.

# સિલેકટર્સનો નિર્ણય સાચો: શિખર માત્ર પોતાના રમત પર ધ્યાન આપે છે:મનિંદરસિંહ

નવી દિલ્હી,તા.૧૩

ભારતીય ક્રિકેટ ટીમે ઝિંબાબ્વે સામે ૧૮ ઓગસ્ટે વનડે સિરિઝ શરૂ થવા જઈ રહી છે. આ સિરિઝ પહેલા શિખર ધવનને કેપ્ટન તરીકે સિલેકટ કરવામાં આવ્યો હતો. પરંતુ હવે કેએલ રાહુલને ટીમનો કેપ્ટન બનાવી દીધો છે. રાહુલ આ સિરિઝનો ભાગ જ નહોતો. તે પૂરી રીતે ફિટ થયો ના હોવાથી તેને ટીમમાં સ્થાન મળ્યું નહોતું.

### ધવનને કેપ્ટન તરીકે હટાવાથી તેને કોઈ જ ફર્ક પડશે નહીં

જો કે, ગુરુવારે તેને ફિટ જાહેર કરી દીધો હતો. અને તેને ટીમનો કેપ્ટન બનાવી દીધો હતો. તો શિખરને ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો.

ધવનાને વાઈસ કેપ્ટન બનાવવા પર ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર મનિંદર સિંહે મીડિયા સાથે વાતચીત કરી હતી. તેઓ સોની ટીવીના કમેન્ટ્રી પેનલનો ભાગ પણ છે. મનિંદર હિંહે ધવને લઈને કહ્યું હતું કે, 'જુઓ ભારતીય ટીમના સિલેકટર્સ બધા નિર્ણયો લે છે. તેને લઈને કોઈના મનમાં સવાલ ઉભો થવો ના જોઈએ. જ્યાં સુધી હું શિખરને જાણું છું ત્યાં સુધી તેને આ બાબતની કોઈ જ અશર નહિ થાય. તેણે હાલમાં જ એક નિવેદન આપ્યું હતું કે, તે પોતાની બેટિંગ પર ધ્યાન આપવા માંગે છે.



મનિંદર સિંહે આગળ કહ્યું હતું કે, 'ગબ્બર એક મસ્ત ખેલાડી છે. તેને કેપ્ટન બનાવે કે ના બનાવે, તેનાથી તેને કોઈ જ ફરક પડતો નથી. તે માત્ર કેવી રીતે બેટથી રન બનાવવા તેના પર તે ફોકસ કરે છે.

શિખર ધવનની કેપ્ટન્સી હેઠળ ભારતે હાલમાં જ વેસ્ટઈન્ડિઝ સામેની ૨ મેચની વનડે સિરિઝને ક્લિનસ્વિપ કરી હતી. તો શ્રીલંકા સામે પણ વનડે સિરિઝ ૨-૧થી જીતી હતી. જો કે, ભારત ટી૨૦ સિરિઝ ૧-૨થી હારી ગઈ હતી. ત્યારે રાહુલે અત્યાર સુધીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૪ મેચમાં કેપ્ટન્સી કરી છે. જેમાં બધામાં ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. તેણે ૧ ટેસ્ટ અને ૩ વનડે મેચમાં કેપ્ટન્સી કરી હતી.

### શહેરના આંબાવાડી ખાતેની ઓફિસમાં દરોડોઃ ત્રિપૂટી પકડાઇ

# નકલી માર્કશીટને અસલી બનાવી વિદેશ મોકલવાનું કૌભાંડ

અમદાવાદ,તા.૧૩

શહેરના આંબાવાડી વિસ્તારમાં આવેલી ઓફિસમાં પોલીસે નકલી માર્કશીટને અસલી બનાવી યુકે મોકલવાના કૌભાંડનો પર્દાફાશ કરી ત્રિપુટીને ઝડપી પાડી હતી. તેમજ રૂા. ૨૩,૭૫,૦૦૦ સહિત કુલ રૂા. ૨૪,૬૪,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તેમજ તેઓના રિમાન્ડ મેળવી ઝીંણવટભરી પૂછપરછ શરૂ કરી હતી. જાણવા મળતી માહિતી અનુસાર શહેરના આંબાવાડી વિસ્તારના ગ્રાન્ડમોલ ખાતે આવેલી યુનિવર્લ્ડ નામની ઓફિસમાં બાતમીના આધારે એલીસબ્રિજ પીઆઇ એસજે રાજપૂત, પીએસઆઇ ડીડી પટેલ અને સ્ટાફે છાપો માર્યો હતો ત્યાંથી ઓફિસના સંચાલક મનીષભાઇ એસ. ઝવેરી, નિરવ વખારીયા અને જીતેન્દ્ર ઠાકોરને ઝડપી પાડ્યા હતા.

## રૂા. ૨૩,૭૫,૦૦૦, ૩૫ જેટલી નકલી માર્કશીટ, પૈસા ગણવાનું મશીન સહિત કુલ રૂા. ૨૪.૬૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

તેઓને પકડીને પોલીસે નકલી માર્કશીટને અસલી બનાવી યુકેમાં એડમિશન અપાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

આ ત્રિપુટી ધો. ૧૨ની માર્કશીટમાં ચેડાં કરી બોગસ માર્કશીટ બનાવી એડમીશન અપાવવાનું કૌભાંડ કરતી હતી. વિદેશ જવા ઇચ્છતી વ્યક્તિઓની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડની અસલ માર્કશીટ લઇ તેઓ તેમાંથી ગુજરાત બોર્ડનો અસલ લોકો અને સિક્કો કાઢી લઇ માર્કમાં સુધારા કરતા હતા અને તૈયાર થયેલી નકલી માર્કશીટ ઉપર લોગો- સિક્કો લગાવી દેતા હતા આમ વિદેશ જવા ઇચ્છતી વ્યક્તિઓને વિઝા અપાવવા માટે આ કૌભાંડ ચાલતું હોવાનું જાણવા મળ્યું હતું.

### પોલીસે રિમાન્ડ મેળવી શરૂ કરી પૂછપરછ

મનીષ ઝવેરી અને તેના સાગરિતોએ યુકે જવા માટે ઇચ્છતી વ્યક્તિઓની ધો.૧૨માં જરૂરી માર્ક ના હોય તો તેમની માર્કશીમાં ચેડાં કરવાનો 'વ્યવસાય' શરૂ કર્યો હતો. જે વ્યક્તિ ઓછા માર્ક આવ્યા હોય અને તે વિદેશના વિઝા માટે લાયકાત ધરાવતો હોય તેની માર્કશીટમાં ચેડાં કરી માર્ક વધારી બાજુની ઝેરોકસની દુકાનમાં કલર ઝેરોક્ષ કઢાવી યુકેની એમ્બેસી કોલેજ કે યુનિવર્સિટી મોકલતા હતા તેના આધારે તેઓને એડમિશન લેટર મળી જતા હતા. એલીસબ્રિજ પીઆઇ એસજે રાજપૂતે જણાવ્યું હતું કે, આ ત્રણેયના રિમાન્ડ મેળવી પૂછપરછ શરૂ કરી હતી તેઓએ હાલ સુધીમાં રાજ્યભરમાંથી ૬-૭ વ્યક્તિને લાખો રૂપિયા લઇ વિદેશ મોકલ્યા હોવાનું જણાવી રહ્યા છે.

પોલીસે તેની ઓફિલમાંથી રૂા. ૨૩,૭૫,૦૦૦, ૩૫ જેટલી નકલી માર્કશીટ, બે કોમ્પુટર, પૈસા ગણવાનું મશીન, ૩ મોબાઇલ ફોન મળી કુલ રૂા. ૨૪,૬૪,૦૦૦ જેટલો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પોલીસે આ ઓફિસના કર્મીઓની પણ પૂછપરછ હોવાનું જાણવા મળ્યું હતું.



આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત શનિવારે ગાંધીનગરના રાયસણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાએ ૧૦૦ વર્ષની જૈફવયે પણ પોતાના નિવાસસ્થાને મધ્યમ વર્ગીય અને સામાન્ય પરિવારોના બાળકોને તિરંગાનું વિતરણ કર્યું હતું. તેમજ તેમની સાથે તેમણે પોતે પણ તિરંગો લહેરાવીને રાષ્ટ્રભાવના વ્યકત કરી હતી.

# ડ્રોન ટેકનોલોજીનો મહત્તમ લાભ ખેડૂત-છેવાડાના માનવીને મળે તે સરકારની પ્રાથમિકતાઃ મુખ્યમંત્રી

ગાંધીનગર તા.૧૩

ડ્રોન ટેકનોલોજીનો મહત્તમ લાભ ખેડૂતો તેમજ છેવાડાના સામાન્ય માનવીને મળી રહે તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. તેમ જીએનએલયુ ગાંધીનગર ખાતે સ્કૂલ ઓફ ડ્રોનનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું. મુખ્યમંત્રીના હસ્તે જીએનએલયુ ગાંધીનગર ખાતે આજે કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સિટી અંતર્ગત સ્કૂલ ઓફ ડ્રોનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ શુભારંભ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી બ્રિજેશ મેરજા સહભાગી થયા હતા.

## સામાન્ય માનવી ડ્રોનનો ઉપયોગ કરી શકાય તેવા હેતુથી વડાપ્રધાન દ્વારા ડ્રોનના નિયમોમાં સુધારા કરાયા

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના સતત માર્ગદર્શન થકી ગુજરાત કૃષિ શિક્ષણ, આરોગ્ય સુરક્ષા,ઉદ્યોગ સહિત તમામ ક્ષેત્રે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે.ગુજરાત સરકારની પ્રજા કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ છેવાડાના માનવી લાભાર્થી સુધી પહોંચાડવા ડ્રોન ટેકનોલોજી સાચા અર્થમાં આશિર્વાદ રૂપ સાબિત થશે.

તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ભારતમાં ખેડૂતો સામાન્ય માનવી અને યુવાનો પણ ડ્રોનનો વિવિધ ક્ષેત્રે હકારાત્મક ઉપયોગ કરી શકે તેવા ઉમદા હેતુથી રાષ્ટ્રીય સ્તરે ડ્રોનની નિતિમાં નોંધપાત્ર સુધારા વધારા ફેરફાર કર્યા છે. જેના પરિણામ સ્વરુપે આજે ગુજરાતમાં સ્કૂલ ઓફ ડ્રોનનો શુભારંભ કરવામાં આવ્યો છે.સમગ્ર દેશમાં ડ્રોન ટેકનોલોજીમાં ઇન્ફાસ્ટ્રકચર,

### સ્ટાર્ટઅપ ક્ષેત્રે છેલ્લા ૩ વર્ષથી દેશભરમાં ગુજરાત અગ્રેસર

પાઇલટ, મેઇન્ટેનન્સ અને ઉત્પાદન ક્ષેત્રે માન્ય ડ્રોન તાલીમ માટેની રાજ્ય કક્ષાની પ્રથમ યુનિવર્સીટી છે તેમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતમાં ડ્રોન ટેક્નોલોજીના વિકાસ માટે આર્થિક સહાય પણ ચૂકવવામાં આવે છે તેમ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે સ્ટાર્ટઅપ ક્ષેત્રે છેલ્લા ત્રણ વર્ષથી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે વડાપ્રધાન હર ઘર તિરંગા અભિયાનને વધુમાં વધુ સફળ બનાવવા ગુજરાતના એક કરોડ ઘરો સુધી તિરંગો રાષ્ટ્રધ્વજ પહોંચાડવામાં આવ્યો છે.આ પ્રસંગે ડાયરેકટર જનરલ ઓફ સિવિલ એવિએશન- ડીજીસીએ માન્ય ડ્રોન તાલીમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને મુખ્યમંત્રીના હસ્તે ડ્રોન પાઇલટ લાયસન્સ એનાયત કરવામાં આવ્યા હતા.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ડ્રોન ટેકનોલોજીથી આરોગ્ય, જળ સંપત્તિ, કૃષિ અને સંરક્ષણ ક્ષેત્રે વિકાસનું નવું સોપાન રચાશે.આજે ઉભરતી ડ્રોન ટેકનોલોજીના ક્ષેત્રે વિકાસની વિપુલ તકો રહેલી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ભારતનો યુવાન વૈશ્વિક સ્તરે પ્રગતિ કરે તે હેતુથી વિવિધ વિષયો સબંધિત યુનિવર્સિટીઓનની સ્થાપના કરી હતી. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્ય મંત્રી બ્રિજેશ મેરજાએ કહ્યું કે, ડ્રોન ટેક્નોલોજી ક્ષેત્રે રહેલી વિપુલ તકોને ઝડપવા રાજ્ય સરકાર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે.ડ્રોન ટેકનોલોજી એક વિકસિત થઇ રહેલું ક્ષેત્ર છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૫૬૫ કેસઃત્રણ દર્દીઓના મોત નિપજ્યા

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં આજે કોરોના વાયરસના નવા ૫૬૫ કેસ નોંધાયા હતા. કોરોનાથી રાજકોટ શહેર, મહેસાણા અને ભાવનગર શહેરમાં ૧-૧ મળી કુલ ૩ દર્દીઓના મોત નીપજ્યા હતા.

આ સાથે રાજ્યનો કુલ મૃત્યુ આંક ૧૦,૯૯૦ ઉપર પહોંચ્યો છે. હાલમાં ૧૮ દર્દીઓ વેન્ટીલેટર ઉપર છે. જ્યારે ૪૧૮૭ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં ૮૯૧ દર્દીઓને ડીસ્ચાર્જ કરાયા હતા.


અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં સૌથી વધુ ૧૯૧ અને જિલ્લા વિસ્તારમાં ૩ મળી કુલ ૧૯૪ અને જિલ્લા વિસ્તારમાં ૩

### અમદાવાદમાં સૌથી વધુ ૧૯૪ કેસ નોંધાયા

મળી કુલ ૧૯૪ કેસ નોંધાયા હતા. અન્ય કોર્પોરેશન વિસ્તારમાં નોંધાયેલા આંકડા મુજબ રાજકોટમાં ૫૮, વડોદરામાં ૪૦, સુરતમાં ૨૯, ગાંધીનગરમાં ૮, જામનગરમાં ૭ અને ભાવનગરમાં ૪ કેસ નોંધાયા હતા.

જિલ્લા વિસ્તારમાં નોંધાયેલા આંકડા મુજબ ગાંધીનગરમાં ૨૭, કચ્છમાં ૨૫, વલસાડમાં ૨૨, સુરતમાં ૧૮, રાજકોટમાં ૧૫, પાટણ, વડોદરામાં ૧૪-૧૪, મહેસાણામાં ૧૩, નવસારીમાં ૧૨, બનાસકાંઠામાં ૧૧ કેસ નોંધાયા હતા. જ્યારે મોરબીમાં ૮, આણંદ, ભરૂચમાં ૬-૬, પોરબંદર, સાબરકાંઠામાં ૫-૫, દ્વારકા અને ગીર સોમનાથમાં ૪-૪ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત અમરેલી, જામનગર, પંચમહાલમાં ૩-૩, અરવલ્લી, તાપીમાં ૨-૨, ડાંગ, જુનાગઢ અને સુરેન્દ્રનગરમાં ૧-૧ કેસ નોંધાયો હતો.

રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૨,૪૯,૬૫૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આ સાથે કોવિડથી સાથી થવાનો દર ૯૮.૮૦ ટકા જેટલો છે. રાજ્યમાં આજે કુલ ૨,૮૯,૫૪૬ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી હતી.



### પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજે સમાજ અને રાષ્ટ્ર માટે ઘણું કર્યું છે

# આપણે તેમના ચિંધેલા માર્ગ પર અને એમની રૂચી મુજબ જીવી રાજીપો લઈએઃપૂ.મહંત સ્વામી

અમદાવાદ,તા.૧૩

વિશ્વવંદનીય સંતવિભૂતિ અને બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) સૂત્રધાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના ધામગમનને આજે ૧૩ ઓગસ્ટના રોજ ૬ વર્ષ પૂર્ણ થયા હતા. તેઓની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ અમદાવાદ મંદિરે સાંજે 'મહંતસ્વામી રૂપે આજ મારો હાથ ઝાલ્યો છે.' થીમ અંતર્ગત પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિસભાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના ભક્તો-ભાવિકો સહિત જીવંત પ્રસારણ દ્વારા લાખો ભક્તોએ સ્મૃતિ કરી હતી.

## અમદાવાદ ખાતે પૂ.પ્રમુખ સ્વામી મહારાજની છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ સ્મૃતિ સભા યોજાઈ

આ પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજના અદ્વિતીય ગુણોને નિરૂપતા પ્રવચનોની હારમાળા વિદ્વાન અને વરિષ્ઠ સંતોના મુખે રજૂ થઈ હતી.

ઉપસ્થિત વરિષ્ઠ સંતોએ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના જ પ્રગટ સ્વરૂપ એવા પ.પૂ. મહંતસ્વામી મહારાજને પુષ્પમાળા અર્પણ કરી વધાવ્યા હતા. આજના દિવસે પ.પૂ. મહંતસ્વામીના હસ્તે સંસ્થાના સંગીતજ્ઞ સંતોના કંઠે ગવાયેલ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સ્મૃતિ ભજનો 'પ્રણમુ પ્રમુખસ્વામી પ્યારા' ધ્વનિ મુદ્રણ પ્રકાશનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તેમણે કરેલી દેશસેવા અને સમાજ સેવાનું સ્મરણ કર્યું હતું.

સ્મૃત સભામાં પ.પૂ. મહંતસ્વામી મહારાજે આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે, પ્રમુખસ્વામી મહારાજને જન્મથી જ એવી ભાવના હતી કે, બીજાના સુખમાં આપણું સુખ અને બીજાના ભલામાં આપણું ભલું. એમણે એમનું સમગ્ર જીવન આજ ભાવનાથી જીવી બધાને ભગવાનમાં જોડી સુખી કરી દીધા. તેઓએ સમાજ અને રાષ્ટ્ર માટે ઘણું કર્યું છે. હવે આપણો વારો છે કે એમણે ચિંધેલા માર્ગ પર અને એમની રૂચી મુજબ જીવી રાજીપો લઈએ. ત્યારબાદ સૌએ ગુરહરિ મહંતસ્વામી મહારાજને પુષ્પાંજલીથી વધાવ્યા હતા અને આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો. અંતમાં સૌ હરિભક્તોએ ડિસેમ્બરમાં ઉજવાનાર પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવનો જયઘોષ કરીને સભાની પૂર્ણાહુતિ કરી હતી.

### ઉસ્માનપુરામાં દાઝી જતાં વૃધ્ધાનું મોત

અમદાવાદ,તા.૧૩

શહેરના ઉસ્માનપુરા ગામમાં આવેલી અલ્કાપુરી સોસાયટીમાં રહેતા ૬૭ વર્ષના રિટાબેન શાહ બપોરના ૩-૧૫ સુમારે તેઓના ઘેર સેવા પુજા કરતાં હતા ત્યારે પ્રગટાવતી દીવાની ઝાળ તેઓના પહેરેલ કપડાને અડકી જતાં તેઓ દાઝી ગયા હતા.

તેમનું સારવાર દરમિયાન પાલડીની ખાનગી હોસ્પીટલમાં ગઇકાલે મોત નિપજતાં તે બાબતે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# દક્ષિણ ગુજરાત સહિત રાજ્યમાં છૂટાછવાયા સ્થળે હળવો વરસાદ

અમદાવાદ,તા.૧૩

રાજ્યમાં આજે છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ નોંધાયો હતો. બીજી તરફ હવામાન વિભાગે રાજ્યમાં આગામી પાંચ દિવસ સામાન્ય વરસાદની આગાહી કરી છે. આગામી તા.૧૫ અને ૧૬ ઓગસ્ટના રોજ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડી શકે છે. આ ઉપરાંત બનાસકાંઠા અને સાબરકાંઠામાં પણ ભારે વરસાદની આગાહી કરાઇ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્ય વરસાદ વરસી શકે છે.

### અમદાવાદના અનેક વિસ્તારોમાં પવન સાથે વરસાદ

અમદાવાદ શહેરમાં આજે ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શહેરના પશ્ચિમ વિસ્તાર વસ્ત્રાપુર, બોડકદેવ, બોપલ અને સેટેલાઇટ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૧૫ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતના ઉમરપાડા, હાંસોટ અને કુકરમુડામાં ૧-૧ ઈંચ વરસાદ નોંધાયો હતો.

જ્યારે ચોર્યાસી, માંડવી, નીઝર, સોનગઢ, સાંગબારા, ડેડિયાવાડા, તિલકવાડા, કવાંટમાં અર્ધો ઈંચ આકાશી પાણી પડ્યું હતું. આ ઉપરાંત ખેડાના વસો, માતર, નડીયાદ તથા મોરવીમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.




પવિત્ર શ્રાવણ વદ બીજના દિવસે ભગવાન સોમનાથ મહાદેવને લીલોતરી શ્રુંગાર દર્શન કરવામાં આવેલ તે તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ મીલન ઠકરાર- વેરાવળ)

### શહેરના આશ્રમરોડના જલદર્શન ફ્લેટની ઘટના

# વૃધ્ધાએ છઠ્ઠા માળની ગેલેરીમાંથી પડતું મુકયું

અમદાવાદ તા.૧૩

શહેરના આશ્રમરોડ અને દરિયાપુરમાં આપઘાતના બે બનાવ બન્યા હતા.જાણવા મળતી માહિતી અનુસાર શહેરના આશ્રમરોડ ઉપરના જલદર્શન ફ્લેટના છઠ્ઠા માળે રહેતા ૮૪ વર્ષના સુગનકુમારી રાઠોડે સવારના ૫-૪૫ વાગ્યાના સુમારે તેઓના છઠ્ઠા માળાના મકાનની ગેલેરીમાંથી પડતું મુકી આપઘાત કરતા નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. જ્યારે દરિયાપુર દરવાજા પાસેની રૂપાપરીની પોળમાં રહેતા ૩૫ વર્ષના રાજનારાયણ શર્માએ તેઓના ઘેર ગળાફાંસો ખાઇ આપઘાત કરતા દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત હર ઘર તિરંગા અભિયાનમાં જોડાઈને ગાંધીનગરમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે ૧૦૦ ફૂટના ધ્વજ દંડ ઉપર ૩૦x૨૦નો વિશાળ તિરંગો લહેરાવ્યો હતો આઝાદીના પ્રતિકરૂપે રંગબેરંગી ફુગ્ગા ઉડાડીને મહોત્સવની ઉજવણી કરી હતી.

# દારૂનો જંગી જથ્થો ઝડપાયો

અમદાવાદ,તા.૧૩

સુરત જિલ્લાના કડોદરા-બારડોલી રોડ ઉપરથી પોલીસે દારૂનો જંગી જથ્થો કબજે કર્યો હતો. તેમજ સુરતના પર્વત પાટિયા ખાતે જુગાર અંગે દરોડો પાડી રૂા.૩,૪૧,૭૩૦ના મુદ્દામાલ સાથે ૨૧ને પકડ્યા હતા.

જાણવા મળતી માહિતી અનુસાર સુરત જિલ્લાના પલસાણા તાલુકાના કડોદરા-બારડોલી રોડ ઉપરની હોટલના પાર્કિંગમાં સ્ટેટ ઝોનીટરીંગ સેલના ડીએસપી કામરિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બારોટે છાપો માર્યો હતો.

તેમજ ભારતિય બનાવટની વિદેશી દારૂની ૯૩૪૮ બોટલ (કિંમત રૂા.૯,૮૪,૦૦૦) રૂા.૧ હજાર, ગ્લુકોઝની બોટલો



ભરેલા બોકસ, વાહન અને મોબાઇલ ફોન મળી કુલ રૂા.૧૪,૩૯,૮૪૦નો મુદ્દામાલ કબજે કરી ભાવનગરના મુસ્તાક હારૂનભાઇને પકડ્યો હતો તેમજ ૭ને વોન્ટેડ દર્શાવ્યા હતા.

જ્યારે સુરતના પર્વત પાટીયા વિસ્તારમાં પીએસઆઇ

### સુરતના પર્વત પાટિયા વિસ્તારમાં જુગાર અંગે દરોડોઃ૨૧ પકડાયા

ચાવડાએ જુગાર અંગે દરોડો પાડી ૨૧ જણાંને ઝડપી પાડ્યા હતા. તેમજ રૂા.૮૯.૨૩૦, ૧૮ મોબાઇલ ફોન, ૭ વાહનો મળી કુલ રૂા.૩,૪૧,૭૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

JAIHIND - AHMEDABAD, REGD. No. GAMC-127/2021-2023, Valid upto 31-12-2023. R.N.I. Regn. No. 6301/62 • Daily Posted at Ahmedabad RMS